RNI NO GUJ/GUJ/2006/24237

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા — ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૮૨ મહા સુદ -૨ — મંગળવાર, તા.૨૦-૦૧-૨૦૨૬ — અંક : ૧૬૯ વર્ષ : ૨૧ — email :rajkot@aaspassindia.com — કિંમત રૂ. ૨-૫૦ — પાના - ૮

# ભારત અને યુએઈ વચ્ચે સંરક્ષણ સહિતના ક્ષેત્ર અંગે કરાર

## યુએઈ ગુજરાતમાં ધોલેરા પ્રોજેક્ટમાં પણ રોકાણ કરશે : બંને દેશ વચ્ચે મહત્વના ક્ષેત્રો ઉપર થયા કરાર

નવી દિલ્હી

સંયુક્ત અરબ અમીરાતના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન ઝાયદ અલ નાહયાન અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે દિલ્હીમાં અનેક મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી. દ્વિપક્ષીય વાટાઘાટો દરમિયાન બંને દેશોના નેતાઓ વચ્ચે વ્યૂહાત્મક સંરક્ષણ ભાગીદારી, અવકાશ માળખાગત સુવિધાઓ અને ઉર્જા સુરક્ષા જેવા મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં સહયોગ માટે ઘણા મહત્વપૂર્ણ દસ્તાવેજો અને કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યાં છે.

વિદેશ સચિવ વિક્રમ મિસ્ત્રીએ ભારત અને યુએઈ શિખર સંમેલનને આગામી સમય માટે ખૂબ ખાસ અને મહત્વપૂર્ણ ગણાવ્યું છે. આ સાથે વ્યૂહાત્મક સંરક્ષણ ભાગીદારી માટે ફ્રેમવર્ક કરાર પર કામ કરવા માટે લેટર ઓફ ઈન્ટેન્ટ પર હસ્તાક્ષર કરવામાં આવ્યાં છે. આમ તો યુએઈ ભારતને મોટા પ્રમાણમાં એલએનજીનું સુપ્લાયર રહ્યું છે. પરંતુ હવે યુએઈ હવે દર વર્ષે ભારતને ૦.૫ મિલિયન મેટ્રિક ટન એલએનજી સપ્લાય કરશે, જેના કારણે ભારતને મોટા ફાયદો થવાનો છે.

આ સાથે યુએઈ ગુજકાતમાં ધોલેરા પ્રોજેક્ટ પર પણ રોકાણ કરશે તેવું આ જાણવા મળ્યું છે. બંને દેશોએ સરહદ પારના આતંકવાદ પર પણ ચર્ચા કરી અને આગળ આકરા પગલા લેવા માટે નિર્ણય કર્યો છે. અવકાશ ક્ષેત્રમાં માળખાગત સુવિધાઓ વિકસાવવામાં આવશે તે માટે સંયુક્ત પહેલ કરવામાં આવશે. ભારત અને યુએઈએ નાગરિક પરમાણુ ઉર્જા ક્ષેત્રમાં ભાગીદારી શોધવાનું પણ નક્કી કર્યું છે. સૌથી મહત્વની વાત એ છે કે, પ્રતિનિધિમંડળમાં અબુ ધાબી અને દુબઈના શાહી પરિવારોના સભ્યો તેમજ યુએઈના સંરક્ષણ પ્રધાન શેખ હમદાન પણ હાજર રહ્યાં હતાં.

ખાદ્ય સુરક્ષાના ક્ષેત્રોમાં પણ એમઓયૂ કરવામાં આવ્યાં છે, જેના કારણે ભારતના ખેડૂતોને ઘણો ફાયદો થશે અને ખાદ્ય સુરક્ષા વધારે મજબૂત થવાની છે. આ સાથે છઈ એ ભારતમાં ડેટા સેન્ટર ક્ષમતા અને સુપરકોમ્પ્યુટિંગ ક્લસ્ટર ક્ષેત્રમાં પણ રોકાણ કરશે. જેના કારણે એઆઈમાં પણ સારો એવો સહયોગ મળી રહેશે.

બંને દેશોના નેતાઓ વચ્ચે થયેલા સમજૂતી કરવામાં આ અન્ય પણ ઘણાં ક્ષેત્રોમાં રોકાણની આશા જોવા મળી છે. ભારતમાંથી અનેક લોકો છઈ માં રહેવા માટે જાય છે. જેથી છઈ માં રહેતા ભારતીયો માટે અબૂ ધાબીમાં હાઉસ ઓફ ઈન્ડિયા સ્થાપિત કરવાની જાહેતા કરી છે. આ હાઉસ ઓફ ઈન્ડિયામાં બંને દેશોના સહિયારા વારસાને પ્રદર્શિત કરવામાં આવશે. આ સાથે પશ્ચિમ એશિયામાં શાંતિ, સુરક્ષા અને સમુદ્ધિ માટે સાથે કામ કરવામાં આવશે. એટલું જ નહી પરંતુ પશ્ચિમ એશિયા અને આફ્રિકામાં પણ નિકાસને વધારવા માટે કામ કરવામાં આવશે.

આ સંક્ષિપ્ત મુલાકાત દરમિયાન યુએઈના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન ઝાયદ અલ નાહયાન માત્ર ૧.૪૫ કલાક માટે જ ભારત આવ્યાં હતાં, પરંતુ આ બેઠક ૩ કલાક સુધી ચાલી હતી. જોકે તેમ છતાં પણ આ વિશ્વની સૌથી નાની વિદેશ યાત્રા કહેવાશે. આટલા ટૂંકા સમય માટે મોટા દેશના રાષ્ટ્રાધ્યક્ષનું આગમન આશ્ચર્યજનક હતું પરંતુ આ દરમિયાન અનેક મુદ્દાઓ પર બંને દેશોએ સમજૂતી કરાર કર્યાં છે.



ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ તરીકે સત્તાવાર કાર્યભાર સંભળાતા પહેલા નીતિન નવીને દિલ્હીના પ્રસિદ્ધ ગુરુદ્વારામાં શીશ ઝુકાવ્યું હતું.ભાજપ કાર્યાલય ખાતે પણ કાર્યકરોએ જશ્ન મનાવ્યો હતો.

# અપમાનજનક ભાષાનો ઉપયોગ કરવાથી SC/ST એક્ટ હેઠળ ગુનો બનતો નથી

### સુપ્રીમ કોર્ટનું અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ અત્યાચાર નિવારણ અધિનિયમ સંદર્ભમાં એક સીમાચિહ્નરૂપ અવલોકન

નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST) અત્યાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૯ના સંદર્ભમાં એક સીમાચિહ્નરૂપ અવલોકન કર્યું છે. અદાલતે સ્પષ્ટ કર્યું છે કે માત્ર અપમાનજનક શબ્દોનો ઉપયોગ કરવો એ આ કાયદા હેઠળ ગુનો બનતો નથી, સિવાય કે તે શબ્દો પાછળ વ્યક્તિને તેની જાતિના આધારે અપમાનિત કરવાનો સ્પષ્ટ ઈરાદો હોય.

જસ્ટિસ જે.બી. પારડીવાલા અને જસ્ટિસ આલોક આરાધેની બેન્ચે પટણા હાઈકોર્ટના આદેશને પડકારતી કેશવ કુમાર મહતોની અરજી પર સુનાવણી હાથ ધરી હતી. કોર્ટે અપીલકર્તા વિરુદ્ધ ચાલી રહેલી ફોજદારી કાર્યવાહીને રદ કરતા જણાવ્યું હતું કે, 'કલમ ૩(૧)(આર) હેઠળ ગુનો ત્યારે જ બને છે જ્યારે અપમાન કે ધાકધમકી પાછળનો હેતુ પીડિત વ્યક્તિ 'દલિત અથવા આદિવાસી' સમુદાયનો સભ્ય છે તે હોવો જોઈએ. આ કેસની ફ્રીંઈ કે ચાર્જશીટમાં જાતિ આધારિત અપમાન થયું હોવાના કોઈ નક્કર પુરાવા મળ્યા નથી.

'અપીલકર્તા કેશવ કુમાર મહતો સામે પટણા હાઈકોર્ટમાં એક આંગણવાડી કેન્દ્રમાં જાતિ આધારિત ગાળાગાળી અને હુમલો કરવા બદલ ફ્રીંઈ નોંધાઈ હતી. હાઈકોર્ટે ટ્રાયલ કોર્ટની કાર્યવાહીમાં દખલ કરવાનો ઈનકાર કર્યો હતો, જેને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો હતો. સર્વોચ્ચ અદાલતે અવલોકન કર્યું કે માત્ર ફરિયાદી SC/ST સમુદાયનો સભ્ય છે એટલા માત્રથી દરેક વિવાદ આ એક્ટ હેઠળ આવરી શકાય નહી.સુપ્રીમ કોર્ટની બેન્ચે ઉમેર્યું કે, 'જો કોઈ સામાન્ય વિવાદમાં અપમાનજનક ભાષા વપરાય છે, જેમાં જાતિગત વૈમનસ્ય કે અપમાનનો હેતુ નથી, તો તેને SC/ST એક્ટ હેઠળ અત્યાચાર ગણી શકાય નહીં.' આ ચુકાદાને કારણે હવે આ કાયદાના દુરુપયોગ પર લગામ લાગશે અને સાચા ઈરાદા સાથેના કેસોમાં જ કાયદાકીય કાર્યવાહી થશે તેમ માનવામાં આવે છે.

# ઈરાન હુમલો કરશે તો ઈઝરાયેલની વળતો હુમલો કરવા ચેતવણી

તેલ અવિવ

મધ્ય પૂર્વમાં જીયોપોલિટીકલ તણાવ સતત વધી રહ્યો છે, યુએસ ઈરાન પર લશ્કરી કાર્યવાહીની તૈયારી કરી રહ્યું છે. એવામાં ઈઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ પણ ઈરાનને ચેતવણી આપી છે. તેમણે કહ્યું કે જો ઈરાન ઈઝરાયલ પર હુમલો કરશે તો ઈઝરાયલ અગાઉ ક્યારેય ન થયો હોય એટલી તાકાત સાથે હુમલો કરશે.

ઈઝરાયલની સંસદ નેસેટને સંબોધતા નેતન્યાહૂએ કહ્યું કે ઈઝરાયલ સરકાર ઈરાન પર નજર રાખી રહી છે, ઈરાનમાં વિરોધ પ્રદર્શનો બાદ અશાંતિ ફેલાયેલી છે, પ્રદર્શનકારીઓ સામે હિંસક કાર્યવાહી કરવામાં આવી રહી છે. ઈરાનનું ભવિષ્ય શું હશે તેની આગાહી કોઈ શકે એમ નથી, પરંતુ ઈરાન પહેલાની સ્થિતિમાં કોઈપણ શરતે પરત નહીં ફરી શકે.

આ દરમિયાન નેતન્યાહૂએ કહ્યું "જો ઈરાન આપણા પર હુમલો કરવાની ભૂલ કરશે, તો અમે એવી તાકાતથી કાર્યવાહી કરીશું જેનો ઈરાને હજુ સુધી અનુભવ ન કર્યો હોય."

અહેવાલ મુજબ ખામેની વિરોધી પ્રદર્શનોમાં રવિવાર સુધીમાં ૫,૦૦૦થી વધુ લોકો માર્યા ગયા છે., જેમાં લગભગ ૫૦૦ સુરક્ષા કર્મચારીઓનો સમાવેશ થાય છે.

ઈરાનના સુપ્રીમ લીડર આયાતુલ્લાહ અલી ખામેનીએ કહ્યું કે દેશમાં સરકાર વિરોધી વિરોધ પ્રદર્શનો દરમિયાન હજારો લોકોની હત્યા માટે યુનાઈટેડ સ્ટેટ્સ અને ઈઝરાયલ જવાબદાર છે. ખામેનીએ કહ્યું કે ઈરાન તેની સરહદોની બહાર તણાવ વધારવાનું કામ નહીં કરે, પરંતુ જે લોકો જવાબદાર છે તેમને પરિણામ ભોગવવા પડશે.

નોંધનીય છે કે યુનાઈટેડ સ્ટેટ્સે ઈરાન સામે લશ્કરી કાર્યવાહીની તૈયારીઓ શરુ કરી દીધી છે. યુએસની ન્યુક્લિયર પાવર્ડ યુએસએસ અબ્રાહમ લિંકન કેરિયર સ્ટ્રાઈક ગ્રુપને મધ્ય પૂર્વ તરફ મોકલવામાં આવી રહ્યું છે.




# ઉત્તર પ્રદેશના ઈટામાં ધોળા દિવસે ઘરમાં ઘૂસીને સસરા, પુત્રવધૂ અને પૌત્રીની ક્રૂરતાથી હત્યા

લખનૌ,

ઉત્તર પ્રદેશના ઈટાહ જિલ્લામાં ધોળા દિવસે ટ્રિપલ મર્ડરથી ખળભળાટ મચી ગયો છે. એક મહિલાની હાલત ગંભીર છે. અજાણ્યા હુમલાખોર દ્વારા ટ્રિપલ મર્ડરનો જઘન્ય ગુનો કરવામાં આવ્યો હતો. અજાણ્યા વ્યક્તિ દ્વારા હુમલો કરવામાં આવ્યા બાદ, વૃદ્ધ વ્યક્તિ ગંગા સિંહ નીચેના માળે એક રૂમમાં પડેલા મળી આવ્યા હતા, જ્યારે તેમની સાસુ, પુત્રવધૂ અને પૌત્રી બીજા માળે લોહીથી લથપથ હાલતમાં મળી આવ્યા હતા.

આ ઘટના ઈટાહના કોતવાલી નગર પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના મોહલ્લા નગર પ્રેમીમાં બની હતી. વધુ વિગતો આપતાં પોલીસે જણાવ્યું હતું કે શ્યામા દેવી હજુ પણ શ્વાસ લઈ રહી હતી. પોલીસે તેમને લોહીલુહાણ હાલતમાં મેડિકલ કોલેજમાં દાખલ કર્યા હતા. સસરા ગંગા સિંહ, પુત્રવધૂ રત્ના સિંહ અને પૌત્રી જ્યોતિની હત્યા કરવામાં આવી હતી. શ્યામા દેવીની હાલત ગંભીર છે.

પોલીસે જણાવ્યું હતું કે હજુ સુધી કોઈની ધરપકડ કરવામાં આવી નથી. આ વ્યક્તિગત દુશ્મનાવટનો મામલો હોઈ શકે છે. પોલીસે એમ પણ કહ્યું હતું કે તેઓ જૂની દુશ્મનાવટ અથવા લૂંટની શક્યતાની તપાસ કરી રહ્યા છે.

# સુપ્રીમ કોર્ટે રાજસ્થાન હાઈવે પરથી દારૂની દુકાનો હટાવવા પર રોક લગાવી

નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે રાજસ્થાનમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં આવેલી હાઈવે પરથી ૧,૧૦૨ દારૂની દુકાનોને ખસેડવા પર સ્ટે આપ્યો છે. સુપ્રીમ કોર્ટે રાજસ્થાન હાઈકોર્ટના ૨૪ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ રાષ્ટ્રીય અને રાજ્ય ધોરીમાર્ગોથી ૫૦૦ મીટરની અંદર આવેલી દારૂની દુકાનોને હટાવવા અથવા સ્થાનાંતરિત કરવાના આદેશ પર સ્ટે આપ્યો છે, ભલે તે મ્યુનિસિપલ અથવા સ્થાનિક સંસ્થા વિસ્તારોમાં સ્થિત હોય.



રાજસ્થાન સરકાર અને અન્ય લાઈસન્સ ધારકો દ્વારા દાખલ કરાયેલી અરજીની સુનાવણી દરમિયાન ન્યાયાધીશ વિક્રમ નાથ અને ન્યાયાધીશ સંદીપ મહેતાની બેન્ચે સોમવારે આ આદેશ આપ્યો હતો.

જોકે, કોર્ટે માર્ગ અકસ્માતોમાં વધતા મૃત્યુ અને નશામાં વાહન ચલાવવાના જોખમોને પણ સ્વીકાર્યા. બેન્ચે જણાવ્યું હતું કે હાઈકોર્ટની ચિંતાઓ "સંપૂર્ણપણે માન્ય" હતી, પરંતુ ઉમેર્યું હતું કે આ વ્યાપક દિશાનિર્દેશોની વધુ નજીકથી તપાસ કરવાની જરૂર છે, ખાસ કરીને કેટલાક કિસ્સાઓમાં મૂળ પ્રતિબંધને હળવા કરનારા સુપ્રીમ કોર્ટના અગાઉના નિર્ણયોના પ્રકાશમાં.

# અમદાવાદમાં સેવન્થ-ડે સ્કૂલ જેવી બીજી ઘટના સ્કૂલ બહાર ધો.૧૦ના વિદ્યાર્થીઓ વચ્ચે ગેંગવોર

## એકને પાઈપ-પટ્ટાથી બેફામ ફટકાર્યો, ગુંડાઓને શરમાવે તેવા દ્રશ્યો

અમદાવાદ,

અમદાવાદની સેવન્થ-ડે સ્કૂલ જેવી વિદ્યાર્થીએ બીજા વિદ્યાર્થી પર હુમલો કર્યાની બીજી ઘટના સામે આવી છે. ઘાટલોડિયા વિસ્તારની નેશનલ સ્કૂલ બહાર ધોરણ ૧૦ના નિખિલ પટેલ નામના વિદ્યાર્થીને અન્ય કેટલાક વિદ્યાર્થીઓએ કડુ, લાકડીઓ અને પટ્ટાવડે માર માર્યો હતો. આ ઘટનામાં વિદ્યાર્થીને ઈજા પહોંચતા સારવારમાં ખસેડવામાં આવ્યો છે. હુમલા પાછળ જૂનો ઝઘડો હોવાની પ્રાથમિક માહિતી મળી રહી છે. ઘટનાની જાણ થતાં ઘાટલોડિયા પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. શરૂઆતમાં વિદ્યાર્થીને છરી મરી હોવાની માહિતી મળી હતી, પરંતુ સ્કૂલે આ વાતને નકારી કાઢી છે. વિદ્યાર્થીઓ વચ્ચે લાકડીઓ, પટ્ટા અને હાથમાં પહેરવાના કડા વડે મારામારી થઈ હતી.

વિદ્યાર્થીઓ વચ્ચે થયેલી મારામારીની ઘટના નજીકમાં લાગેલા CCTV કેમેરામાં કેદ થઈ છે. જેમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે, વિદ્યાર્થીઓનું ટોળું એક વિદ્યાર્થીને લાકડી અને પટ્ટા વડે મારી રહ્યું છે. સ્કૂલની ૧૦૦ મીટરના અંતરમાં જ વિદ્યાર્થી પર હુમલો કરવામાં આવ્યો હતો. ગુંડાઓને પણ એક તરફ મુકી દે તેવી કરતૂત ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓએ કરી છે. આ ગેંગવોરના દશ્યો જોઈ કોઈ ન કહે કે આ ધો.૧૦ના વિદ્યાર્થીઓ છે.

આ મામલે ઘાટલોડિયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ, સ્કૂલની બહાર ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓ વચ્ચે મારામારી થઈ હતી. સ્કૂલના વિદ્યાર્થીઓ વચ્ચે બોલાચાલી બાદ ઝઘડો મારામારી સુધી પહોંચી ગયો હતો. હાલમાં આ મામલે આગળની કાર્યવાહી ચાલી રહી છે.

આ મામલે DEO રોહિત ચૌધરીએ જણાવ્યું હતું કે, સ્કૂલમાં પરીક્ષા આપીને વિદ્યાર્થી બહાર આવ્યો, ત્યારે કેટલાક લોકોએ ભેગા મળીને હુમલો કર્યો હતો. બનાવની જાણ થતા તાત્કાલિક સ્કૂલના સંચાલક પાસેથી અહેવાલ મંગાવ્યો છે. સ્કૂલના સંચાલકે આ અંગે પોલીસને જાણ કરી હતી અને ઈજાગ્રસ્ત વિદ્યાર્થીને સારવાર માટે ખસેડ્યો હતો. વિદ્યાર્થીને હાલ પ્રાથમિક સારવાર આપીને ઘરે મોકલી દેવામાં આવ્યો છે.

આ ઘટના અંગે નેશનલ સ્કૂલ ટ્રસ્ટી રમેશ અમીને જણાવ્યું હતું કે, તમારી સ્કૂલથી જ ૧૦૦ મીટર દૂર આ ઘટના બની છે, જ્યાં વિદ્યાર્થીઓ વચ્ચે અંદરો-અંદર ઝઘડો થયો હતો. જે દરમિયાન બહારથી આવેલા કેટલાક વિદ્યાર્થીઓએ અમારા સ્કૂલના વિદ્યાર્થીને માથામાં કડુ માર્યું હતું. અમારા સ્કૂલના વિદ્યાર્થીને ઈજા થતા તેને અમારા ખર્ચે સારવાર આપવામાં આવી છે. સામાન્ય સારવાર આપ્યા બાદ તેને વાલી સાથે પરત ઘરે મોકલી દેવામાં આવ્યો છે. તેમજ વિદ્યાર્થીને એવું પણ કહ્યું છે કે, જો આવું કંઈ પણ થાય તો તમારે તરત જ સ્કૂલમાં આવવું જોઈએ. આપણું કામ શિક્ષણ લેવાનું છે, ભણવાનું છે, મારામારી કરવાનું નથી.

# ગુજરાતના ટોચના નેતાઓને દિલ્હીનું તેડું

## ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણીને લઈ CM ભૂપેન્દ્ર પટેલ સહિતના નેતાઓ ૨ દિવસ હાજરી આપશે

ગાંધીનગર,

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી પ્રક્રિયા અંતર્ગત ગુજરાત ભાજપના ટોચના નેતાઓ બે દિવસના દિલ્હી પ્રવાસે જઈ રહ્યા છે. ૧૯ જાન્યુઆરીએ નામાંકન અને ૨૦ જાન્યુઆરીએ અધ્યક્ષની જાહેરાતની પ્રક્રિયામાં ભાગ લેવા માટે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, પ્રદેશ ભાજપા અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા, પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકર સહિતના અગ્રણીઓ દિલ્હી જશે. ગુજરાત પ્રદેશ ભાજપા મીડિયા વિભાગ દ્વારા જાહેર કરાયેલી અખબારી યાદી મુજબ, રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી પ્રક્રિયામાં પ્રસ્તાવક તરીકે ભાગ લેવા માટે અનેક વરિષ્ઠ નેતાઓને જવાબદારી સોંપવામાં આવી છે. જેમાં કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલ, મનસુખ માંડવિયા, નિમુબેન બાંભણિયા, પૂર્વ પ્રદેશ અધ્યક્ષો, પૂર્વ મંત્રીઓ, સાંસદો, ધારાસભ્યો તથા વિવિધ મોરચાના રાષ્ટ્રીય પદાધિકારીઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી પ્રક્રિયા માટે વિશેષ આમંત્રિત સભ્યો તરીકે પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા, સંગઠન મહામંત્રી રત્નાકર, પૂર્વ કેન્દ્રીય મંત્રી દર્શનાબેન જરદોશ, પૂર્વ મંત્રી પ્રદિપસિંહ જાડેજા સહિતના અનુભવી નેતાઓ દિલ્હી ઉપસ્થિત રહેશે. ઉલ્લેખનીય છે કે, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી વર્લ્ડ ઈકોનોમિક ફોરમમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરવા સ્વિટ્ઝરલેન્ડના પ્રવાસે હોવાથી ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી પ્રક્રિયામાં તેઓ દિલ્હી હાજર રહી શકશે નહીં.

# સુરતમાં પ્લાસ્ટિકના કારખાનામાં આગ લાગતા પથી વધુ શ્રમિકો દાઝ્યા

સુરત,

સુરતના ઉધના વિસ્તારમાં ધરતી નમકીનની પાછળ આવેલા એક પ્લાસ્ટિક મેન્યુફેક્ચરિંગ યુનિટમાં અચાનક આગ લાગી હતી. પ્લાસ્ટિકનો જથ્થો હોવાને કારણે આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને આકાશમાં કાળા ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા. કારખાનામાં કામ કરી રહેલા શ્રમિકો કંઈ સમજે તે પહેલા આગ પ્રસરી જતાં નાસભાગ મચી ગઈ હતી. આગની જાણ થતા જ સુરત ફાયર વિભાગનો કાફલો તાત્કાલિક હરકતમાં આવ્યો હતો. ઘટનાની ગંભીરતા જોતા ૫ અલગ-અલગ ફાયર સ્ટેશનની ટીમોને રવાના કરવામાં આવી હતી. કુલ ૮થી વધુ ફાયર ટેન્કરોએ સતત પાણીનો મારો ચલાવ્યો હતો. ફાયરના જવાનોએ જીવના જોખમે કારખાનામાં ફસાયેલા લોકોને બહાર કાઢવાની કામગીરી હાથ ધરી હતી. આ દુર્ઘટનામાં પથી વધુ શ્રમિકો ગંભીર રીતે દાઝી ગયા હોવાનું સામે આવ્યું છે. ફાયર વિભાગ અને સ્થાનિકોની મદદથી રેસ્ક્યૂ કરવામાં આવેલા તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક એમ્બ્યુલન્સ મારફતે સુરત સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે.

પ્રાથમિક દ્રષ્ટિએ શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું અનુમાન સેવાઈ રહ્યું છે, પરંતુ આગ સંપૂર્ણપણે ઓલવાયા બાદ તપાસ બાદ જ ચોક્કસ કારણ જાણી શકાશે. કારખાનામાં કામ કરતા શ્રમિક રહેમાને જણાવ્યું હતું કે, હું અહીં અંદર કામ કરું છું. અંદર આગ લાગી હતી, ત્યારે હું ત્રણ રસ્તા પાસે ચા પીતો હતો. મને ખબર પડી એટલે મેં આવીને જોયું. અંદર ૪થી ૫ લોકો ઘાયલ થયા છે. શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હતી. કેટલાક લોકોને ૧૦૮માં લઈ ગયા છે. ફાયર બ્રિગેડવાળા આવ્યા અને પાણીનો મારો ચલાવ્યો. અહીં અંદર પ્લાસ્ટિકના દાણા બનાવવાનું કામ થાય છે.

દાઝી ગયેલા શ્રમિકની પત્ની સુધા વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, મારા પતિનું નામ લલિત વિશ્વકર્મા છે. માલ કાપતી વખતે ત્યાં બ્લાસ્ટ થયો અને આવું થઈ ગયું અને ગોડાઉનમાં આગ લાગી ગઈ. 'એકે પ્લાસ્ટિક' છે. ૮ વાગ્યે તેઓ કામ પર ગયા હતા અને ત્યાં બ્લાસ્ટ થયો. બ્લાસ્ટ કેવી રીતે થયો તે મને નથી ખબર, એ તો હવે એ જ લોકોને ખબર હશે. અમે પણ ત્યાં જ કામ કરતા હતા પણ અમે નીચેના ભાગમાં હતા. આ લોકો ઉપર માલ કાપી રહ્યા હતા. કંપનીમાં તો ઘણા બધા લોકો કામ કરે છે, પણ કટિંગમાં ૫-૬ લોકો જ હતા.

# અમદાવાદી ભાઈઓએ વિદેશના વર્ક વિઝાના નામે ૭૦ લાખ લૂંટ્યા

## વોટ્સએપ પર ન્યૂઝીલેન્ડની ફેક એર ટિકિટ-વર્ક વિઝા મોકલી ગાંધીનગરના ૪ મિત્રોને ફસાવ્યા, પૈસા માગતા ફરાર

ગાંધીનગર,

વિદેશ જવા ઈચ્છતા યુવાનોને નિશાન બનાવી લાખો રૂપિયાની ઠગાઈ કરતી ટોળકીનો વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. કુડાસણમાં રહેતા ઈમ્પોર્ટ-એક્ષ્પોર્ટના વેપારીના ચાર મિત્રોને ન્યૂઝીલેન્ડ મોકલવાના બહાને ખોટી એર ટિકિટો અને બનાવટી વિઝા લેટર્સ પધરાવી અમદાવાદના બે ભાઈઓએ ૭૦ લાખ પડાવી લીધા હોવાની ફરિયાદ ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. ગાંધીનગરના કુડાસણ શિવાલય શીવાલય પરિસરમાં રહેતા અને રૂદ્ર એન્ટરપ્રાઈઝ નામે ઈમ્પોર્ટ-એક્ષ્પોર્ટનો વેપાર કરતા પ્રધ્યુમનસિંહ અશોકસિંહ વાઘેલાને તેમના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ મિત્ર અંકિત રાજગોરે ફેબ્રુઆરી-૨૦૨૫માં અવધ જીતેન્દ્રભાઈ રાજગોર (સી-૧૨૧૫, સિધ્ધી વિનાયક બિઝનેસ ટાવર, ડી.સી.બી. ઓફિસની પાછળ, મકરબા) સાથે મુલાકાત કરાવી હતી. એ વખતે અવધે પોતે વિઝા કન્સલ્ટન્સીનું કામ કરતો હોવાનું અને તેનો ભાઈ સિદ્ધાર્થ રાજગોર દુબઈમાં 'વર્લ્ડ કનેક્ટ (FZC)' નામની કંપની ધરાવતો હોવાનું જણાવ્યું હતું. જેણે પ્રધ્યુમનસિંહના મિત્રો શુભમ પટેલ, ચેતન પટેલ, રાજ પટેલ અને મિતેષ પટેલને ન્યૂઝીલેન્ડના વર્ક પરમિટ વિઝા અપાવવાની ખાતરી આપી હતી.

આથી, વિઝા માટે પ્રતિ વ્યક્તિ ૨૦ લાખ રૂપિયા નક્કી કરવામાં આવ્યા હતા. બાદમાં પ્રધ્યુમનસિંહે ૧૩ એપ્રિલ, ૨૦૨૫થી ૧૭ જાન્યુઆરી, ૨૦૨૬ દરમિયાન તબક્કાવાર કુલ ૭૦ લાખ રૂપિયા બેંક ટ્રાન્સફર અને રોકડ દ્વારા બંને ભાઈઓને ચૂકવ્યા હતા એટલે બંનેએ વિશ્વાસ કેળવવા માટે વોટ્સએપ પર ન્યૂઝીલેન્ડના બનાવટી વર્ક વિઝા લેટર અને અમદાવાદથી કંબોડિયા તથા કંબોડીયાથી ન્યૂઝીલેન્ડની ખોટી એર ટિકિટો મોકલી આપી હતી. જોકે, પ્રધ્યુમનસિંહે વિઝાના અસલ ડોક્યુમેન્ટ્સની માંગણી કરી ત્યારે બંનેએ ગલ્લાંતલ્લાં કરવાનું શરૂ કર્યું હતું. જે અંગે તેમણે તપાસ કરતા જાણવા મળ્યું હતું કે, મોકલેલી તમામ ટિકિટો અને વિઝા લેટર્સ તદ્દન ખોટા અને બનાવટી હતા. આથી તેમણે વિઝાના કામે આપેલા નાણાં પરત માંગવા છતાં આજદિન પરત ન કરતા અંતે મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો છે. આ અંગે ઈન્ફોસિટી પોલીસે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

# નશામાં ધૂત ચાલકે એક પછી એક ૯ વાહનોને અડફેટે લીધા

## ના ચાલવાના હોંશ કે ન સીધાં ઊભા રહેવાની તાકાત, લથડિયા ખાતા ડ્રાઈવરને પકડી લોકોએ પોલીસને સોંપ્યો

અમદાવાદ,

અમદાવાદના શીલજ-રાંચરડા રોડ પર ગત મોડી રાત્રે નશામાં ધૂત એક કારચાલકે પૂરઝડપે એક બાદ એક ૯ વાહનોને અડફેટે લેતા ભારે અફરાતફરી મચી ગઈ હતી. કિયા કારના ચાલક નિતિન શાહે દારૂના નશામાં સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા ટુ-વ્હીલર અને ફોર-વ્હીલર સહિતના વાહનોને જોરદાર ટક્કર મારી હતી, જેમાં વાહનોનો કચ્ચરઘાણ વળી ગયો હતો. સદનસીબે આ ભયાનક અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ વાહનોને મોટાપાયે નુકસાન પહોંચ્યું હતું. અકસ્માત બાદ રોષે ભરાયેલા સ્થાનિકોએ



કારચાલકને ઝડપી પોલીસને સોંપ્યો હતો, જેના આધારે સ-ડિવિઝન ટ્રાફિક પોલીસે આરોપીની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી મુજબ, નિતિન શાહ નામના કારચાલકે અમદાવાદના શીલજ-રાંચરડા રોડ પર રાત્રે દારૂના નશામાં નિયંત્રણ ગુમાવતા ટુ-વ્હીલર અને ફોર-વ્હીલર સહિત ૯ વાહનને ટક્કર મારી હતી. સદનસીબે કોઈ જાનહાનિ થઈ ન હતી, પરંતુ અનેક વાહનોને ભારે નુકસાન થયું હતું. અકસ્માત સર્જીને કારચાલક બહાર આવ્યો ત્યારે તેને સીધા ઉભા રહેવાના પણ હોંશ ન હતા. તે વારંવાર નીચે બેસી જતો હતો અને લથડિયા ખાતો એક વીડિયોમાં સ્પષ્ટ દેખાય છે. જે આધારે અંદાજ લગાવી શકાય છે કે, કારચાલક કેટલા દારૂના નશામાં હતો. જે બાદ ત્યાં હાજર લોકોએ યુવકને પકડીને પોલીસને ફોન કર્યો હતો. જે બાદ પોલીસ આવીને લોકોના ટોળા વચ્ચેથી યુવકને લઈ ગઈ હતી. સ-ડિવિઝન ટ્રાફિક પોલીસે કારચાલકની અટકાયત કરી મેડિકલ તપાસ હાથ ધરી હતી. અકસ્માત સર્જાયા બાદ સ્થાનિક લોકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. લોકોએ કારચાલકને ઝડપી પાડ્યો હતો અને તેને પોલીસને સોંપતા પહેલા રોષ પણ વ્યક્ત કર્યો હતો. સદનસીબે આ ગંભીર અકસ્માતમાં કોઈ જાનહાનિના સમાચાર હજુ સુધી મળ્યા નથી, પરંતુ વાહનોને મોટું નુકસાન પહોંચ્યું છે.

# અમદાવાદ : જાહેર રોડ પર ગંદકી કરનાર ૯ દુકાન સીલ

અમદાવાદ,

દેશના સૌથી સ્વચ્છ શહેરોમાં અમદાવાદ પ્રથમ નંબરે છે ત્યારે શહેરમાં લોકો જાહેર રોડ ઉપર કચરો ફેંકી ગંદકી કરતા હોય છે. કચરો ફેંકી અને અન્ય રીતે ગંદકી કરનારા વેપારીઓ દુકાનદારો સામે મ્યુનિસિપલ કોર્પોરેશનના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા કાર્યવાહી કરવામાં આવે છે. શહેરના ગુરુકુળ રોડ, ઘાટલોડિયા સુરધારા સર્કલ, વસ્ત્રાપુર સહિત અલગ અલગ જગ્યા ઉપર ગંદકી કરનાર ૯ દુકાનો અને રેસ્ટોરન્ટને મ્યુનિસિપલ કોર્પોરેશનના ઉત્તર-પશ્ચિમ ઝોનના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા સીલ કરી દેવામાં આવી છે. ઉત્તર પશ્ચિમ ઝોન સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા ઘાટલોડિયા, ચાંદલોડિયા, ગોતા, થલતેજ, બોડકદેવ, વસ્ત્રાપુર સહિતના વિસ્તારોમાં ગંદકી કરનારા અને પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ કરનારા સામે કાર્યવાહી કરવામાં આવે છે

છેલ્લા બે દિવસમાં કુલ ૧૦૦ જેટલી જગ્યા ઉપર તપાસ કરી ગંદકી અને પ્રતિબંધિત પ્લાસ્ટિકના ઉપયોગ બદલ ૧૪૫ દુકાનો અને રેસ્ટોરન્ટને નોટિસ ઈશ્યૂ કરી ૨૮ કિલો પ્લાસ્ટિકનો જથ્થો જપ્ત કર્યો છે. ૧.૪૨ લાખ રૂપિયાનો દંડ વસુલ કરવામાં આવ્યો છે. જાહેર રોડ પર ગંદકી / ન્યુસન્સ કરતા ધંધાકીય એકમો તેમજ શાકભાજી વેચતા ફેરીયા, પાનના ગલ્લાં, ચાની કીટલી, પેપરકપ, પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ, વેચાણ, સંગ્રહ, ઉત્પાદન કરતાં તથા ધંધાકીય એકમમાં ડસ્ટબિન (કચરાપેટી) ન રાખતા, જાહેરમાર્ગો પર ગંદકી / ન્યુસન્સ કરતાં ધંધાકીય એકમોનું સઘન ચેકીંગ હાથ ધરી સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સનું ઉલ્લંઘન કરતાં એકમો /શખસો વિરૂદ્ધ કાર્યવાહી કરવામાં આવે છે. સવાર અને સાંજ સ્પે. સ્કવોડ કાર્યરત કરવામાં આવી છે.

# અમદાવાદ મ્યુ.કોર્પોરેશનમાં ખોટા સર્ટિફિકેટ અને વારસાઈ નોકરીનું કૌભાંડ ફરી ચર્ચામાં

## વિજિલન્સ તપાસ બાદ નોકરીમાંથી કાઢી મૂકાયેલા અનેક કર્મચારીઓએ હવે અપીલ સબ-કમિટી સમક્ષ પોતાની નોકરી પરત મેળવવા માટે અરજી કરી

અમદાવાદ,

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)માં ખોટા જન્મ પ્રમાણપત્ર, ખોટા અનફિટ સર્ટિફિકેટ અને વારસાઈ નોકરીના નામે છેતરપિંડીના કિસ્સાઓ ફરી એક વખત સામે આવ્યા છે. વિજિલન્સ તપાસ બાદ નોકરીમાંથી કાઢી મૂકાયેલા અનેક કર્મચારીઓએ હવે અપીલ સબ-કમિટી સમક્ષ પોતાની નોકરી પરત મેળવવા માટે અરજી કરી છે, જેના કારણે કોર્પોરેશનમાં ચર્ચા ગરમાઈ છે. થલતેજ વિસ્તારના સફાઈ કામદાર લીલાબેન આત્મારામ વાઘેલાના પતિ આત્મારામ વાઘેલાએ કાળી નગરપાલિકામાં શારીરિક રીતે અનફિટ હોવાનું ખોટું સર્ટિફિકેટ રજૂ કરી પત્નીને તેમની જગ્યાએ નોકરી અપાવી હતી. બીજી તરફ તેમણે પોતાની માતા ગંગાબેનના વારસદાર તરીકે નારણપુરા વોર્ડમાં સફાઈ કર્મચારી તરીકે નોકરી મેળવી લીધી હતી. વિજિલન્સ તપાસમાં આ છેતરપિંડી સાબિત થતાં બંનેને ૨૦૨૪માં નોકરીમાંથી દૂર કરવામાં આવ્યા હતા. હવે બે વર્ષ પછી તેઓ અપીલ સબ-કમિટી સમક્ષ પરત નોકરી મેળવવા માટે રજૂઆત કરી રહ્યા છે.

આ જ રીતે થલતેજ વોર્ડમાં સફાઈ કામદાર ગંગાબેન મિયાવાડાએ ખોટા જન્મ પ્રમાણપત્ર રજૂ કરી વધુ સમય સુધી નોકરી ચાલુ રાખી હતી. તેમની થલતેજ ગ્રામ પંચાયત રેકોર્ડમાં જન્મ તારીખ ૧૯૬૪ નોંધાયેલ છે પરંતુ, આંબરેલી ગ્રામ પંચાયત કોર્ટ ઓર્ડર મુજબ ૧૯૭૭માં બદલી નાખીને કોર્પોરેશનમાં છેતરપિંડી કરી હતી. સફાઈ કામદાર ગંગાબેન દ્વારા રજુ કરવામાં આવેલા તેમના પુરાવા મુજબ જો વર્ષ ૧૯૭૭ મુજબ તેમની જન્મ તારીખ ગણવામાં આવે તો તેમના મોટા પુત્રનો જન્મ વર્ષ ૧૯૮૩માં (શાળા છોડયાના પ્રમાણપત્ર મુજબ) ગણવામાં આવે તો પણ ખૂબ મોટો તફાવત જોવા મળે છે. જે તાર્કિક રીતે સત્ય જણાતું નથી. કાયમી થયા ત્યારે SSI દ્વારા પણ તેમના જે પુરાવાઓ રજૂ કરવામાં આવ્યા હતા, તેની ચકાસણી યોગ્ય રીતે કરવામાં આવી નહોતી. વર્ષ ૨૦૨૨માં આ સમગ્ર મામલે ખાતાકીય તપાસ કરવામાં આવી હતી અને શો- કોઝ નોટિસ આપવામાં આવી હતી જેની તપાસ બાદ વર્ષ ૨૦૨૩માં તેમને નોકરીમાંથી દૂર કરવામાં આવ્યા હતા, જે બાદ તેઓએ ફરીથી નોકરી મેળવવા માટે અરજી કરી છે.

સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા વિવિધ એકમો પાસેથી વહીવટી ચાર્જ વસૂલવા માટે ૧૩ જેટલી બુક અબ્દુલ લતીફ શેખને આપવામાં આવી હતી. તેમને આ વહીવટી ચાર્જની બુક બતાવી જવા માટે ૨૫મી સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ લેખિત સૂચના આપી હતી. બાદમાં ૨૯મી સપ્ટેમ્બરે તેણે ૧૩ પૈકી ૬ બુક બતાવી હતી. બાકીની પહોંચ નહી બતાવતાં ૧લી ઓક્ટોબર, ૨૦૨૦ના રોજ લતીફને ફરજ મૌકુફી પર ઉતારવામાં આવ્યા હતા તેમજ તેમણે આ પૈસા પોતાના અંગત ઉપયોગ માટે વાપર્યા હોવાનું માનવામાં આવ્યું હતું. મ્યુનિસિપલ કોર્પોરેશનની પ્રાથમિક તપાસમાં તેણે ૧૩ બુકમાં ૨૪.૦૬ લાખ વહીવટી ચાર્જ પેટે વસૂલ્યા હતા. જે પૈકી ૧.૩૧ લાખ તેણે સિવિક સેન્ટર ખાતે જમા કરાવ્યા હતા. જયારે ૧૦.૮૭ લાખની રકમ તેણે જમા કરાવી ન હતી. ૨૦૨૨માં તેની સામેની તપાસ પૂર્ણ થતાં તેની સામે આરોપ પુરવાર થયા હતા. જે હુકમ સામે તેણે અપીલ સબ કમિટી સમક્ષ રજૂઆત કરી છે કે, તેના પર દયા રાખી તેને ફરીથી નોકરી પર પરત લેવામાં આવે. કોર્પોરેશન દ્વારા દ્વારા તેની આ અપીલને ફગાવી દેવા માટે કમિટી સમક્ષ રજૂઆત કરી છે. જોકે, આવતીકાલે યોજાનારી અપીલ સબ કમિટીમાં આ અંગે નિર્ણય લેવામાં આવશે. આ તમામ કિસ્સાઓમાં AMC દ્વારા ખાતાકીય તપાસ અને વિજિલન્સ કાર્યવાહી બાદ કર્મચારીઓને નોકરીમાંથી કાઢવામાં આવ્યા હતા, પરંતુ બે વર્ષ પછી તેઓ અપીલ સબ-કમિટીમાં પરત ફરવાની માંગ કરી રહ્યા છે.

# રબારી સમાજ ખોટા ખર્ચાઓ અને રીતરીવાજો દૂર કરવા બંધારણ ઘડશે

## ડીસા ખાતે આગામી ૨૫ જાન્યુઆરીએ મહાસમ્મેલનનું આયોજન

પાલનપુર,

દરેક સમાજો પોતાના સમાજની ચિંતા કરીને હવે નવા બંધારણ બનાવી રહ્યા છે. રબારી સમાજ દ્વારા પણ આગામી ૨૫ જાન્યુઆરીએ સમાજ સુધારણા માટે મહાસમ્મેલનનું આયોજન કરવામાં આવ્યું છે. આ મહાસમ્મેલન પહેલા રબારી સમાજના આગેવાન અને ભામાશા માવજી દેસાઇ સહિતના અનેક આગેવાનો ગામે ગામ જઈને મહાસમ્મેલનમાં આવવા માટે આહવાન કરી રહ્યા છે. કુરિવાજો અને અંધશ્રદ્ધામાંથી સમાજ બહાર આવે તે માટે આ મહાસમ્મેલનમાં બંધારણ પણ નક્કી થશે.

૨૫ જાન્યુઆરીએ ઉત્તર ગુજરાતનું રબારી સમાજનું બંધારણ માટેનું મહાસમ્મેલન યોજાવવાનું છે જેના ભાગરૂપે બનાસકાંઠાના સૌથી વધારેમાં વધારે રબારી સમાજ આ ૨૫ તારીખે હાજર રહે અને કુરિવાજો અને અંધશ્રદ્ધામાંથી બહાર આવે તે માટે અત્યારે રબારી સમાજના આગેવાન અને રબારી સમાજના ગુજરાતના એકમાત્ર ધારાસભ્ય માવજી દેસાઈ તેમજ તેમની સાથે પૂર્વ ધારાસભ્ય ગોવાભાઈ રબારી તેમજ સમાજના અનેક આગેવાનો અત્યારે બનાસકાંઠામાં ગામડે ગામડે ફરીને મીટીંગો કરી રહ્યા છે. સમાજને અંધશ્રદ્ધામાંથી બહાર આવવા, પ્રસંગોમાં જુના રીતરિવાજો અને ખોટા ખર્ચા ન કરવા, શિક્ષણ પાછળ વધારે ધ્યાન આપવા તરફ પ્રેરી રહ્યા છે. સમાજના લોકોને ખોટા ખર્ચાઓ ઘટાડી ખર્ચા શિક્ષણ પાછળ ખર્ચવામાં આવે એવી સમજણ આપવામાં આવી રહી છે.

# સિવિલમાં પોલીસનું સરપ્રાઈઝ ચેકીંગ બિન જરૂરી બેઠેલા આવારા - લુખ્ખા તત્વોને બહાર કઢાયા

રાજકોટ:સૌરાષ્ટ્રની સૌથી મોટી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં આજે પોલીસે સરપ્રાઈઝ ચેકીંગ કર્યું હતું. બિન જરૂરી બેઠેલા લોકોને બહાર કઢાયા હતા. સિવિલ હોસ્પિટલ ની અંદર આવારા અને લુખ્ખા તત્વો અડીંગો જમાવીને બેસતા હોવાનું અને આખો દિવસ સિવિલ હોસ્પિટલના કેમ્પસમાં જ પડ્યા પાથર્યા રહેતા હોવાનું જાણવા મળતા પોલીસ દ્વારા ચેકિંગ કરવામાં આવ્યું હતું.આજે સવારે ૧૦:૦૦ વાગ્યા આસપાસ પ્રદ્યુમન નગર પોલીસની ટીમ અચાનક રાજકોટ સિવિલ હોસ્પિટલના કેમ્પસમાં આવી પહોંચી હતી. ૧૦ થી ૧૫ પોલીસ જવાનો ની ટીમે સમગ્ર હોસ્પિટલ કેમ્પસમાં ચેકિંગ હાથ ધર્યું હતું જ્યાં જ્યાં લોકો ટોળું વળીને બેઠા હતા ત્યાં લોકોને જઈ તેમના કોઈ દર્દી હોસ્પિટલમાં દાખલ છે કે પછી આ લોકો એમ જ અહીં બેઠા છે તેની ખાતરી કરી હતી.



આ ઉપરાંત જો દર્દી સિવિલ હોસ્પિટલમાં દાખલ હોય અને વધુ સંખ્યામાં બહાર લોકો તેના સગા સંબંધીઓ એકત્ર થયા હોય તો તેવા લોકોને પણ પોલીસે સૂચના આપી હતી કે દર્દીઓની ખબર અંતર પૂછ્યા બાદ અહીં બેસવાના બદલે જતું રહેવું અને દર્દી પાસે કોઈ એક વ્યક્તિએ જ રહેવું. ઉલ્લેખનીય છેકે, શનિવારે રાજકોટ જિલ્લા કલેકટર કચેરી ખાતે લોક પ્રતિનિધિઓ, ધારાસભ્યો, સાંસદ અને કલેકટર સહિતના અધિકારીઓ વચ્ચે ફરિયાદ સંકલનની મીટીંગ મળી હતી. જેમાં પણ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સુરક્ષા વ્યવસ્થા વધારવા સૂચનો મળ્યાં હતા.સિવિલ હોસ્પિટલના રોગી કલ્યાણ સમિતિના સભ્ય રાજેશભાઈ ચાવડાએ જણાવ્યું કે, અગાઉ તેમને એવી વાત જાણવા મળી હતી કે કેટલાક દારૂ પીને આવતા લુખ્ખાઓ અને આવારા તત્વો રાજકોટ સિવિલ હોસ્પિટલમાં આખો દિવસ પડિયા પાથરીયા રહે છે જેથી રાજેશભાઈએ પ્રદ્યુમન નગર પોલીસને જાણ કરીને સરપ્રાઈઝ ચેકિંગ કરવા માટે જાણ કરી હતી. રોગી કલ્યાણ સમિતિના સભ્યની રજૂઆતને ધ્યાને લઈ આજે પોલીસે ચેકિંગ હાથ ધર્યું હતું.

ઉલ્લેનીય છે કે, અગાઉ અનેક વખતે સિક્યુરિટી ગાર્ડ અને હોસ્પિટલ સાથે લોકોના ઘર્ષણની ઘટના બની છે. ઉપરાંત દાખલ દર્દીના ખિસ્સામાંથી રોકડ ચોરાયાની ઘટના પણ બની હતી. એ સિવાય હોસ્પિટલ સ્ટાફના મોબાઈલની ચોરી, દર્દીના સગાના મોબાઈલ - રોકડ પાકીટની ચોરીની ઘટનાઓ પણ સિવિલ હોસ્પિટલમાં અવાર નવાર બને છે. જેથી સુરક્ષા વ્યવસ્થા વધારવાની જરૂરિયાત પણ જણાય છે.હોસ્પિટલમાં ચેકીંગ માટે પહોંચેલી ટીમ અને માહિતી આપતાં રોગી કલ્યાણ સમિતિના સભ્ય રાજેશભાઈ ચાવડા નજરે પડે છે.

# ATM કાર્ડ બદલી રૂપિયા ઉપાડી લેતો પરપ્રાંતીય શખ્સ ઝડપાયો



રાજકોટ:

એટીએમ રૂમમાં સ્વેપ કાર્ડ બદલી રૂપીયા ઉપાડી લેતો પરપ્રાંતીય શખ્સને એલસીબી ઝોન-૧ ની ટીમે પકડી રોકડ અને અલગ અલગ બેંકના એટીએમ કબ્જે કર્યા હતાં. ઓનલાઈન ગેમીગ જુગારમાં રૂપીયા હારી જતાં અલગ અલગ બેંકના એટીએમ કાર્ડ સાથે રાખી વૃદ્ધ, અભણ લોકોને ભોગ બનાવતો હતો.બનાવ અંગે દૂધ સાગર રોડ પર ત્રણ માળિયા ક્વાર્ટરમાં રહેતાં રીક્ષા ચાલક જાકીરભાઈ મેહબુબભાઈ પઠાણ (ઉ.વ.૪૭) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, ગઈ તા.૨૬ ના સાંજના આશરે પાંચેક વાગ્યાની આસપાસ તે ગોવીંદબાગ શાક માર્કેટ રોડ પર આવેલ બેંક ઓફ બરોડાના એટીએમમાં બચતના રૂપિયા જમા કરાવવા ગયેલ અને એટીએમ મશીન દ્વારા બેંક ખાતામાં પૈસા જમા કરવાની પ્રોસેસ કરતો હતો દરમ્યાન એક અજાણ્યો વ્યક્તિ ત્યાં આવેલ અને તે વ્યક્તિને જણાવેલ કે, મને એટીએમથી પૈસા જમા કરવાનુ ફાવતુ નથી, તમે થોડી મદદ કરો જેથી તે વ્યક્તિએ એટીએમ કાર્ડ લઈ મશીનમાં નાખેલ અને તેને પીન નંબર આપેલ અને બે થી ત્રણ ટ્રાન્જેક્શનમાં મશીન દ્વારા રૂ૧,૫૦૦ જમા કરેલ હતા.બીજા દિવસે તેમના બેંક અકાઉન્ટમાંથી અલગ-અલગ ટ્રાન્જેક્શન દ્વારા કુલ રૂ૭,૪૦૦ ઉપડેલ હોવાનું સામે આવતા તે ઘરે ગયેલ અને એ.ટી.એમ. જોયેલ તો તે એ.ટી.એમ. પર અન્ય વ્યક્તિનું નામ લખેલ હતું. જેથી ફરીયાદ નોંધાવી હતી.જે બનાવની ગંભીરતા જોઈ પોલીસ કમીશ્નર બ્રજેશકુમાર ઝા, એડી. સીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી હેતલ પટેલ દ્વારા રાજ્યના અન્ય પોલીસ સ્ટેશન ખાતેના અનડીટેક્ટ ગુન્હાઓ ડીટેક્ટ કરવાની આપેલ સુચનાથી એલસીબી ઝોન-૧ પીએસઆઈ એમ.કે.મોવલીયાની રાહબરીમાં ટીમ તપાસમાં હતી ત્યારે એ.એસ.આઇ હરેશભાઇ પરમાર, હેડ કોન્સ્ટેબલ જગદીશસિંહ પરમાર અને કોન્સ્ટેબલ રવિરાજભાઇ પટગીરને મળેલ સંયુક્ત બાતમીના આધારે આરોપી દિપકસિંગ સંતોષસીધ સેગર (ઉ.વ.૩૭, રહે મોરબી રોડ સેટેલાઇટ ચોક રેડ રોઝ હોટલની પાછળ વેલનાથ સોસાયટી શેરી નં ૧ રાજકોટ મુળ-ઉત્તરપ્રદેશ) ને મોરબી રોડ સીતારામ સોસાયટી રાજલક્ષ્મી સોસાયટી સામે રેલવેના પાટા પાસે શ્રી રામ પ્લાસ્ટીકની સામેથી પકડી પાડી રોકડ રૂ૪ હજાર અને અલગ અલગ બેંકના ૧૪ એટીએમ કાર્ડ જપ્ત કર્યા હતાં.વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, આરોપી શહેરમા અલગ અલગ જગ્યાએ આવેલ બેંકના એટીએમ રૂમની આસપાસ આંટાફેરા કરતો હોય તે દરમ્યાન કોઈ વુદ્ધ, આધેડ કે અભણ વ્યક્તિ એટીએમ રૂમમા રૂપીયા ઉપાડવા આવતા નજરે પડતા તેઓને ટાર્ગેટ બનાવી રૂપીયા ઉપાડવાની મદદના બહાને તેઓના એટીએમના પીન નંબર જાણી પોતાની પાસે અગાઉથી રહેલ અન્ય એટીએમ કાર્ડ બદલી અને બદલેલા એટીએમ કાર્ડ દ્વારા રૂપીયા ઉપાડવાનુ નાટક કરી ટેકનીકલ ખામી હોવાથી રૂપીયા ઉપડતા ન હોય તેવુ બહાનું કાઢી ભોગબનનારને પોતાની સાથે લાવેલ અન્ય એટીએમ કાર્ડ આપી ત્યાથી એટીએમમાંથી રૂપીયા ઉપાડી છેતરપીંડી આચરવાની મોડ્સ ઓપરેન્ડી ધરાવે છે.ઉપરાંત તે ઓનલાઈન ગેમીગમાં રૂપીયા હારી જતાં આર્થીક ભીંસ કરવાં ઠગાઈ આચરતો હતો અને અગાઉ તેની સાથે રહેતા મિત્રએ આ એટીએમ કાર્ડ વાળી ટેકનીક શીખવી હોવાની પણ કબૂલાત આપી છે.

# જન્મ-મરણના દાખલા, આધાર કાર્ડમાં સુધારાને બ્રેક: નવા પોર્ટલે ઉપાધી વધારી

રાજકોટ:રાજકોટ મહાપાલિકામાં ૨૦૨૦ પહેલા મહાપાલિકા, ૨૦૨૦થી ૨૦૨૫ ગુજરાત સરકાર અને હવે ૨૦૨૫થી ભારત સરકારના પોર્ટલ પર જન્મ-મરણના દાખલાની નોંધ આવી જતા કેન્દ્ર સરકાર હેઠળના આધાર કાર્ડની કામગીરી સુધી પડેલી અસર હવે ગંભીર બની રહી છે. આધાર કાર્ડમાં સુધારા માટે કેન્દ્રના પોર્ટલવાળા દાખલા જ માન્ય કરાતા હોય, પાંચ વર્ષ અગાઉના દાયકાઓ જુના પ્રમાણપત્રો આધાર કાર્ડના રેકોર્ડ માટે બિનઉપયોગી થઈ ગયા છે. આથી સુધારા માટે આવતા સેંકડો નાગરિકોમાં દેકારો બોલી રહ્યો છે. કોર્પો.માં જન્મ-મરણના દાખલામાં સુધારા અંગેની હાલત છેલ્લા ચાર માસથી યથાવત છે. હવે દરેક સરકારી કામ માટે ક્યુઆરકોડ વાળો જન્મનો દાખલો સરકારે ફરજિયાત બનાવતા ૨૦૨૦ પહેલાના તમામ દાખલાઓ ક્યુઆરકોડ કરવા માટે લોકોએ જન્મ-મરણ નોંધણી વિભાગમાં લાઈનો લગાવતા દેકારો બોલી ગયો છે.તેવી જ રીતે આધારકાર્ડમાં સુધારા-વધારા માટે પણ કેન્દ સરકારના પોર્ટલ અનુસાર ક્યુઆરકોડ વાળો દાખલો માન્ય રખાતા અનેક અરજદારોને ધરમના ધક્કા થઈ રહ્યા છે. જેની સામે ખુદ સરકારે જ જુના દાખલામાંથી ક્યુઆરકોડનો દાખલો કરવા માટેની દરરોજની મર્યાદા ફક્ત ૧૦૦ની કરતા વર્ષો જુના વીસ લાખ જેટલા દાખલા ભવિષ્યમાં શું આધાર સહિતની કામગીરી માટે કામ નહીં આવે તેવો સવાલ ઉઠયો છે.

કેન્દ્ર સરકાર દ્વારા ચાર મહિના પહેલા કેન્દ્ર સંચાલિત સીઆરસી પોર્ટલ દરેક મહાનગરપાલિકા અને નગરપાલિકાઓ માટે ફરજિયાત કર્યુ છે. વર્ષો પહેલા કોર્પોશન દ્વારા પોતાના પોર્ટલ ઉપર જન્મ-મરણના દાખલા કાઢી આપવામાં આવતા હતાં.ત્યાર બાદ રાજ્ય સરકાર દ્વારા નવું પોર્ટલ અમલમાં મુકતા આ કસરત વચ્ચે તાજેતરમાં કેન્દ્ર સરકારે સીઆરસી પોર્ટલને માન્યતા આપી તમામ મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓને તેની અમલવારી કરવાના આદેશ કર્યા હતાં. જેમાં શરૂઆતી ધોરણે ભારે અંધાધુંધી સર્જાયા બાદ છેલ્લા થોડા સમયથી પોર્ટલ પર કામગીરી શરૂ કરવામાં આવી છે. પરંતુ પોર્ટલમાં ૨૦૨૦ પહેલાના એક પણ દાખલાની એન્ટ્રી ન હોવાથી ૨૦૨૦ બાદના તમામ જન્મના દાખલાઓ ક્યુઆર કોડ આધારીત થઈ ચુક્યા છે અને તે મુજબના કાઢી આપવામાં આવે છે. વધુમાં આધારકાર્ડની તમામ પ્રકારની કામગીરી માટે ક્યુઆરકોડ વાળો જન્મનો દાખલો ફરજિયાત બનાવતા છેલ્લા થોડા સમયથી ૨૦૨૦ પહેલા જન્મેલા અરજદારો આધારકાર્ડમાં સુધારા-વધારાના કામ માટે જન્મનો દાખલો રજૂ કરે ત્યારે આ દાખલો રાજ્ય સરકાર અને કોર્પોરેશનના પોર્ટલ મુજબનો હોવાથી કેન્દ્ર સરકારના સીઆરસી પોર્ટલ ઉપર અપલોડ થતો નથી. આથી ક્યુઆર કોડવાળા દાખલા કઢાવવા દોડધામ મચી છે. આ પોર્ટલ માંડ ચાલુ થવા સાથે સરકારે માત્ર રોજના ૧૦૦ દાખલા અપલોડ કરવા મંજૂરી આપી છે. આથી આ લીમીટના કારણે લોકો તો ઠીક, જન્મ-મરણ વિભાગ પણ ચિંતામાં છે. હાલ સીઆરસી પોર્ટલ ઉપર ૨૦૨૦ બાદના તમામ જન્મના દાખલાઓ ક્યુઆરકોડ મુજબ મળવા પાત્ર છે. પરંતુ ૨૦૨૦ પહેલાના એટલે કે, અત્યાર સુધીના તમામ જન્મના દાખલાઓને ક્યુઆર કોડમાં ફેરવવા માટે પ્રથમ સીઆરસી પોર્ટલ પર અપલોડ કરવા પડે છે. ત્યાર બાદ દાખલો કેન્દ્ર સરકારના ક્યુઆરકોડ મુજબનો નિકળી શકે છે.

# લશ્કરી દળોમાં ભરતીની ૩૦ દિવસની નિવાસી તાલીમ માટે યુવાનો પાસેથી અરજીઓ મંગાવાઈ

## ૨૩ જાન્યુઆરી સુધીમાં સ્વખર્ચે સંમતિ આપવાની રહેશે

રાજકોટ:રાજ્યના યુવાનો આર્મી, એરફોર્સ, નેવી, અર્ધ લશ્કરી દળો તથા પેરા મિલિટરી ફોર્સિસમાં ભરતી થઈને દેશસેવા કરી શકે તેવા હેતુથી ગુજરાત સરકાર દ્વારા ‘સ્વામી વિવેકાનંદ પૂર્વ સંરક્ષણ નિવાસી તાલીમ’ યોજના અમલમાં મુકવામાં આવી છે. રાજકોટ જિલ્લામાં મદદનીશ નિયામક (રોજગાર)ની કચેરી દ્વારા ૩૦ દિવસની નિવાસી તાલીમનું આયોજન કરવામાં આવનાર છે. આ તાલીમ માટે યુવાનો પાસેથી અરજીઓ મગાવવામાં આવી છે.

જેમાં ભાગ લેવા ઈચ્છતા રાજકોટ જિલ્લાના ફક્ત પુરુષ ઉમેદવારોએ મદદનીશ નિયામક (રોજગાર)ની કચેરી ખાતે શૈક્ષણિક લાયકાતના સર્ટિફિકેટ, એલ.સી., જાતિનો દાખલો, બેન્ક પાસબુક, આધારકાર્ડ, પાસપોર્ટ સાઈઝ ફોટો-૦૨ સાથે તા. ૨૩મી જાન્યુઆરી સુધીમાં સ્વખર્ચે સંમતિ આપી જવાની રહેશે. ઉમેદવાર ૪૫ ટકા સાથે ધો. ૧૦ પાસ અથવા ૫૦ ટકા સાથે ધો. ૧૨ પાસ (કોઈપણ પ્રવાહ) હોવા જોઈએ. ઉંમર ૧૭.૫થી ૨૧ વર્ષ વચ્ચે હોવી જોઈએ. શારીરિક યોગ્યતા ઊંચાઈ ૧૬૫ સે.મી. કે તેથી વધુ, વજન ૫૦ કિલો કે તેથી વધુ, છાતી ફુલાવ્યા વગર ૭૭ સે.મી. તથા ફુલાવ્યા બાદ ૮૨ સે.મી. હોવી જોઈએ. તાલીમ દરમિયાન શારીરિક યોગ્યતા માટે ઊંચાઈ, વજન, છાતી, શારીરિક કસોટીઓ જેવી કે, દોડ, લાંબો કૂદકો, પુલઅપ્સ વગેરે લશ્કરી ભરતીને અનુરૂપ પ્રશિક્ષણ આપવામાં આવશે. અગાઉ નિવાસી તાલીમમાં જોડાયેલા યુવાનો આ તાલીમમાં જોડાઈ શકશે નહીં, તેમ મદદનીશ રોજગાર નિયામકશ્રી( રોજગાર)ની યાદીમાં જણાવાયું છે.

# ઘનશ્યામનગર સોસાયટીમાં કુતરાનો આતંક: એક જ દિવસમાં બે લોકોને કરડ્યા

રાજકોટ:છેલ્લા કેટલાક સમયથી રાજકોટ શહેરમાં કુતરાના આતંકની અનેક ઘટનાઓ સામે આવે છે ત્યારે વધુ એક ઘટના ક્રિસ્ટલમોલ પાછળ આવેલ ઘનશ્યામનગર સોસાયટીમાંથી સામે આવી છે.ઘનશ્યામનગરમાં સન સ્ટાર એપાર્ટમેન્ટમાં રહેતા ઈલાબેન નામની મહિલાને ગત સપ્તાહે કુતરાએ બચકુ ભર્યું હતું. જેને કારણે ઈલાબેન ઈજાગ્રસ્ત થયા હતા અને નજીકના આરોગ્ય કેન્દ્રમાં વેક્સીન લેવડાવી હતી.ઘનશ્યામનગર વિસ્તારમાં અવાર-નવાર કુતરાના આતંકની ઘટના સામે આવે છે. છેલ્લા એક



મહિનામાં પાંચ લોકોને કુતરા કરડવાની ઘટના સામે આવી છે. જેમાં એપાર્ટમેન્ટમાં ચોકીદારી કરતા વોચમેનને અને તેના ચાર વર્ષના બાળકને કુતરાએ બચકા ભર્યા હોવાનું સામે આવ્યું છે.આ ઘટના અંગે ઈલાબેનએ જણાવ્યું કે છેલ્લા ઘણા સમયથી કુતરાના આતંકની ઘટના બની રહી છે. જેમાં એક મહિનામાં પાંચ લોકોને કુતરાએ બચકા ભર્યા છે. ગત સપ્તાહે જ્યારે મને કુતરાએ બચકુ ભર્યુ ત્યાર બાદ થોડા જ સમયમાં અન્ય રાહદારીને પણ કુતરાએ બચકુ ભર્યું હતું.એક જ દિવસમાં બે લોકો કુતરાના આતંકનો ભોગ બન્યા હતા. આ ઘટના પરથી જાણી શકાય કે રાજકોટ કોર્પોરેશનની કામગીરી નબળી જાહેર થયેલ છે એક જ સોસાયટીના અનેક લોકો કુતરાના ત્રાસનો ભોગ બન્યા છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. છ મહિના પૂર્વે ઓનલાઈન ફરિયાદ કરવા છતાં કોઇ ઉકેલ આવ્યો નથી. હાલ કુતરાના આતંકથી રહેવાસીઓમાં ભયનો માહોલ છવાયો છે.

# એસ્ટ્રોન ચોકમાં મોબાઈલ વિક્રેતાઓનું મોટુ કૌભાંડ ખુલ્યુ? સાહિત્ય જપ્ત કરતું DGGI

રાજકોટ:રાજકોટમાં મોબાઈલ માર્કેટ જેવા એસ્ટ્રોન ચોકના ચાર જેટલા મોબાઈલ વિક્રેતાઓ પર રવિવારની રજામાં ત્રાટકેલી કેન્દ્રીય એજન્સી ડીજીજીઆઇ (ડિરેકટોરેટ જનરલ ઓફ જીએસટી ઈન્ટેલીજન્સ)ની તપાસ આજે બપોર સુધી ચાલ્યા બાદ પૂર્ણ થઇ હતી. દરોડામાં મોબાઇલ હેરાફેરીનું મોટુ કૌભાંડ ખુલ્યુ હોવાની ચર્ચા છે. રસપ્રદ વાત એ છે કે આ ઓપરેશન ગાંધીધામ ડીજીજીઆઇ દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું. માહિતગાર સુત્રોએ જણાવ્યું છે કે એસ્ટ્રોન ચોકમાં ઉમિયા મોબાઇલ, જેનિસ મોબાઇલ, મેહુલ ટેલીકોમ, ઓપ્પો સ્ટોર પર ગઇકાલ સવારથી દરોડા કાર્યવાહી શરૂ થઇ હતી. કેન્દ્રીય એજન્સીના દરોડા પડતા સમગ્ર એસ્ટ્રોન ચોકના મોબાઇલ વિક્રેતાઓમાં દોડધામ થઇ ગઇ હતી અને કઇ એજન્સીએ દરોડા પાડયા છે તે વિશે અટકળો વ્યકત થવા લાગી હતી.દરોડાની ઝપટે ચડેલા મોબાઇલ વિક્રેતાઓ સિવાયના મોબાઇલ સ્ટોર પણ ગભરાટના કારણે ધડાધડ બંધ થઇ ગયા હતા. રવિવારની રજામાં પણ દરોડાથી સમગ્ર મોબાઇલ માર્કેટ જ નહીં પરંતુ વેપાર ઉદ્યોગકારોમાં પણ સન્નાટો પ્રસરી ગયો હતો.એવું જાણવા મળ્યું છે કે, ડીજીજીઆઇની તપાસ આજે બપોર સુધી ચાલુ રહી હતી અને દરોડા કાર્યવાહી દરમ્યાન તમામ મોબાઇલ વિક્રેતાના શોરૂમના શટર બંધ જ રખાવવામાં આવ્યા હતા. તપાસ પૂર્ણ થયા બાદ બપોરથી ફરી વખત મોબાઇલ માર્કેટ ધમધમવા લાગી હતી. છતાં કેન્દ્રીય એજન્સીઓના હાથમાં શું આવ્યું તે વિશે જોરશોરથી અટકળો વ્યકત થતી હતી.

એવી ચર્ચા છે કે મોબાઇલ વિક્રેતાઓ દ્વારા ટેકસ ચોરી, બોગસ ઇનપુટ ટેકસ ક્રેડીટ તથા મોબાઇલના ગ્રે માર્કેટ જેવા વ્યવહારોની બાતમી પરથી ગાંધીધામની ડીજીજીઆઇ કચેરી દ્વારા આ દરોડા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.વિદેશથી બારોબાર મોબાઇલ મંગાવીને લોકલમાં વેંચાતા હોવાનું પણ કહેવાય છે અને તે પણ દરોડા પાછળનું એક કારણ હોવાનું માનવામાં આવી રહ્યું છે. બીલ વગરના મોબાઇલના વ્યવહારો પણ ચકાસવામાં આવ્યા હતા.

એમ કહેવાય છે કે, તપાસનીશ ટીમ દ્વારા મોબાઇલ વિક્રેતાઓના ઢગલાબંધ હિસાબી દસ્તાવેજો જપ્ત કરવામાં આવ્યા હતા. ઉપરાંત કોમ્પ્યુટર હિસાબોની પણ ઝીણવટભરી ચકાસણી હાથ ધરવામાં આવી હતી.

તપાસ એજન્સીને મોટુ કૌભાંડ હાથ લાગ્યું હોવાની ચર્ચા છે. અત્રે ઉલ્લેખનીય છે કે તપાસનીશ એજન્સીએ સેન્ટ્રલ જીએસટી વિભાગને પણ આ ઓપરેશનથી દુર જ રાખ્યું હતું. રાજકોટમાં અગાઉ પણ જીએસટી વિભાગ દ્વારા મસમોટુ બોગસ ઇનપુટ ક્રેડીટનું કૌભાંડ પકડી પાડવામાં આવ્યું હતુ જેમાં ૯૨.૯૭ કરોડની ટેકસ ચોરીનો ખુલાસો થયો હતો.

# લખતર સ્ટેશનનો વ્યાપક પુનઃ વિકાસ: ’અમૃત ભારત યોજના’ હેઠળ ૩.૯૮ કરોડના ખર્ચે કાયાકલ્પ

## મુસાફરો માટે આધુનિક, સુરક્ષિત અને સુવિધાજનક સ્ટેશનની દિશામાં મોટું કદમ

રાજકોટ: પશ્ચિમ રેલવેના રાજકોટ રેલવે ડિવિઝન દ્વારા મુસાફરોની સુખદ અને સુરક્ષિત મુસાફરીની દિશામાં એક મોટી ઉપલબ્ધિ હાંસલ કરવામાં આવી છે. ’અમૃત ભારત સ્ટેશન યોજના’ (છમ્જીજી) અંતર્ગત ?૩.૯૮ કરોડના ખર્ચે લખતર સ્ટેશનનું વ્યાપક પુનઃવિકાસ કાર્ય લગભગ પૂર્ણ થઈ ગયું છે. હવે આ સ્ટેશન માત્ર આધુનિક સુવિધાઓથી સજ્જ નથી, પરંતુ તેની નવી ભવ્ય સ્થાપત્ય કલા સાથે સૌરાષ્ટ્રની રેલ કનેક્ટિવિટીને નવી ઊંચાઈ પ્રદાન કરી રહ્યું છે.

મુખ્ય ફેરફારો જે મુસાફરીનો અનુભવ બદલી નાખશે:

સ્ટેશનને સંપૂર્ણપણે ’દિવ્યાંગજન અને વરિષ્ઠ નાગરિકોને અનુકૂળ’ બનાવવામાં આવ્યું છે. વિશાળ સર્ક્યુલેટિંગ એરિયાના વિકાસથી સ્ટેશન પરિસરમાં વાહનોની અવરજવર સરળ અને વ્યવસ્થિત બનશે. પુનઃવિકાસના મુખ્ય આકર્ષણો નીચે મુજબ છે:

નવું સ્ટેશન બિલ્ડિંગ અને ભવ્ય પ્રવેશ: ૩૧૨૫ ચોરસ ફૂટમાં ફેલાયેલું નવું સ્ટેશન બિલ્ડિંગ અને ૨૪ ફૂટ પહોળો ભવ્ય પ્રવેશ/નિકાસ દ્વાર મુસાફરોની અવરજવરને અવરોધરહિત બનાવશે.

બહેતર પ્રતીક્ષા સુવિધા: મુસાફરો માટે ૧૨૨૦ ચોરસ ફૂટમાં આધુનિક છઝ અને સામાન્ય પ્રતીક્ષાલયો બનાવવામાં આવ્યા છે. સાથે જ, એક સુસજ્જ VIP રૂમ પણ તૈયાર કરવામાં આવ્યો છે.




વિશાળ શેલ્ટર અને પ્લેટફોર્મ: પ્લેટફોર્મ નંબર ૧ અને ૨ પર ૧૨,૦૦૦ ચોરસ ફૂટનો કવર શેડ મુસાફરોને તડકા અને વરસાદથી બચાવશે. આ ઉપરાંત ૯૦,૫૦૦ ચોરસ ફૂટથી વધુ પ્લેટફોર્મ વિસ્તારનું સુદ્રઢીકરણ કરવામાં આવ્યું છે.

પર્યાવરણ અને સુશોભન: સ્ટેશન પરિસરમાં ૧,૦૦૦ ચોરસ ફૂટનો ’ગ્રીન પેચ’ વિકસાવવામાં આવ્યો છે, જે મુસાફરોને તાજગીભર્યો અનુભવ આપશે.

સુગમ પાર્કિંગ અને સર્ક્યુલેટિંગ એરિયા: ૧૧૮૦ ચોરસ ફૂટનો પાર્કિંગ વિસ્તાર અને ૧૦,૯૦૦ ચોરસ ફૂટનો સુવ્યવસ્થિત સર્ક્યુલેટિંગ એરિયા સ્ટેશન પર થતી ભીડને ઓછી કરશે.

દિવ્યાંગજનો માટે વિશેષ જોગવાઈ: રેલવેએ સમાવેશી માળખાગત સુવિધાઓ પર ધ્યાન કેન્દ્રિત કરીને લખતર સ્ટેશન પર ટેક્ટાઈલ ટાઈલ્સ, વિશેષ સાઈનેજ, હેન્ડ રેલ, સમર્પિત પાર્કિંગ સ્લોટ અને રેમ્પની સુવિધા સુનિશ્ચિત કરી છે.

આધુનિક શૌચાલય: ૪૮૦ ચોરસ ફૂટનું આધુનિક શૌચાલય સ્વચ્છતા અને સુવિધામાં વધારો કરશે.

રાજકોટ ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી ગિરિરાજ કુમાર મીનાના જણાવ્યા અનુસાર, "અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ લખતર સ્ટેશનનો આ પુનઃવિકાસ મુસાફરો માટે સુગમતા અને ગરિમાપૂર્ણ મુસાફરીનો નવો માપદંડ સ્થાપિત કરશે. આધુનિક પ્રતીક્ષાલયોમાં બેસવાની શ્રેષ્ઠ વ્યવસ્થા, વેન્ટિલેશન અને શાંત વાતાવરણ મુસાફરોના અનુભવને વધુ સુખદ બનાવશે. આધુનિક માહિતી પ્રણાલી, બહેતર પ્રકાશ વ્યવસ્થા, સ્વચ્છ પરિસર અને સુવ્યવસ્થિત પ્રવેશ-નિકાસ મુસાફરોને સુરક્ષિત વાતાવરણ પૂરું પાડશે."

# ૯મા માળેથી પટકાતા ૧૦ વર્ષીય ક્રિશિવ ભેંસાણીયાનું મોત

## સીડીની ગ્રીલ પર લપસીયા ખાતી વખતે રમતા રમતા પડી ગયો

રાજકોટ: શહેરના પુનિતનગરમાં ૯મા માળેથી પટકાતા ૧૦ વર્ષીય ક્રિશિવ ભેંસાણીયાનું મોત નીપજ્યું હતું. કોઠારીયા રોડ પર આસોપાલવ સોસાયટી રહેતો ક્રિશિવ પોતાના દાદાના ઘરે ગયો હતો ત્યારે બનાવ બન્યો હતો.

મળતી માહિતી મુજબ, ક્રિશિવ કલ્પેશભાઈ ભેંસાણીયા (ઉ.વ.૧૦, રહે.આસોપાલવ સોસાયટી શેરી નં.૨, કોઠારીયા રોડ, રાજકોટ) ગઈકાલે પોતાના દાદાના ઘરે પુનિતનગરમાં આવેલ વૃંદાવન સિટી એપાર્ટમેન્ટ ખાતે હતો. જ્યાં સાંજના સાડા પાંચેક વાગ્યે રમતા રમતા ૯મા માળેથી પડી જતા માથે શરીરે ઈજા થઈ હતી. તેને તત્કાલ પ્રથમ સારવાર આયુષ્માન હોસ્પિટલ ૮૦ ફુટ રોડ બાદ વોકહાર્ટ હોસ્પિટલમાં લાવતા ફરજ પરના ડોક્ટરે મૃત જાહેર કર્યો હતો. પોલીસ સૂત્રોએ જણાવ્યું કે, ક્રિશિવ પોતાના દાદાના ઘરે સીડીની ગ્રીલ પર લપસીયા ખાતી વખતે રમતા રમતા પગથિયાંના ગેપમાંથી પડી ગયો હતો. ક્રિશિવના પિતાને કારખાનું છે. તે પોતાના માતા પિતાનું એકનું એક સંતાન હતો. કારખાનેદારના એકના એક પુત્રના મોતથી પરિવારમાં કલ્પાંત છવાયો હતો.

**પશ્ચિમ રેલ્વે**
**રાજકોટ મંડળ**

**BTPN વેગન સ્ટીમ ક્લીનિંગ સુવિધાઓમાં વધારો**

ટેન્ડર સૂચના ક્રમાંક DRM/RJT/E-Tender/૨૦૨૫-૨૦૨૬/૪૬(EL) તારીખ ૧૬.૦૧.૨૦૨૬ ટેન્ડર ક્રમાંક: DRM/RJT/EL/૨૦૨૫-૨૦૨૬/૪૬ (i) કાર્યનું નામ: હાપા: BTPN વેગન સ્ટીમ ક્લીનિંગ સુવિધાઓમાં વધારો (ii) અંદાજિત કિંમત: રૂા. ૩૩,૧૩,૭૪૨.૬૦/- (iii) EMD કિંમત: રૂ. ૬૬,૩૦૦/- (iv) ઓનલાઈન અરજી કરવાની તારીખ અને સમય: ૦૯.૦૨.૨૦૨૬ ૧૫.૦૦ કલાક સુધી (v) કાર્યાલયનું સરનામું: ડિવિઝનલ રેલ્વે મેનેજર (ઈલેક્ટ્રિકલ), પશ્ચિમ રેલ્વે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ - ૩૬૦૦૦૧ વેબસાઈટ વિગતો: "www.ireps.gov.in"

RJT 186

અમને લાઇક કરો: facebook.com/WesternRly

સૌરાષ્ટ્ર આસપાસ

Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

# ગરીબી સામેની લડાઈમા ભારતની ભૂમિકા

વિશ્વ આજે એક વિસંગત સ્થિતિમાંથી પસાર થઈ રહ્યું છે. એક તરફ ગરીબી સામે છેલ્લા ત્રણ દાયકામાં ઇતિહાસમાં સૌથી ઝડપી પ્રગતિ થઈ છે, તો બીજી તરફ હવે આ ગતિ ધીમી પડતી હોવાના સંકેતો સ્પષ્ટ દેખાઈ રહ્યા છે. દુનિયાની ગરીબ અર્થવ્યવસ્થાઓ સ્થિરતા તરફ જઈ રહી છે, પરંતુ નવી ચિંતાઓ પણ ઊભી થઈ છે. આ સમગ્ર પરિપ્રેક્ષ્યમાં ભારત એક મહત્વપૂર્ણ અપવાદ તરીકે સામે આવે છે, જ્યાં ગરીબી સતત ઘટી રહી છે અને બીજા દેશોમાં તેમાં ઘટાડો થવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.વિશ્વ સ્તરે જોવામાં આવે તો ૨૦૨૨માં વિશ્વની અંદાજે ૧૦ ટકા વસ્તી આંતરરાષ્ટ્રીય ગરીબી રેખા નીચે જીવતી હતી. લગભગ ૮૪ કરોડ લોકો પ્રતિદિન રૂ.૧૯૦ એટલે કે ૨.૧૫ ડોલરથી ઓછા ખર્ચે જીવન વિતાવી રહ્યા હતા. છતાં, આ આંકડો ભૂતકાળની તુલનામાં ઘણો સુધારેલો છે. છેલ્લા ૩૫ વર્ષમાં રોજે રોજ સરેરાશ ૧.૧૫ લાખ લોકો અત્યંત ગરીબીમાંથી બહાર આવ્યા છે. કુલ મળીને લગભગ ૨૩૦ કરોડ લોકો અત્યંત ગરીબીમાં હતા, જેમાંથી ૧૫૦ કરોડ લોકો હવે તે સ્થિતિમાંથી બહાર આવી ચૂક્યા છે. આ માનવ ઇતિહાસની એક મોટી સિદ્ધિ ગણાય.



પરંતુ આ સફળતાની સાથે ચેતવણી પણ જોડાયેલી છે. ૨૦૩૦ સુધીમાં શૂન્ય અત્યંત ગરીબીનું લક્ષ્ય રાખવામાં આવ્યું હતું, પરંતુ હાલના સંકેતો દર્શાવે છે કે તે લક્ષ્ય પૂરું થવામાં મુશ્કેલી પડી શકે છે. અનુમાન મુજબ ૨૦૩૦ સુધીમાં પણ લગભગ ૬૨ કરોડ લોકો અત્યંત ગરીબીમાં રહી શકે છે અને ત્યારબાદ આ સંખ્યા ફરી વધવાની શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી છે. વૈશ્વિક સ્તરે ગરીબી સામેની લડાઈ હવે સરળ નથી રહી.

આ વૈશ્વિક ચિંતાઓ વચ્ચે ભારતની સ્થિતિ આશાજનક છે. દેશમાં છેલ્લા દાયકાઓમાં ગરીબી ઘટાડવામાં નોંધપાત્ર પ્રગતિ થઈ છે. ૨૦૧૧-૧૨માં ભારતનો અત્યંત ગરીબી દર ૧૬.૨ ટકા હતો, જે ૨૦૨૨-૨૩માં ઘટીને માત્ર ૨.૩ ટકા થયો છે. ગ્રામિણ વિસ્તારોમાં ગરીબી દર ૧૮.૪ ટકાથી ઘટીને ૨.૮ ટકા થયો છે, જ્યારે શહેરી વિસ્તારોમાં તે ૧૦.૭ ટકાથી ઘટીને ૧.૧ ટકા થયો છે. એક દાયકામાં ૧૭ કરોડથી વધુ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા છે, જે ભારત માટે એક ઐતિહાસિક સિદ્ધિ છે.ભારતમાં આ પરિવર્તન પાછળ અનેક કારણો જવાબદાર છે. છેલ્લા દોઢ દાયકામાં દેશની આર્થિક વૃદ્ધિ મોટા દેશોની તુલનામાં ઝડપી રહી છે. સેવા ક્ષેત્ર આજે જીડીપીમાં લગભગ ૫૫ ટકા હિસ્સો ધરાવે છે અને ઉત્પાદન ક્ષેત્રનો હિસ્સો આશરે ૨૭ ટકા છે. આ બંને ક્ષેત્રોએ રોજગાર સર્જન કરીને ગરીબીમાંથી નીચલા અને મધ્યમ વર્ગ તરફના પરિવર્તનને વેગ આપ્યો છે. ૨૦૨૬-૨૭ સુધીમાં ભારતની વૃદ્ધિ દર ૭ ટકા સુધી પહોંચવાની ધારણા છે, જ્યારે વૈશ્વિક સરેરાશ વૃદ્ધિ માત્ર ૨.૮ ટકા આસપાસ રહેવાની શક્યતા છે.

આર્થિક વૃદ્ધિની સાથે સાથે બહુપરિમાણીય ગરીબીમાં પણ નોંધપાત્ર ઘટાડો થયો છે. ગરીબી હવે માત્ર આવકનો મુદ્દો નથી, પરંતુ પોષણ, આરોગ્ય, શિક્ષણ, સ્વચ્છતા, પીવાનું પાણી, વીજળી, ઇંધણ અને આવાસ જેવી મૂળભૂત સુવિધાઓની ઉપલબ્ધિ સાથે પણ જોડાયેલી છે. નેશનલ ફેમિલી હેલ્થ સર્વેના આંકડા દર્શાવે છે કે ૨૦૦૫-૦૬ની તુલનામાં ૨૦૧૯-૨૧ દરમિયાન પોષણ, માતૃ સ્વાસ્થ્ય, બાળ મૃત્યુ દર, શાળામાં હાજરી, સ્વચ્છતા અને વીજળીની ઉપલબ્ધિમાં મોટા સુધારા થયા છે. બેંક ખાતાઓની વ્યાપક ઉપલબ્ધિએ પણ ગરીબ વર્ગને મુખ્યધારા સાથે જોડવામાં મહત્વની ભૂમિકા ભજવી છે.ગરીબી સામેની લડાઈમાં વિવિધ મોડલો વિશ્વમાં અજમાવાયા છે. કેરળ મોડલ તેનું એક ઉત્તમ ઉદાહરણ છે. ૧૯૬૦ના દાયકાથી કેરળે શિક્ષણ અને આરોગ્યમાં સતત રોકાણ કર્યું. ગરીબીને ફક્ત રોજગારના અભાવ તરીકે નહીં, પરંતુ માનવ વિકાસની ખામી તરીકે જોવામાં આવી.

# જીવ પ્રાણીમાત્ર પ્રત્યે સંવેદના/અનુકંપા/દયા

**ભારતના બંધારણ પ્રમાણે નાગરિકની સાતમી ફરજ મુજબ, કુદરતી વાતાવરણ અને ચેતન-જીવંત વસ્તુ પ્રત્યે સંવેદના/ અનુકંપા/દયા અન્વયે એક પશુબલી અટકાવીને શિક્ષિત યુવાને ધર્માંધ લોકો દ્વારા થતી જીવહિંસા રોકી અને તેને બંધ કરવાની વ્યવસ્થા કરાવી.**



### અલપ ઝલપ
-ડો. મનહર ઠાકર

ગામથી દૂરના એ જંગલમાં ભાગ્યે જ નીકળવાનું થાય. જ્યારે જ્યારે એ બાજુ જવાનું થાય ત્યારે મીઠા તળાવની બાજુમાં આવેલી ગુફામાં ઘુવડનો અવાજ સાંભળવાનું કોઈ ચૂકે નહીં. ત્યાં અનેક નાની મોટી છીબરીઓ, કેટલીક નાનકડી તો કેટલીક મોટી, ભમરીઓ આવજા કરતી હોય છે. આજુબાજુ લીમડાનાં ઝાડ વચ્ચે નિરાંતે શીતળ છાંયામાં પોઢેલા જંગલી કૂતરાઓ ઊંઘતા જ હોય. આજે કોણ આ ગુફા પાસે આવ્યું છે, એટલું જોવા માટે તે કૂતરાં આંખો ઉઘાડીને બંધ કરી દેતાં હોય છે.

આ ગુફાને સૌ ભેંકાર ગુફા તરીકે ઓળખે છે. કેમ કે તેની આજુબાજુ ખામોશી, નિસ્તબ્ધતા ફેલાયેલી છે. અહીં કોઈ માણસ નહીં, કંઈ સુવિધા નહીં, કોઈ આશરો, વિસામો નહીં. સાવ ઉજ્જડ ને અવાવરું સ્થાન. તળાવને અડીને ઊભેલાં ડુંગરની ભેખડ પરની શિલાઓની પ્રાકૃત ગોઠવણીથી બનેલી આ ગુફા જૂના જમાનાનો જાણે કોઈ ગેબી અણસાર આપતી હતી. તેની આસપાસ ગોઠવાયેલા ખડકો પર કોઈ મોટાં પક્ષીઓની ચરકના સફેદ લીટા જાગંદર જોગીના કપાળે કરેલાં તિલક સમાં ઓપતાં હતાં.

અહીં પવનમાં શીતળતા હતી. વગડો વીંધવા નીકળેલો એક યુવાન એક પછી એક ખડકો પર નજર ફેરવી રહ્યો હતો. સામેના એક ખખડધજ લીમડાના છાંયડે એક કાળમીંઢ ખડક પર તે બેઠો. બાજુની એક શિલા પર બેસીને એક મોટું પક્ષી તેને તાકી રહ્યું. તે યુવાન સામે માલાજીનો કોલેજ સમયનો ચહેરો તરવરવા માંડયો. એ ઘણી વાર રસ્તામાં કોલેજ આવતાં મળી જતો, મને આગ્રહ કરીને સાઈકલ પર બેસાડતો. હું તેને કહેતો, લાવને હું સાઈકલ ખેંચી લઉં....એ તરતજ હસી પડતો : મને કમજોર ન સમજતો.. કુદરતે ઘણું કૌવત દીધું છે. દોસ્ત... બીજાને તકલીફ આપે તો માલાજી શાનો ? એ તંદુરસ્ત હતો. પણ...

આ ભયાનક પક્ષીને જોતાં જ યુવાનને માલાજી સાંભરી આવ્યો. એના જેવી આંખો અને તાકી તાકીને યુવાન સામે જોઈ રહેવાની આદત બન્નેની સરખી જ લાગી. એક અજાણ્યા મોટા પક્ષીની બીક લાગી એટલે યુવાન ત્યાંથી ઊભો થઈને જંગલમાં આગળ વધ્યો.

એક ઘટાટોપ વડલાની વડવાઈઓ જેમાં ઝબોળાતી એવા નદીના ભરચક વહેતાં પાણીના ધરા પાસે આવીને તે ઊભો રહ્યો. એના કાળા ડિબાંગ પાણી અને ઉપર ઘેઘૂર વડલાના અંધારિયા છાંયામાં ધોળા દિવસે પણ બીક લાગે એવી ભયાનકતા. એમાંયે વડલાના તોતિંગ થડ ફરતે વડવાઈઓના થર બાજી ગયેલા એવા કુદરતી રચનાવાળા અંધારિયા મંદિરમાં કોઈ દેવનું સ્થાનક છે. એવા ગભારામાં તેલ ભરેલા મોટા કોડિયામાં લાંબી જ્યોતે સળગતા દીવાના અજવાળે લાંબાં ને મોટાં ત્રિશૂળ દેખાયાં. જેના પર તેલ લગાવીને ચોપડેલા સિંદૂર વડે એ એવા તગતગે, તેની સામે નજર થઈ જાય તો બીક લાગતી. ત્યાં એકલા જવાની કોઈ હિમ્મત ન કરે એવું એ ભેંકાર સ્થાન. છતાં ગોવાળિયાઓ તો ભરબપોરે વડલાની છાંયામાં ઢોરઢાંખરને વિસામે બેસાડી, વડલાની વડવાઈએ લટકીને હિંચકા ખાતા ને એમ હિંચોળીને ધરામાં ધૂબકા દેતા તેને દેખાયા. યુવાને પૂછ્યું, ' આ શાનું સ્થાન છે ?'

' કાળિયા કવાની મેલડીનું '

' અહીં લોહી રેડાયેલું છે, તે શા માટે ? '

' જેણે મેલડીની માનતા રાખી હોય તે બહાર ગામથી આવીને અહીં બકરાનું માથું વાઢીને ભોગ ચડાવે એનું લોહી છે.'

' એ તો જીવહિંસા કરી કહેવાય.'

' એ વાત સાચી પણ અંધશ્રદ્ધા અને ધર્મનું અજ્ઞાન જેનામાં હોય એવા ધર્માંધ લોકો આવું કરે છે.'

' તમે બધા દરરોજ અહીં ઢોર ઢાંખર લઈને આવતાં હશો ને ? '

' હા, હો સવારથી સાંજ લગણ અમે અહીં જ ધામા નાખીએ હો. '

'તમે બધા ગોવાળિયાઓ ધારો તો આ સ્થાને જીવહિંસા અટકાવી શકો.'

એટલી વારમાં એક બકરો લઈને તેનો બલી ચડાવવા માટે ત્રણ જણા આવ્યા.

યુવાને અહીં બકરાનો વધ કરવાની તેને ના પાડી. જીવહિંસાના પાપ વિશેની સમજણ આપી પણ ત્રણ પૈકી એક ભુવો ધૂણ્યો ને બોલ્યો, ' મેલડી ભોગ માંગે છે.'

યુવાન મક્કમ રહ્યો. તેણે જીવહિંસા થતી ટકાવી રાખી. ગોવાળિયાઓ તેની સાથે જોડાયા. બકરાનો વધ કરવા ન દીધો. બે ગોવાળિયા નજીકના ગામમાંથી સરપંચ તથા આગેવાનોને બોલાવી લાવ્યા. બધી ચડાવવા આવેલા ધર્માંધ ત્રણ જણા સામે મોટું ટોળું એકઠું થઈ ગયું ને બકરાનો વધ થતો અટકાવ્યો.

સરપંચ અને ગ્રામજનોની સહીઓ લઈને યુવાને જિલ્લાના પોલીસ સુપ્રિટેન્ડેન્ટને અરજી લખી મોકલી કે આ સ્થળે દર રવિવારે અને મંગળવારે જીવહિંસા થતી હોવાથી પોલીસ મૂકવી.

પોલીસ સુપ્રિટેન્ડેન્ટે અરજી વાંચીને પૂરતો પ્રબંધ કરીને પોલીસ ગોઠવી દીધી. એક શિક્ષિત યુવાને આપણા રાષ્ટ્રીય બંધારણ અનુસાર જીવ પ્રાણીમાત્ર પ્રત્યે અનુકંપા-સંવેદના-દયા રાખવી અને તેનું જતન કરવાની કલમ સાકાર કરવામાં સફળતા મેળવી.

# ધર્મની નિંદા ન કરો, ઉપેક્ષા પણ ન કરો, જ્યારે જિજ્ઞાસા જાગે ત્યારે તેનું ચરણ પકડો

### કરંટ ટોપિક

સાધકે મનથી શું કરવાનું? મનથી અને બુદ્ધિથી ધર્મને સમજવાનો. જ્યારે ધર્મની જિજ્ઞાસા જાગે, ત્યારે ઋષિમુનિઓ ધર્મનું પાણી પાય. એમનેમ ન પકડાવી દે, તમે પકડી લ્યો. એવી ગતાનુગતિ ધર્મમાં ન ચાલે, બાપ! અને ગતાનુગતિ ધર્મે કેટલી વાર પ્રહારો સહન કર્યા છે. તૃષાતુરને પાણી આપો. ભૂખ લાગે ત્યારે ખૂબ જમાડો. પણ પેલો ના પાડે છે તો એને પરાણે જમવાનું ન કહો. બુદ્ધિથી ધર્મ સમજવાનો આ પહેલું સૂત્ર છે 'માનસ'નું.

ભૂખ લાગે ત્યારે એને આપો. આપણે શું કરીએ છીએ કે નહિ, તને ખબર ન પડે તોયે તું પાળ અને પરિણામે યુવાન ધર્મથી દૂર થાતો જાય છે. એને છૂટ આપવી જોઈએ અને આ મૂળ મંત્રો છે. એને તમે પરાણે માળા ન આપો. ઘણા મારી પાસે પોતાના છોકરાઓને લઈને આવે, કહે કે બાપુ, તમે આના ગળામાં માળા નાખો ને. હું કહું કે હું કોઈને માળા આપતો જ નથી. હું કોઈના ગળામાં કંઠી નાખતો જ નથી, મારું હાલે તો એનો કંઠ જ પકડું છું. કંઠી તો તોડી નાખે. ઘણા છોકરાઓને પરાણે પગે લગાડે, પગે લાગ બાપુને, પછી રોવે-નહીં. તમે એનામાં ભૂખ જાગવા દો, તમે એનામાં જિજ્ઞાસા જાગવા દો. પછી તમારું એ બાળક જે ધાર્મિક થશે, એ ક્રાંતિ કરશે. તમે ગતાનુગતિ પકડાવી દો, એનાથી એટલી ક્રાંતિ નહિ થાય.શ્રી હનુમાનજી મહારાજ રામને કિષ્કિંધધામાં મળવા માટે આવ્યા, પણ જ્યાં સુધી કંઈ દેખાયું નહિ, ત્યાં સુધી માથું નથી નમાવ્યું. દંડવત્ તો પછી જ કર્યા છે. એક વ્યક્તિ આવી, મહાપુરુષ છે, એટલે આદર આપી દીધો, મસ્તક ઝુકાવ્યું. પણ ચરણસ્પર્શ-ચરણ પકડાવો વિધિ, તો જ્યારે પૂરેપૂરું જાણી લીધું ત્યારે જ પકડ્યા. આ પાઠથી તમે પરિચિત છો. ધર્મ તત્ત્વ અતિ ગુહ્ય છે.

યુવાન ભાઈ-બહેનો, ભગવાન મહાવીર સ્વામીએ ખાસ કહ્યું છે, મને એનું વાક્ય બહુ ગમે. બુદ્ધ પણ એવું જ બોલ્યા છે. બુદ્ધનાં વાક્યો અતિ સુંદર છે.

મને દુનિયામાં લોકો બુદ્ધ કહે છે, આદર આપે છે, જ્યાં જાઉં ત્યાં હજારો લોકો મને ગ્રહે છે. નારો હિંદુસ્તાન અને એની સરહદની બહાર લાગી ગયો છે. તો પણ હે ભિક્ષુ,તું એમનેમ મને નહીં પકડીશ.મારા ગૌરવને જોઇને તું મારા પગ ન પકડીશ. મારા મહિમાને જોઇને, મારી વાતને તું એમનેમ ન સ્વીકારી લે. ગતાનુગતિ ન કર. મારી વાણીની તું બુદ્ધિથી પરીક્ષા કર અને તારા અંતઃકરણમાં ભૂખ જાગે અને મારી વાણી જો તને ખોરાકનું કામ કરતી હોય, ત્યારે તું એ વાણીને ગ્રહણ કર.



આપણે ત્યાં જે એમનેમ પકડાવી દેવાની વાત વચ્ચે આવી, એણે ઘણું નુકસાન કર્યું. એની બુદ્ધિ પ્રમાણે એને કરવા દો. એટલા માટે તો કૃષ્ણ ગીતામાં કહે છે કે મેં તો તને ઘણું કહ્યું, પણ તું તારી બુદ્ધિ પ્રમાણે કર. મેં તો તને ઘણું કહી દીધું, આખી ગીતા કહી, પણ તું તારી બુદ્ધિ પ્રમાણે નિર્ણય કર. તને પ્રજ્ઞા આપી છે,તું એનો ઉપયોગ કર. યુવાન ભાઈ-બહેનો માટે આ સૂત્ર જરૂરી છે. નિંદા ન કરો ધર્મની, ઉપેક્ષા પણ ન કરો ધર્મની, પણ ધર્મનું ચરણ ત્યારે જ પકડો, જ્યારે તમારામાં ભૂખ જાગે. પછી તમે જે પકડશો, એ વાત કંઈક જુદી જ હશે. એ સ્વરૂપ કંઈક જુદું જ હશે.મુંબઈમાં સચિવાલયમાં એક હાજરીપત્રક-કોઈના પ્રવચનમાં સાંભળેલું, બન્યું હશે કે નહિ એ ખબર નહિ, જોકે આજકાલ આવું બનતું જ હોય છે કે આ હાજરીપત્રકમાં મોડા પડવાનું કારણ જે કર્મચારી મોડો આવે તે લખે કે ટ્રાફિક જામ હોવાથી, ને પછી ટૂંકી સહી કરે. પછી બીજો કર્મચારી જે આવે એ કંઈ જુએ નહિ, સદર 'કરે ને સહી કરે.' એક દિવસ એક સત્સંગી માણસ મોડો પડ્યો, ખોટું બોલે નહિ. એટલે એણે સાચું કારણ લખ્યું કે મારી પત્નીને પ્રસૂતિ કાળ નજીક હોવાથી હોસ્પિટલમાં દાખલ કરવા ગયો હતો તેથી મોડો પડ્યો, આમ કરીને સહી કરી. એના પછી જેટલા આવ્યા, એ બધાએ સદર કર્યું. મૂઢ-વ્યવહારમાં આવું થાય, ત્યાં સુધી વાંધો નહિ. ધર્મમાં ન થવું જોઈએ. ધર્મ તો બધાનું પોતાનું આગવું ફૂલ છે બાપ!

બધા દેવતાઓએ પોતપોતાની રીતે સ્વતંત્રતાથી ફૂલો પસંદ કર્યા છે. કોઈએ દૂર્વા, કોઈ આંકડો, કોઈ ગુલાબ, કોઈ કમળ તો કોઈ મોરપીંછ પસંદ કરે, ક્યાંય ગતાનુગતિ નહીં. સૌની પોતપોતાની નિજતા અને સ્વતંત્રતા હોય છે. 'મારી વાતને પરીક્ષા કરીને હે ભિક્ષુ તું પસંદ કર'. ન તું ગૌરવાત...મારા ગૌરવને જોઈને આંધળી દોટ ન મૂકીશ. મારો તો લોકો જયજયકાર કરે છે તેથી મારી વાત એમને એમ માની લેવાની જરૂર નથી. તેમ મારે તમને પણ કહેવું છે કે રામાયણનાં સૂત્રોને તમે બરાબર પરીક્ષા કરી, કસોટી કરીને અને એ બરાબર છે એમ ન લાગે ત્યાં સુધી એમ ને એમ ન પકડશો. એને બરાબર પકડજો. મહાવીર સ્વામીએ પણ આવી જ ભાષામાં કહ્યું છે કે તમે મારું આંધળું અનુસરણ ન કરો. મને બરાબર જોજો. ભગવાન કૃષ્ણે તો આવી છૂટ આપી જ છે. જેટલા જેટલા મહાપુરુષો થયા તેમણે આ વાતને બળ આપ્યું છે. શ્રી હનુમાનજીના જીવનમાં મન અને બુદ્ધિ દ્વારા ધર્મનો સ્વીકાર છે. એમણે ધર્મ સ્વરૂપ રામનાં ચરણો બુદ્ધિપૂર્વક પકડ્યા છે. આપણી અંદરના ધર્મને જ્યારે ભૂખ લાગે ત્યારે બુદ્ધિપૂર્વક એના પગ પકડો, એમ ને એમ નહીં. તરસ લાગે ત્યારે પાણી આપો. મારાં ભાઈ-બહેનો,આ ઉપદેશ નથી. હું તમારી સાથે ચર્ચા કરું છું અને એ પણ બુદ્ધના શબ્દોમાં ફરી ફરીને કહેવા માગું છું કે પરીક્ષ્ય ભીક્ષવો...ધર્મને તમે તમારી રીતે સમજજો અને પછી ગ્રહણ કરજો. યોગ્ય લાગે તો તમારું છે.

# રાષ્ટ્રની આર્થિક પ્રગતિનો માપદંડ એટલે જી.ડી.પી.

### આસપાસ ચોપાસ
સુરેશ ભટ્ટ

આજે દેશમાં જીડીપી શબ્દની વ્યાપક ચર્ચા થઈ રહી છે. સરકારથી લઈને સામાન્ય નાગરિક સુધી સૌ કોઈ જીડીપીના આંકડાઓ તરફ નજર રાખે છે, કારણ કે જીડીપી કોઈ પણ દેશની આર્થિક તાકાતનું પ્રતિબિંબ ગણાય છે. જીડીપી એટલે ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ, એટલે કે એક વર્ષ દરમિયાન દેશમાં ઉત્પન્ન થતી તમામ વસ્તુઓ અને સેવાઓની કુલ કિંમત. ખેતી, ઉદ્યોગ, વેપાર, સેવા ક્ષેત્ર, રોજગાર—આ બધાનું સરવાળો એટલે જીડીપી. સરળ શબ્દોમાં કહીએ તો દેશ આખા વર્ષે કેટલું કામ કરે છે અને તેમાંથી કેટલું મૂલ્ય ઊભું કરે છે, તેનું નામ જીડીપી.

**સરળ શબ્દોમાં કહીએ તો દેશ આખા વર્ષે કેટલું કામ કરે છે અને તેમાંથી કેટલું મૂલ્ય ઊભું કરે છે, તેનું નામ જી.ડી.પી.**


જે રીતે પરીક્ષાના પરિણામ પરથી વિદ્યાર્થીની મહેનત અને ક્ષમતા માપી શકાય છે, એ જ રીતે જીડીપી કોઈ દેશની આર્થિક કામગીરીનો અહેવાલ આપે છે. કયો ક્ષેત્ર આગળ વધી રહ્યો છે, ક્યાં ગતિ ધીમી છે અને ક્યાં સુધારાની જરૂર છે, તેની ઝાંખી જીડીપીના આંકડાઓથી મળે છે. એટલા માટે જ કેન્દ્ર સરકાર, તેની સાથે જોડાયેલી એજન્સીઓ અને ખાનગી સંસ્થાઓ સતત આંકડાઓ એકત્ર કરી જીડીપી જાહેર કરે છે. દુનિયાના દરેક દેશ પોતાનો જીડીપી કાઢે છે અને ભારત જેવા વિશાળ દેશમાં રાજ્યોનો પણ અલગથી જીડીપી ગણવામાં આવે છે.

આજે ભારત દુનિયાની ચોથી સૌથી મોટી અર્થવ્યવસ્થા બન્યું છે, એ સમાચાર માત્ર આંકડાનો વિજય નથી પરંતુ દેશની કાર્યક્ષમતા અને સંભાવનાનો સંકેત છે. ભારતનો જીડીપી વધીને ૪.૧૮ ટ્રિલિયન ડોલર થયો છે. અમેરિકાનો જીડીપી લગભગ ૩૦.૬૧ ટ્રિલિયન ડોલર છે, ચીન ૧૯.૩૯ ટ્રિલિયન ડોલર સાથે બીજા ક્રમે છે, જર્મની ૫.૦૧ ટ્રિલિયન ડોલર સાથે ત્રીજા સ્થાને છે અને ભારત ચોથા ક્રમે પહોંચ્યું છે. આ સ્થાન દર્શાવે છે કે દેશમાં ઉત્પાદન વધી રહ્યું છે, ખરીદ-વેચાણ સક્રિય છે અને વૈશ્વિક મંચ પર ભારતનું આર્થિક મહત્વ વધતું જાય છે. સરકારનું અનુમાન છે કે ૨૦૩૦ સુધીમાં ભારત જર્મનીને પાછળ છોડીને ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની શકે છે.

જીડીપીની ચર્ચા સાથે બજેટનો સંબંધ ખૂબ જ નજીકનો છે. આગામી મહિને રજૂ થનારું બજેટ માત્ર આવક-ખર્ચનો હિસાબ નથી, પરંતુ આવનારા વર્ષની આર્થિક દિશા નક્કી કરતું દસ્તાવેજ છે. બજેટ તૈયાર કરતી વખતે સરકાર જીડીપીના આંકડાઓને આધાર બનાવે છે. કયા ક્ષેત્રે વધુ રોકાણ કરવું, ક્યાં પ્રોત્સાહન આપવું, ક્યાં ખર્ચ ઘટાડવો અને ક્યાં નવી યોજનાઓ લાવવી—આ બધાં નિર્ણયો જીડીપીની સ્થિતિને ધ્યાનમાં રાખીને લેવાય છે. જો જીડીપીમાં વૃદ્ધિ મજબૂત હોય તો સરકાર વિકાસલક્ષી ખર્ચ વધારી શકે છે, અને જો ગતિ ધીમી હોય તો માંગ વધારવા માટે રાહતો જાહેર કરી શકે છે.

રાજ્યોના જીડીપી પર નજર કરીએ તો દેશની અંદરની આર્થિક વિવિધતા પણ સ્પષ્ટ થાય છે. મહારાષ્ટ્ર, તમિલનાડુ અને ઉત્તર પ્રદેશ જેવા રાજ્યો દેશના કુલ જીડીપીમાં મોટો ફાળો આપે છે. આ રાજ્યોમાં ઉદ્યોગ, સેવા ક્ષેત્ર અને ખેતીની સંયુક્ત શક્તિ દેખાય છે. રાજ્યોનો જીડીપી જાણવાથી કેન્દ્ર અને રાજ્ય સરકારો વચ્ચે વિકાસની નીતિઓ વધુ અસરકારક રીતે ઘડી શકાય છે.

હાલમાં જીડીપી વધવું એ સકારાત્મક સંકેત છે, પરંતુ સાથે કેટલીક ચેતવણી પણ છુપાયેલી છે. જીડીપી વધે એટલે આપમેળે દરેક નાગરિક સમૃદ્ધ બની જાય એવું નથી. આવકનું વિતરણ, રોજગારની ગુણવત્તા, મહેંગાઈ અને જીવન ખર્ચ જેવા મુદ્દાઓ પણ એટલા જ મહત્વના છે. તેથી બજેટમાંથી એવી નીતિઓ આવવી જરૂરી છે જે માત્ર આંકડાઓમાં વૃદ્ધિ ન કરે, પરંતુ સામાન્ય માણસના જીવનમાં સુધારો લાવે.



આગામી બજેટથી લોકોની અપેક્ષા છે કે તે જીડીપીની મજબૂત સ્થિતિને આધાર બનાવી રોજગાર સર્જન, શિક્ષણ, આરોગ્ય, ખેતી અને નાના ઉદ્યોગોને પ્રોત્સાહન આપશે. જીડીપી દેશની તાકાત બતાવે છે, પરંતુ સાચી સફળતા ત્યારે ગણાય જ્યારે આ તાકાતનો લાભ દરેક નાગરિક સુધી પહોંચે. આ દિશામાં આવતું બજેટ કેટલું સંતુલિત અને દૃષ્ટિવંત સાબિત થાય છે, તેની પર જ ભારતની આર્થિક યાત્રાનો આગળનો પડાવ નિર્ભર છે.

# વિરાટ કોહલીએ રિકી પોન્ટિંગનો રેકોર્ડ તોડીને સદી સાથે ઈતિહાસ રચ્યો



ઈન્દોર,

ટીમ ઈન્ડિયાના દિગ્ગજ બેટ્સમેન વિરાટ કોહલીએ ઈન્દોરમાં રમાયેલી ત્રીજી વનડેમાં શાનદાર સદી ફટકારી હતી. જોકે, તેની ઈનિંગ ટીમ ઈન્ડિયાને જીત અપાવવામાં નિષ્ફળ ગઈ, અને અંતે ૪૧ રનથી હારી ગઈ. આ મેચમાં વિરાટ કોહલીએ ૧૦૮ બોલમાં ૧૨૪ રન બનાવ્યા. તે ત્રીજા નંબર પર બેટિંગ કરવા આવ્યો. વિરાટ હવે વનડે ક્રિકેટમાં ત્રીજા નંબર પર સૌથી વધુ રન બનાવનાર ખેલાડી બની ગયો છે. આ સંદર્ભમાં, તેણે રિકી પોન્ટિંગનો રેકોર્ડ તોડ્યો છે.

ત્રીજી વનડે પહેલા, રિકી પોન્ટિંગે નંબર ૩ પર સૌથી વધુ રન બનાવવાનો રેકોર્ડ પોતાના નામે કર્યો હતો. તેણે નંબર ૩ પર બેટિંગ કરતી વખતે ૩૩૫ વનડેમાં ૧૨,૬૬૨ રન બનાવ્યા હતા. વિરાટ કોહલીએ હવે નંબર ૩ પર બેટિંગ કરતી વખતે ૨૪૭ મેચમાં ૧૨,૬૭૬ રન બનાવ્યા છે, જેનાથી પોન્ટિંગનો રેકોર્ડ તોડી નાખ્યો છે અને યાદીમાં નંબર ૧ સ્થાન મેળવ્યું છે. યાદીમાં ત્રીજા સ્થાને કુમાર સંગાકારા છે, જેમણે ૨૪૩ મેચમાં ૯,૭૪૭ રન બનાવ્યા છે. કોહલી અને પોન્ટિંગ એકમાત્ર બે બેટ્સમેન છે જેમણે વનડે ક્રિકેટમાં નંબર ૩ પર બેટિંગ કરતી વખતે ૧૦,૦૦૦ થી વધુ રન બનાવ્યા છે.ઈન્દોરમાં આ વિરાટ કોહલીની ઈન્દોરમાં પહેલી સદી હતી. આ મેચ પહેલા, તેણે આ મેદાન પર ચાર વનડે રમી હતી, જેમાં ફક્ત ૯૯ રન બનાવ્યા હતા. વિરાટે પોતાની પાછલી ચાર ઈનિંગ્સમાં એક પણ અડધી સદી ફટકારી ન હતી, પરંતુ આ વખતે તેણે આ મેદાન પર સદી ફટકારી. આ કોહલીની ૫૪મી વનડે સદી છે અને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં તેની ૮૫મી સદી છે.

આ શ્રેણીમાં, વિરાટ કોહલીએ પહેલી મેચમાં ૯૩ રન બનાવ્યા. તેની પાસે સદી ફટકારવાની તક હતી, પરંતુ તે નર્વસ ૯૦નો શિકાર બન્યો, જે તેની સદી સુધી પહોંચવાથી માત્ર સાત રન દૂર રહ્યો. રાજકોટમાં રમાયેલી બીજી વનડેમાં, વિરાટે ફક્ત ૨૩ રન બનાવ્યા, જે ભારતે પણ ગુમાવી દીધી.વનડે શ્રેણીના સમાપન પછી, ટીમ ઈન્ડિયા ૨૧ જાન્યુઆરીથી ન્યુઝીલેન્ડ સામે ટી ૨૦ શ્રેણી રમશે.

# ગુજરાતી સિનેમાની સૌથી મોટી સસ્પેન્સ મર્ડર ફિલ્મ 'બ્લેક બર્થડે' નું ટ્રેલર લોન્ચ થયું

ગુજરાતી સિનેમામાં નવો વળાંક લાવવા માટે સ્ટુડિયો અર્વા પ્રોડક્શન પ્રસ્તુત ફિલ્મ 'બ્લેક બર્થડે'નું દમદાર ટ્રેલર આજે અમદાવાદ ખાતે લોન્ચ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ફિલ્મના મુખ્ય કલાકારો આર્જવ ત્રિવેદી, યોગીતા પટેલ, ચેતન દૈયા, જિતેન્દ્ર ઠક્કર, ધ્રુવી સોની, સ્મિત જોશી, મગન લુહાર, કલ્પેશ પટેલ, ગૌરાંગ જેડી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ હાઈ-વોલ્ટેજ થ્રિલર ડ્રામાનું દિગ્દર્શન બ્રિજેશ બૌદ્ધ અને શાહિદ અલી દ્વારા કરવામાં આવ્યું છે, જ્યારે સાહિલ પટેલ અને વિશાલ પ્રજાપતિએ આ ફિલ્મને પ્રોડ્યુસ કરી છે. ઉલ્લેખનીય છે કે ફિલ્મ ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ રિલીઝ થઈ રહી છે.

ટ્રેલર લોન્ચ દરમિયાન ફિલ્મના નિર્માતા અને દિગ્દર્શકોએ જણાવ્યું હતું કે 'બ્લેક બર્થડે' એ એક એવી રહસ્યમયી વાર્તા છે જે દર્શકોને અંત સુધી જકડી રાખશે. ફિલ્મમાં આર્જવ ત્રિવેદી અને ચેતન દૈયા જેવા સક્ષમ કલાકારોની જુગલબંધી જોવા મળશે, જે ગુજરાતી સિનેમામાં સસ્પેન્સના એક નવા સ્તરની પ્રતીતિ કરાવશે. સ્ટુડિયો અર્વા પ્રોડક્શનના બેનર હેઠળ બનેલી આ ફિલ્મ માત્ર મનોરંજન જ નહી, પરંતુ



એક તદ્દન અલગ પ્રકારનો સિનેમેટિક અનુભવ પૂરો પાડશે.આ ફિલ્મની વાર્તા એક જટિલ ત્રિકોણીય પ્રેમ પ્રકરણની આસપાસ વણાયેલી છે, જે એક ભયાનક વળાંક લેતા રહસ્યમય મર્ડર મિસ્ટ્રીમાં ફેરવાઈ જાય છે. ટ્રેલરમાં જોવા મળતું સસ્પેન્સ અને ડાર્ક થીમ દર્શકોને સતત વિચારવા માટે મજબૂર કરે છે. પ્રેમ, ઈર્ષ્યા અને ગુનાના તાણાવાણા સાથે બનેલી 'બ્લેક બર્થડે' ગુજરાતી સિનેમામાં એક નવી જ ઉંચાઈ પ્રસ્થાપિત કરશે તેવો વિશ્વાસ નિર્માતાઓએ વ્યક્ત કર્યો હતો.

# હું મારા પિતા સામે દરરોજ રડતો હતો, નિષ્ફળતા સામે લડીને શિખર પર પહોંચેલા હર્ષિત રાણાએ દુઃખ શેર કર્યુ



નવીદિલ્હી,

ભારતીય ક્રિકેટમાં ઝડપથી ઉભરતું નામ હર્ષિત રાણા પાસે ફક્ત વિકેટની જ નહીં, પણ આંસુઓ, સંઘર્ષ અને તેના પિતાના અતૂટ વિશ્વાસની પણ વાર્તા છે. જે બોલર હવે આત્મવિશ્વાસથી ભારત માટે મેચ જીતે છે, તે એક સમયે દરેક નિષ્ફળતા પછી તેના પિતા સામે તૂટી પડતો હતો. ૨૦૨૪ માં ભારત માટે ડેબ્યૂ કરનાર હર્ષિત રાણાએ તાજેતરના એક ઈન્ટરવ્યુમાં પોતાના શરૂઆતના વર્ષોના દુઃખ શેર કર્યા.

તેણે કહ્યું, "હું ટ્રાયલ્સમાં જતો, પણ મારું નામ સામેલ ન થતું. પાછા ફર્યા પછી હું દરરોજ મારા પિતાની સામે રડતો. લગભગ દસ વર્ષ આ રીતે પસાર થઈ ગયા, જ્યારે કંઈ જ થતું નહોતું. ઘણી વખત મને હાર માની લેવાનું મન થતું, પણ મારા પિતાએ મને ક્યારેય હાર માની ન હતી."

આજે, એ જ હર્ષિત રાણા નિષ્ફળતાથી ડરતો નથી. ટીકા, ટ્રોલિંગ, કંઈપણ તેને ડગમગવા દેતું નથી. તે પોતે સ્વીકારે છે કે સંઘર્ષના તે વર્ષો તેને માનસિક રીતે અત્યંત મજબૂત બનાવ્યો હતો.

તેણે કહ્યું, "હવે હું જાણું છું કે નિષ્ફળતાને કેવી રીતે હેન્ડલ કરવી." મેં એવા સમય જોયા છે જ્યારે કંઈ પણ મારા પક્ષમાં ન હતું. હવે, હું મારા માર્ગમાં જે પણ આવે તેને સંભાળી શકું છું. તેણે ઈન્દોરમાં ત્રણ વિકેટ લઈને એક મોટો સિમાચિહ્ન હાંસલ કર્યો. તે પહેલી ૧૪ વનડે ઈનિંગ્સમાં ભારત માટે ત્રીજા સૌથી વધુ વિકેટ લેનાર બોલર બન્યો.હર્ષિત પાસે હવે ૧૪ વનડે ઈનિંગ્સમાં ૨૬ વિકેટ છે. આ યાદીમાં ફક્ત અજિત અગરકર (૩૨ વિકેટ) અને ઈરફાન પઠાણ (૨૭ વિકેટ) જ તેનાથી આગળ છે, જેમણે પ્રખ્યાત કૃષ્ણા, રવિચંદ્રન અશ્વિન અને જસપ્રીત બુમરાહ જેવા દિગ્ગજ બોલરોને પાછળ છોડી દીધા છે.હર્ષિતે વિરાટ કોહલી અને રોહિત શર્મા સાથેનો પોતાનો અનુભવ પણ શેર કર્યો. તેણે સમજાવ્યું કે આ બે દિગ્ગજ ખેલાડીઓ નેટમાં પણ તેને પડકાર આપે છે. તેણે કહ્યું, "જ્યારે વિરાટ અને રોહિત નેટમાં બેટિંગ કરે છે, ત્યારે સોફ્ટ બોલિંગ માટે કોઈ જગ્યા નથી.

# ન્યૂઝીલેન્ડ ૩૮ વર્ષમાં પહેલી વાર ભારતમાં વનડે શ્રેણી જીત્યું સાત વર્ષ પછી યજમાન ટીમ ઘરઆંગણે શ્રેણી હારી ગઈ



નવીદિલ્હી,

૩૮ વર્ષ પછી, ન્યૂઝીલેન્ડે ભારતીય ધરતી પર ઈતિહાસ રચ્યો. ઈન્દોરના હોલકર સ્ટેડિયમ ખાતે રમાયેલી ત્રીજી અને નિર્ણાયક વનડેમાં, કિવીઓએ ભારતને ૪૧ રનથી હરાવીને ત્રણ મેચની શ્રેણી ૨-૧થી જીતી લીધી. આ ન્યુઝીલેન્ડનો ભારતમાં આઠ પ્રયાસોમાં દ્વિપક્ષીય વનડે શ્રેણીમાં વિજય છે, જે અગાઉ ૧૯૮૮ પછી નિષ્ફળ રહ્યો હતો. આ હાર સાથે, ભારતને ઈન્દોરમાં પ્રથમ વનડે હારનો સામનો કરવો પડ્યો, જ્યાં તેણે અગાઉ સતત સાત મેચ જીતી હતી. વધુમાં, ઓક્ટોબર ૨૦૨૨ પછી આ પહેલી વાર બન્યું છે જ્યારે ભારત ટોસ જીતવા છતાં ઘરઆંગણે વનડે હાર્યું હોય. સતત ૧૩ જીતનો આ સિલસિલો પણ તૂટી ગયો.

રવિવારે ઈન્દોરના હોલકર સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં, ભારતે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો. પ્રથમ બેટિંગ કરતા, ન્યુઝીલેન્ડે ડેરિલ મિશેલ અને ગ્લેન ફિલિપ્સની શાનદાર સદીઓને કારણે ૫૦ ઓવરમાં આઠ વિકેટે ૩૩૭ રન બનાવ્યા. લક્ષ્યનો પીછો કરતા, ભારતીય ટીમ ૪૬ ઓવરમાં ૨૯૬ રનમાં ઓલઆઉટ થઈ ગઈ. ભારત માટે વિરાટ કોહલીએ શાનદાર ૧૨૪ રન બનાવ્યા, જ્યારે હર્ષિત રાણાએ ૫૨ રનનું યોગદાન આપ્યું.ભારતની શરૂઆત નબળી રહી. કેપ્ટન રોહિત શર્મા ૧૧ રન બનાવીને આઉટ થયો, જ્યારે શુભમન ગિલ માત્ર ૨૩ રન બનાવી શક્યો. શ્રેયસ ઐયર અને કેએલ રાહુલ પણ નોંધપાત્ર યોગદાન આપવામાં નિષ્ફળ રહ્યા, જેના કારણે ભારતનો સ્કોર ૭૧/૪ થયો. ત્યારબાદ કોહલીએ નીતીશ કુમાર રેડ્ડી (૫૭ બોલમાં ૫૩) સાથે મહત્વપૂર્ણ ભાગીદારી કરીને મેચને જીવંત બનાવી. કોહલીએ ચોક્કસ ડ્રાઈવ, નિયંત્રિત પુલ શોટ અને જરૂર પડ્યે મોટા શોટ સાથે રન રેટ જાળવી રાખ્યો. જ્યારે તેણે પોતાની સદી પૂરી કરી ત્યારે સ્ટેડિયમ તાળીઓથી ગુંજી ઉઠ્યું.

# કૃતિ સેનને કથિત બોયફ્રેન્ડ કબીર બહિયા સાથે પોઝ આપ્યો : નુપુરે પ્રશ્ન પૂછ્યો



મુંબઈ,

કૃતિ સેનન છેલ્લા કેટલાક સમયથી કબીર બહિયાને ડેટ કરી રહી હોવાની અફવા છે. બંનેએ ઘણી વખત એક જ સ્થાન પરથી ફોટા શેર કર્યા છે, જેના કારણે નેટીઝન્સને શંકા છે કે તેઓ ડેટ કરી રહ્યા છે. તાજેતરમાં, કૃતિ સેનનની બહેન, નુપુર સેનન, તેના બોયફ્રેન્ડ, સ્ટેબિન બેન સાથે લગ્ન કર્યા. કૃતિ અને કબીર લગ્નમાં એક જ કારમાં આવતા જોવા મળ્યા હતા. કબીરે હવે લગ્નના ફોટા શેર કર્યા છે. કૃતિ સાથેનો તેમનો એકલો ફોટો સૌથી વધુ ધ્યાન ખેંચી રહ્યો છે.કબીર બાહિયાએ ઈન્સ્ટાગ્રામ પર શેર કરેલા ફોટામાં, તે ત્રીજી સ્લાઈડમાં કૃતિ સાથે જોવા મળે છે. આ ફોટામાં, કૃતિએ ગાઉન પહેર્યો છે, જ્યારે કબીરે સફેદ પોશાક પહેર્યો છે. બીજા ફોટામાં, કબીર હલ્દી સમારંભ દરમિયાન કૃતિ અને વરુણ શર્મા સાથે પોઝ આપતો જોવા મળે છે. એક ફોટામાં, તે વરરાજા સ્ટેબિન સાથે જોવા મળે છે. ફોટા શેર કરતા, કબીરે લખ્યું, "સારી યાદો અને સારા લોકો."નુપુર સેનન આ પોસ્ટ પર ટિપ્પણી કરતા લખે છે, "માફ કરશો? આ કોના લગ્ન છે? હું તેમાં કેમ નથી?" વરુણ શર્માએ ટિપ્પણી કરી, "ભાઈ." સ્ટેબિન બેને પોસ્ટમાં હાર્ટ ઈમોજી ઉમેર્યું.કૃતિ કે કબીર બંનેમાંથી કોઈએ પણ તેમના સંબંધની સત્તાવાર પુષ્ટિ કરી નથી.

## બંને ગયા ઓગસ્ટ મહિનાથી ડેટિંગ કરી રહ્યા હોવાની ચર્ચા

# અભિનેત્રી મૃણાલ ઠાકુર અને ધનુષ વેલેન્ટાઈન ડે પર લગ્ન કરશે?



મુંબઈ,

ધનુષ અને મૃણાલ ઠાકુર ગયા ઑગસ્ટ મહિનાથી ડેટિંગ કરી રહ્યા હોવાની ચર્ચા છે. ત્યારે હવે તેઓ આવતા મહિને લગ્ન કરવાના હોવાના અહેવાલો ફરતા થયા છે. ગયા વર્ષે ઑગસ્ટમાં રિલીઝ થયેલી અજય દેવગન અને મૃણાલની ફિલ્મ સન ઓફ સરદાર ૨ના પ્રીમિયર દરમિયાનનો એક વીડિયો વાયરલ થયો હતો, જેમાં ધનુષ આવતા મૃણાલ તેને રિસીવ કરવા દોડી ગઈ હતી. ત્યારથી મૃણાલ અને ધનુષના સંબંધની અફવાઓ શરૂ થઈ હતી. તે વખતે કેટલાંક અહેવાલો પણ સામે આવ્યા હતા, જેમાં એવો દાવો કરવામાં આવ્યો હતો કે બંને એકબીજાને પ્રેમ કરે છે અને એકબીજાને ડેટ કરી રહ્યાં છે. બાદમાં જ્યારે આ અંગે મૃણાલને પૂછવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું હતું કે ધનુષ તેનાં માટે 'માત્ર સારો મિત્ર' છે અને તેને ફિલ્મનાં સ્ક્રીનિંગ માટે અજય દેવગણે આમંત્રણ આપ્યું હતું. ત્યારબાદ આ અફવાઓ ધીમે ધીમે શાંત પડી ગઈ હતી. હવે ફરી એક વખત મૃણાલ અને ધનુષની કથિત લગ્ન તારીખ અંગેના નવા અહેવાલ ફરતા થયા છે.આ અહેવાલો મુજબ, મૃણાલ ઠાકુર અને ધનુષ આવતા મહિને ૧૪ ફેબ્રુઆરીએ, વેલેન્ટાઈન ડેના દિવસે લગ્ન કરવા જઈ રહ્યા હોવાની ચર્ચા છે. જોકે, ધનુષ અને મૃણાલે આ અંગે કોઈ જ વાત કરી નથી. હવે એ જોવાનું રહ્યું કે મૃણાલ અને ધનુષ લગ્નની તસવીરો શેર કરે છે કે આ અફવાને નકારી કાઢે છે. જોકે, તેમની બંનેની નજીકના એક સુત્રએ થોડા સમય પહેલા એક ઈન્ટરવ્યુ દરમિયાન વાતચીતમાં તેમના સંબંધનો ખુલાસો કરી દીધો હતો.સુત્રએ જણાવ્યું હતું, "હા, તે બંને ડેટિંગ કરી રહ્યા છે. આ સાચી વાત છે. પરંતુ આ બધું હજુ નવું છે અને જાહેરમાં કે મીડિયા સામે તેમના સંબંધને અધિકૃત કરવાનો કોઈ વિચાર નથી. તેમ છતાં, તેઓ બહાર સાથે ફરવામાં કે દેખાઈ જવામાં કોઈ સંકોચ અનુભવતા નથી.

# શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ગં | ણ | પ્ર | ઉ | ર | ન | ર | ળો | મ | ન | ભ | આ |
| ર | મા | ણ | ભો | ઉ | ર | ણ | તી | સ | મ | ર | વ |
| દ | વ | તુ | રી | લ | બં | બ | હિ | રો | દા | મ | બં |
| ર | પ્ર | સા | દ | ક | મ | કા | બા | પ્ર | સ | ર | જી |
| ભ | સા | ચી | ચા | દ | ચા | મ | મ | ળ | મ | ક | જ |
| દ | ળ | ત | મ | ક | ભો | ર | કી | હિ | ભા | ગં | ફ |
| ર | અ | ર | ગ | ર | ગ | સ | મા | મા | જ | કા | ર |
| ભ | પ્ર | ન | લ | ભો | જી | ઊ | ગી | ફ | બ | મા | જ |
| બા | દ | બા | કી | પ્રા | વા | વા | બ | રા | બ | ર | ત |
| બા | કા | ર | મા | ર | ર | દ | ક | લી | ઓ | રો | ર |
| ણિ | ભ | ણિ | કા | ળો | કા | દ | ક્ષ | ળો | કા | કા | રો |
| પ્ર | ક | ક્ષ | રો | મ | ખ | સ | ભા | તી | ગ | ળ | રો |

શબ્દ શોધો

**પ્રમાદ, પ્રસાદ, પ્રામાણિક, ફરજ, બરાબર, બાદબાકી, ભમરો, ભાતીગળ, ભોરલ, મહિમા**

# શાહરૂખ ખાન જોય એવોર્ડ્સ માટે પહોંચ્યા, તેમની ભવ્ય એન્ટ્રીનો વીડિયો શેર કર્યો



મુંબઈ,

બોલીવુડ સુપરસ્ટાર શાહરૂખ ખાને રિયાધમાં જોય એવોર્ડ્સ ૨૦૨૬ માં રેડ કાર્પેટ પર પોતાની સહજ શૈલી અને આકર્ષણનું પ્રદર્શન કર્યું. જોય એવોર્ડ્સના સત્તાવાર સોશિયલ મીડિયા હેન્ડલ દ્વારા શેર કરાયેલા એક વીડિયોમાં, "પઠાણ" સ્ટારે આ કાર્યક્રમનો ભાગ બનવાનો આનંદ વ્યક્ત કર્યો અને કહ્યું કે તે સાઉદી અરેબિયામાં પોતાની રજાઓ ગાળવા માટે ઉત્સુક છે.એસઆરકેએ કહ્યું, "અહીં આવવું હંમેશા સરસ લાગે છે. મને પહેલા એવોર્ડ્સ યાદ છે, અને ત્યારથી, શહેર વધુ સુંદર બન્યું છે, અને પાછા આવવું ખૂબ જ આનંદદાયક છે." સાઉદી અરેબિયામાં તેના ચાહકો તરફથી મળેલા અપાર પ્રેમ અને સમર્થન પર પ્રતિબિંબિત કરતા, તેમણે કહ્યું, "તે અદ્ભુત છે. પહેલી વાર હું અહીં આવ્યો ત્યારથી અત્યાર સુધી, અહીંના લોકો મારા કામને પસંદ કરે છે તે જાણીને ખૂબ જ પ્રોત્સાહક, ખૂબ જ આદરણીય અને ગૌરવપૂર્ણ છે, અને મને તે ગમે છે. મને લાગે છે કે અહીંના દરેક વ્યક્તિ ખૂબ જ મૈત્રીપૂર્ણ, પ્રેમાળ અને સ્વાગત કરનાર છે."

તેમણે ખુલાસો કર્યો કે તેમણે અગાઉ સાઉદી અરેબિયામાં એક ફિલ્મનું શૂટિંગ કર્યું છે અને ત્યાં વધુ સમય વિતાવવાની ઈચ્છા વ્યક્ત કરી છે. તેમણે ઉમેર્યું, "મને સ્થાનો, હું જ્યાં ગયો છું તે દરેક સ્થળ, સંસ્કૃતિ, લોકો અને ખોરાક ખૂબ ગમ્યો છે. અહીં રહેવું ખરેખર સરસ છે. હું ઈચ્છું છું કે હું અહીં વધુ સમય વિતાવી શકું." છેલ્લી વાર મેં લગભગ ૧૨ દિવસ વિતાવ્યા હતા, પરંતુ હવે હું અહીં રહેવા માંગુ છું અને કામ માટે નહીં, પણ વેકેશન માટે આવવા માંગુ છું. ૨૦૨૬ના જોય એવોર્ડ્સમાં હાજરી આપનારા સ્ટાર્સમાં શાહરૂખ ખાન પણ સામેલ હતો.

# રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પૂ. સરસંઘચાલક ડો. મોહનજી ભાગવત રાજકોટમાં : સંવાદ યોજાયો

## પંચ પરિવર્તનના કાર્યો થકી નાગરિકો દેશહિતમાં યોગદાન આપેઃ ડો.મોહન ભાગવત





રાજકોટ,

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પૂ. સરસંઘચાલક ડો. મોહનજી ભાગવતનો રાજકોટમાં સેવાભારતી ભવન ખાતે સૌરાષ્ટ્ર-કચ્છના પ્રતિભાશાળી યુવાનો સાથે સંવાદ કાર્યક્રમ યોજાયો હતો.

યુવાનોને સંબોધતા ડો. મોહનજીએ કહ્યું હતું કે, યુવાનો વિવિધ ક્ષેત્રે દેશ માટે કામ કરે છે, ત્યારે દેશ શું છે તેની સ્પષ્ટ કલ્પના મનમાં હોવી જોઈએ. ભૂતકાળમાં આવો સ્પષ્ટ ખ્યાલ મનમાં ના હોવાથી કે ધૂંધળો પડવાથી દેશ ગુલામ બન્યો હતો. આપણો દેશ ચૈતન્યમય છે, આપણે તેને ભારત માતા કહીએ છીએ, તે કોઈ જમીનનો ભાગ માત્ર નથી. તેનું વિભાજન ન થઈ શકે, તે ભાવ સાથે જોડાયેલો છે.સંઘના સ્થાપક ડો. હેડગેવાર દ્વારા સંઘની સ્થાપના પૂર્વે થયેલા મનોમંથનનો ઉલ્લેખ કરીને તેમણે સંઘની સ્થાપનાની પૂર્વભૂમિકા સ્પષ્ટ કરી. આ સાથે તેમણે કહ્યું કે, સંપૂર્ણ હિન્દુ સમાજને સંગઠિત કરવાના લક્ષ્ય સાથે સંઘ કાર્યરત છે. હિન્દુ શબ્દની વ્યાખ્યા કરતા કહ્યું કે, જેમ બ્રિટનમાં બ્રિટિશ, અમેરિકામાં અમેરિકન તેમ હિન્દુસ્તાનમાં રહેનારા હિન્દુ છે. ભારત અને હિન્દુસ્તાન બંને અલગ નથી, એક જ છે, ભારત એ સ્વભાવ છે. હિન્દુ એ સ્વભાવ છે. હળીમળીને, સાથે, એકતાથી ચાલવાનો સ્વભાવ એ હિન્દુ છે.તેમણે કહ્યું કે, આપણી ભાવના વસુધૈવ કુટુમ્બકમની રહી છે. સનાતન, ભારતીય, ઈન્ડિક, આર્ય, હિન્દુપ બધા સમાન નામો છે.

પણ હિન્દુ શબ્દ સરળ છે અને સહેલાઈથી સમજી શકાય છે. આજે દેશમાં હિન્દુ સમાજને આત્મવિસ્મૃત કરવા માટે ષડયંત્રો ચાલી રહ્યા છે, તેનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે, હિન્દુઓ આદિકાળથી, પરંપરાથી આ ભૂમિ પર રહે છે અને દેશને શક્તિશાળી અને વિકસિત બનાવવાની જવાબદારી સમગ્ર સમાજની છે. આથી સંપૂર્ણ હિન્દુ સમાજને એક કરીને, ગુણવત્તાનું નિર્માણ કરીને વિશ્વ કલ્યાણ માટે દેશને આગળ વધારવાના ઉદ્દેશ્ય સાથે સંઘ નિયમિત રીતે કામ કરી રહ્યો છે.

સંઘની વિશિષ્ટ કાર્યશૈલીનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે, સંઘ શાખાના માધ્યમથી ગુણવત્તાયુક્ત, શ્રેષ્ઠ, નિષ્ઠાવાન સ્વયંસેવકો તૈયાર કરે છે. આવા સ્વયંસેવકો સમર્પણ ભાવ સાથે સમાજના વિવિધ ક્ષેત્રોમાં કામ કરે છે, વિવિધ સેવાકાર્યો કરે છે. પરંતુ તે સિવાય પણ સંઘનું કામ છે. માત્ર તેમને જોઈને સંઘના કામનું મૂલ્યાંકન ન કરી શકાય. સંઘને સમજવા માટે સંઘમાં જ આવવું પડશે. તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે, દેશનું ભાગ્ય બદલવા સમગ્ર સમાજની સક્રિયતા જરૂરી છે. સમાજમાં પણ આચરણનું પરિવર્તન જરૂરી છે.

જો કે બધા લોકો શાખામાં ન આવી શકે, તે ધ્યાનમાં રાખતા સંઘ દ્વારા પંચ પરિવર્તનનો વિચાર રજૂ કરવામાં આવ્યો છે. તેમણે કહ્યું કે, (૧) સામાજિક સમરસતા. (૨) કુટુંબ પ્રબોધન, (૩) પર્યાવરણઃ પાણી બચાવો, પ્લાસ્ટિક હટાવો, વૃક્ષો લગાવો, (૪) સ્વબોધ, સ્વદેશી, (૫) નાગરિક કર્તવ્ય આ પાંચ ક્ષેત્રોમાં કોઈપણ નાગરિક નાના, મોટા કામો કરીને પણ દેશહિતમાં યોગદાન આપી શકે છે. આ કાર્યક્રમના અંતે યુવાનો દ્વારા સંઘ તથા દેશહિત સંબંધિત વિવિધ પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. ડો. મોહનજીએ વિવિધ ઉદાહરણો સાથે યુવાનોની જિજ્ઞાસાઓનું સમાધાન કર્યું હતું. વીકીપીડિયામાં ન વાંચો, સંઘ-સાહિત્યને વાંચો. બીજાના પ્રોપેગેન્ડાના આધારે સંઘને ના સમજી શકાય. જો તમે ઉત્કૃષ્ટ રીતે, નિઃસ્વાર્થ બુદ્ધિથી, પ્રામાણિક રીતે દેશહિતમાં કોઈ કામ કરો છો, તો તમે સંઘનું જ કામ કરો છો, એવું સંઘ માને છે. કાર્યક્રમમાં બહેનોએ નોંધપાત્ર સંખ્યામાં ભાગ લઈ માતૃશક્તિ જાગરણનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમમાં સૌરાષ્ટ્ર પ્રાંતના સંઘચાલક શ્રી મુકેશભાઈ મલકાણ તેમજ અન્ય જવાબદાર કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જિલ્લા પંચાયતની કારોબારી દ્વારા રૂા. ૩૦.૫૫ કરોડના ૫૧ કામોને મંજૂરી

## ૧૨ નવી આંગણવાડીઓ, ૩૨ નવી ગ્રામ પંચાયત બિલ્ડીંગો, ૧ પશુ દવાખાનાનું બિલ્ડીંગ અને ૧૯ રસ્તાઓના કામોનો સમાવેશ થાય છે. કુલ ૧૫ કામો માટે રૂ. ૭.૪૧ કરોડની ફાળવણી કરવામાં આવી




રાજકોટ

રાજકોટ જિલ્લા પંચાયતની કારોબારી સમિતિની એક મહત્વની બેઠક સોમવાર, ૧૯ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોના વિકાસ માટે કુલ રૂ. ૩૦.૫૫ કરોડના ખર્ચે ૫૧ જેટલા વિવિધ કામોને મંજૂરીની મહોર મારવામાં આવી હતી સૌથી વધુ રૂ. ૨૩.૧૦ કરોડના ખર્ચે ૩૨ કામો મંજૂર કરાયા છે. જેમાં ૧૨ નવી આંગણવાડીઓ, ૩૨ નવી ગ્રામ પંચાયત બિલ્ડીંગો, ૧ પશુ દવાખાનાનું બિલ્ડીંગ અને ૧૯ રસ્તાઓના કામોનો સમાવેશ થાય છે. કુલ ૧૫ કામો માટે રૂ. ૭.૪૧ કરોડની ફાળવણી કરવામાં આવી છે. જેમાં ચેકડેમ, કોઝ-વે, તળાવના બ્યુટીફિકેશન અને નહેર રિપેરીંગના કામોનો સમાવેશ થાય છે.પશુપાલન શાખા માટે નવા કોમ્પ્યુટર-પ્રિન્ટરની ખરીદી અને જિલ્લામાં ૭ નવા પશુ દવાખાના સ્થાપવા મંજૂરી અપાઈ છે. આરોગ્ય શાખા હસ્તકના જર્જરિત મકાનોને ઉતારી પાડવા અને નવા માટે બાયોમેડિકલ વેસ્ટ નિકાલની વ્યવસ્થાને પણ બહાલી અપાઈ છે.

કારોબારી સમિતિના ચેરમેન પી.જી. ક્યાડા બીમારીના કારણે ગેરહાજર રહેતા, બેઠકનું સંચાલન કાર્યકારી અધ્યક્ષ વિરલભાઈ પી. પનારા દ્વારા કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીઅનંદુ સુરેશ ગોવિંદ, નાયબ જિલ્લા વિકાસ અધિકારી તેમજ વિવિધ શાખાના અધિકારીઓ અને સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

વિકાસ કામોની સાથે સાથે જિલ્લા પંચાયતના નવા બિલ્ડિંગમાં સ્થળાંતર દરમિયાન થયેલા ખર્ચનો વિવાદ પણ કેન્દ્રસ્થાને રહ્યો હતો. આ મામલે જિલ્લા પંચાયતના ઉપપ્રમુખે નિવેદન આપતા જણાવ્યું હતું કે, સ્થળાંતર ખર્ચ અંગેની તપાસ હવે પૂર્ણ થવાના આરે છે. કાર્યપાલક ઈજનેર ટૂંક સમયમાં આ અંગેનો સત્તાવાર રિપોર્ટ સોંપશે.નોંધનીય છે કે, ૧ કરોડથી વધુના ખર્ચના કામો મંજૂર કરવામાં આવ્યા હતા, જેમાંથી હાલ માત્ર ૧૯ લાખનો જ હિસાબ મળ્યો છે. બાકીના તમામ બિલોની ઝીણવટભરી તપાસ છેલ્લા ત્રણ મહિનાથી ચાલી રહી છે. તપાસ રિપોર્ટ આવ્યા બાદ જ આ વિવાદિત ખર્ચની સત્યતા બહાર આવશે.યુવાનને નશાકારક વસ્તુ સુંઘાડી બેભાન કર્યો હતો, પોલીસે આરોપીને પકડયોઃ આરોપી સામે અપહરણ, હત્યાનો પ્રયાસ સહિતની કલમ હેઠળ ગુનો નોંધાયો

# રાજકોટમાં વોર્ડ નં.૧૮માં કોઠારીયા સોલ્વન્ટ વિસ્તારમાં ડામર કામનો પ્રારંભ





રાજકોટ,

રાજકોટ મહાનગર પાલિકા દ્વારા વોર્ડ નં.૧૮માં કોઠારીયા સોલ્વન્ટ વિસ્તારમાં સીતારામ સોસાયટી, શુભમ સોસાયટીમાં ડામર કરવાના કામનો શુભારંભ ધારાસભ્ય ભાનુબેન બાબરીયાના હસ્તે કરવામાં આવ્યો.

આ ખાતમુહૂર્ત કાર્યક્રમમાં ધારાસભ્ય ભાનુબેન બાબરીયા, કોર્પોરેટર સંજયસિંહ રાણા, સંદીપભાઈ ગાજીપરા, દક્ષાબેન વાઘેલા, ભારતીબેન પરસાણા, પ્રમુખ અનિલભાઈ દોંગા, મહામંત્રી મુન્નાભાઈ જોગરાણા, અગ્રણી યોગુભા રાણા, સુરેશભાઈ ગોલતર, કાળુભાઈ સરપંચ, દિનેશભાઈ કિડીયા, ધર્મેશભાઈ કિહોર, રામભાઈ ડાંગર, દિપકભાઈ ટાંક, મુકેશભાઈ ગઢવી, બાબુભાઈ મકવાણા, ધ્રુવિન જોષી, અનિલભાઈ જોષી, રમેશભાઈ સાગઠીયા, રાજુભાઈ સાગઠીયા, મનોજભાઈ સોલંકી, સોનલબેન સોમૈયા, આશાબેન ગોહેલ, ભારતીબેન ગજેરા, કનકબા, મનીષભાઈ ગમારા, પ્રવિણભાઈ રાવત તેમજ વિસ્તારવાસીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ.

# રાજકોટ શહેરમાં શરદી-તાવ-ઉધરસ-ઝાડા-ઉલ્ટીના ૧૭૫૨ દર્દી નોધાયા

## ૧૭૪૩૬ ઘરોમાં પોરાનાશક કામગીરીઃ મચ્છર ઉત્પતિ સબબ ૧૨૧ને નોટીસ

રાજકોટ, રાજકોટ શહેરમાં મનપાના આરોગ્ય વિભાગમાં આ સપ્તાહે શરદી, તાવ, ઝાડા, ઉલ્ટીના ૧૭૫૨ થી વધુ દર્દી નોંધાયા છે. મચ્છરજન્ય રોગના કેસ નોંધાયા નથી. આ અંગે મ્યુ. કોર્પોરેશનની સતાવાર માહિતી મુજબ તા.૧૨ થી ૧૮ જાન્યુ. સુધીમાં નોંધાયેલ રોગચાળાના કેસની વિગત મુજબ શહેરમાં શરદી-ઉધરસના કેસ ૯૪૭ તેમજ સામાન્ય તાવના ૬૨૫ અને ઝાડા ઉલ્ટીના કેસ ૧૭૯ તથા ટાઈફોઈડના ૧ સહિત કુલ ૧૭૫૨ થી વધુ દર્દીઓ નોંધાયા હતા. જયારે સીઝનમાં શરદી-ઉધરસના કેસ ૩૧૬૧ તેમજ સામાન્ય તાવના ૨૧૪૩ અને ઝાડા ઉલ્ટીના કેસ ૨૧૨ તથા ટાઈફોઈડના ૧ તેમજ કમળાના ૫ કેસ નોંધાયા છે.

રોગચાળા દ્વારા ઉભા થતા જાહેર આરોગ્ય પડકારને પહોંચી વળવા માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તમામ સ્તરે ઘનીષ્ટ પ્રયાસો કરી રહ્યા છે. પોરાનાશક કામગીરી હેઠળ ૧૭૪૩૬ ઘરોમાં પોરાનાશક કામગીરી કરેલ છે તથા ૩૩૨ ઘરોમાં ફોગીંગ કામગીરી કર્યાનો દાવો કર્યો છે. આ કામગીરી હેઠળ રહેણાંક સિવાય અન્ય ૩૪૨ થી વધુ સ્થળોએ મચ્છર ઉત્પતિ સબબ તપાસ કરવામાં આવતા રહેણાંક સહિત મચ્છર ઉત્પતિ દેખાતા ૧૨૧ લોકોને નોટીસ આપવામાં આવી હતી.

# ક્રોમાએ એપલ, સેમસંગ અન્ય કંપનીઓ ઉપર આકર્ષક ડીલ સાથે બ્લોકબસ્ટર રિપબ્લિક ડે સેલની શરૂઆત કરી

રાજકોટ, ભારતના સૌથી વિશ્વસનીય ઓમ્ની-ચેનલ ઈલેક્ટ્રોનિક્સ રિટેઈલર ક્રોમાએ તેનાઆતુરતાથી રાહ જોવાતા રિપબ્લિક ડે સેલની જાહેરાત કરી છે, જેમાં સ્માર્ટફોન, લેપટોપ, ટેલીવિઝન, લાર્જ એપ્લાયન્સિસ અને ઓડિયો પ્રોડક્ટ્સ ઉપર બ્લોકબસ્ટર ડીલ તથા અગ્રણી બ્રાન્ડ્સ ઉપર ઓફર્સ ઉપલબ્ધ છે. ક્રોમાના તમામ સ્ટોર્સ ઉપર આ સેલ શરૂ થઈ ગયો છે, જે ૨૬ જાન્યુઆરી સુધી ચાલશે. ક્રોમા સ્ટોર્સ ઉપર ખરીદી કરતાં ગ્રાહકો બેંક કેશબેક, એક્સચેન્જ બોનસ, સ્પેશિયલ સ્ટુડન્ટ પ્રાઈઝિંગ અને સરળ ઈએમઆઈ વિકલ્પો અનલોક કરી શકે છે, જે તેને વર્ષનો સૌથી વધુ વેલ્યુ-પેક્ડ ઈલેક્ટ્રોનિક્સ સેલ બનાવે છે. તમામ કિંમતો અને ઓફર્સ બ્રાન્ડ, મોડલ, સ્ટોર, દિવસ, શહેર અને ઉપલબ્ધતાને આધારે અલગ-અલગ છે તેમજ બેંક અથવા ફાઈનાન્સ પાર્ટનર્સની લાગુ શરતોને આધીન છે.જે સિઝનની ઓફરને વધુ આકર્ષક બનાવે છે. ઈન્ફિનિટી રિટેઈલ લિમિટેડના પ્રવક્તાએ કહ્યું હતું કે, “રિપબ્લિક ડે ભારતીય પરિવારો માટે ખરીદીની મહત્વપૂર્ણ તક પ્રદાન કરે છે કારણકે ગ્રાહકો તેમના ઘર અને વ્યક્તિગત વપરાશ માટે અર્થસભર અપગ્રેડમાં રોકાણ કરવા માગતા હોય છે. અમારા રિપબ્લિક ડે સેલ સાથે અમે વિવિધ કેટેગરીમાં મજબૂત ઓફર્સ રજૂ કરી છે, જેમાં બેસ્ટ ડીલ અને લાભો ઉપલબ્ધ છે, જેથી ગ્રાહકો આત્મવિશ્વાસથી ખરીદી કરી શકે તથા બેજોડ અનુભવ માટે એક્સપર્ટ ઈન-સ્ટોર દ્વારા વેલ્યુ મેળવી શકે.” ક્રોમા રિપબ્લિક ડે સેલ દેશભરમાં તમામ ક્રોમા સ્ટોર્સ ઉપર ઉપલબ્ધ છે.

# રાજકોટમાં તા.૩૧ના વિશ્વકર્મા જયંતીએ શોભાયાત્રા, સમૂહલગ્નનું આયોજન

## નવ દિવસીય મૂર્તિ સ્થાપન તથા જવારાવ્રત અનુષ્ઠાન મહોત્સવ ઉજવાશે

રાજકોટ, આગામી તા.૩૧મી જાન્યુઆરીના શનિવારે વિશ્વકર્મા જયંતી છે. રાજકોટ ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા શ્રી વિશ્વકર્મા જયંતી નિમિત્તે વિવિધ કાર્યક્રમોના આયોજનો કરાયા છે. જેમાં શોભાયાત્રા, સમૂહ લગ્નોત્સવ, મહા રકતદાન કેમ્પ, જ્ઞાતિ સમૂહ ભોજન (મહાપ્રસાદ) વગેરે યોજાશે. આ પ્રસંગે શ્રી વિરાટ વિશ્વકર્મા પ્રભુજી તથા પાંચ પુત્રો સાથે નવ દિવસીય મૂર્તિ સ્થાપન તથા નવ દિવસ જવારાવ્રત અનુષ્ઠાન મહોત્સવ ઉજવવામાં આવનાર છે.

શ્રી વિરાટ વિશ્વકર્મા પ્રભુજી અને પાંચ પુત્રો સાથે નવ દિવસીય મૂર્તિ સ્થાપન તથા શ્રી વિશ્વકર્મા પ્રભુજી નવ દિવસીય જવારા વ્રત અનુષ્ઠાનનો આગામી તા.૨૩મીના શુક્રવાર (વસંત પંચમી)થી પ્રારંભ થશે જેમાં દરરોજ સવારે ૮-૩૦ કલાકે પૂજન તથા યજ્ઞ, દરરોજ રાત્રે ૮ વાગે સમૂહ, મંત્રજાપ તથા મહાઆરતી યોજાશે. વિશ્વકર્મા ધર્મ પ્રચારક-અમદાવાદના સંજયભાઈ તલસાણીયાનો વિશેષ સહયોગ મળ્યો છે. અનુષ્ઠાન શ્રી વિશ્વકર્મા ધામ, શાસ્ત્રી મેદાન, લીમડા ચોક, રાજકોટ ખાતે યોજાશે. વિશ્વકર્મા જયંતીના દિવસે તા.૩૧મીના ભવ્ય શોભાયાત્રાનું ગુર્જર સુતાર જ્ઞાતિ રાજકોટ દ્વારા આયોજન કરવામાં આવેલ છે. તેમજ આ દિવસે સમૂહ લગ્નોત્સવ યોજાશે. સમૂહ લગ્ન વિશ્વકર્મા ધામ, શાસ્ત્રી મેદાન ખાતે યોજાશે.

તા.૩૧મીના વિશ્વકર્મા પ્રભુજીના મંદિરે મંગલ કાર્યક્રમ

ગુર્જર સુતાર જ્ઞાતિનું રાજકોટમાં દિવાનપરામાં શ્રી વિશ્વકર્મા પ્રભુજીનું મંદિર આવેલું છે. તા.૩૧ના શનિવારના મંદિરે સવારે ૬ વાગે ધજારોહણ, સવારે ૬-૩૦ કલાકે મંગળા આરતી, બપોરના બાર વાગે જવેરા તથા શ્રી વિશ્વકર્મા પ્રભુજીની શોભાયાત્રાનું સમાપન થશે. બપોરના ૧૨-૧૫ કલાકે રાજભોગ આરતી તથા સવારના ૮ વાગ્યાથી રાત્રીના આઠ વાગ્યા સુધી મહારકતદાન શિબિરનું આયોજન કરવામાં આવેલ છે.

### સમૂહ લગ્નોત્સવ

તા.૩૧મીના શનિવારે વિશ્વકર્મા ધામ, શાસ્ત્રી મેદાન ખાતે બપોરના ૨ વાગે સામૈયું, બપોરના ૩-૩૦ કલાકે હસ્ત મેળાપ, સાંજે ૬-૧૫ કલાકે સમૂહ આરતી તથા સાંજના ૬-૩૦ કલાકે જ્ઞાતિ સમૂહ ભોજન (મહાપ્રસાદ) તથા રાત્રે ૭-૧૫ કલાકે કધયા વિદાય થશે. બપોરના ૨થી રાત્રીના નવ સુધી મહારકતદાન શિબિરનું આયોજન કરવામાં આવેલ છે.

### શોભાયાત્રાનો રૂટ

તા.૩૧મીના શનિવારે જવેરા તથા વિશ્વકર્મા પ્રભુજીની શોભાયાત્રા શાસ્ત્રી મેદાનથી સવારે ૮-૩૦ કલાકે શરૂ થશે જે માલવિયા ચોક, ગોંડલ રોડ, લોધાવાડ ચોક, બોમ્બે હોટલ, પેલેસ રોડ, ભૂપેન્દ્ર રોડ, દિવાનપરા શ્રી વિશ્વકર્મા પ્રભુજી મંદિરે બપોરના ૧૨ વાગે યાત્રાનું સમાપન થશે.

### નવ દિવસીય જવારા વ્રત અનુષ્ઠાન

વિશ્વકર્મા ધામ, શાસ્ત્રી મેદાન, લીમડા ચોક, રાજકોટ ખાતે તા.૨૩મીના શુક્રવાર વસંત પંચમી)ના સવારના નવ વાગે શ્રી વિરાટ વિશ્વકર્મા પ્રભુજી તથા પાંચ પુત્રો સાથે નવ દિવસીય મૂર્તિ સ્થાપન તથા વિશ્વકર્મા પ્રભુજી નવ દિવસીય જવારા વ્રત અનુષ્ઠાન મહોત્સવનો પ્રારંભ થશે. દરરોજ સવારે ૮-૩૦ કલાકે પૂજન તથા યજ્ઞ રાતે ૮ વાગે સમૂહ મંત્ર જાપ તથા મહાઆરતી થશે.

તા.૨૩મીના શુક્રવારે રાત્રે ૯થી ૧૦-૩૦ જવારા વ્રત ઉત્સવ અંતર્ગત ધર્મ પ્રચારક સંજયભાઈ તલસાણીયા દ્વારા પ્રવચન તા.૨૪મીના રાત્રે ૯થી ૧૦-૩૦ વિશ્વકર્મા બાળ મંડળના બાળકોનો કાર્યક્રમ, સ્પર્ધાઓ, તા.૨૫મીના રવિવારે બપોરે સર્વરોગ નિદાન કેમ્પ યોજાશે. જેમાં ગુર્જર સુતાર જ્ઞાતિના ડોકટરો સેવા આપશે. બપોરના ૪થી ૭ ગુર્જર સુતાર જ્ઞાતિ રાજકોટ પ્રેરિત દાદાની દીકરી ગ્રુપ દ્વારા બહેનો માટેની સ્પર્ધા યોજાશે. રાત્રે ૯થી ૧૦-૩૦ સુધી વિશ્વકર્મા ધુન મંડળ (ભાઈઓ) ભજનનો કાર્યક્રમ સાથે રાષ્ટ્રીય મતદાર દિવસની ઉજવણી અંતર્ગત કાર્યક્રમ રજૂ થશે.

તા.૨૬ના રાત્રે ૯થી ૧૦-૩૦ ‘વિશ્વકર્મા ધ યુનિવર્સલ’ વિશ્વકર્મા વંશજ હોવાનું ગૌરવ થાય તેવી વાતો સુરેન્દ્રનગરના લેખક-વકતા દિનેશભાઈ ગજ્જર પ્રસ્તુત કરશે. તા.૨૭ના રાત્રે ૯થી ૧૦-૩૦ શ્રીનાથજી સત્સંગ, તા.૨૮ના રાત્રે ૯થી ૧૦-૩૦ વિશ્વકર્મા મહિલા ધૂન-કીર્તન સત્સંગ, તા.૨૯ના રાત્રે ૯થી ૧૦-૩૦ વિશ્વકર્મા ડાયરો તથા તા.૩૦મીના રાત્રે ૯થી ૧૦-૩૦ રાસ-ગરબાનો કાર્યક્રમ યોજાશે. ગુર્જર સુતાર જ્ઞાતિ રાજકોટના પ્રમુખ રસિકભાઈ બદ્રકિયા, મુકેશભાઈ વડગામા, પ્રદીપભાઈ કરગથરા, મિતેષભાઈ ધાંગધરિયા, હર્ષદભાઈ બકરાણીયા, જગદીશભાઈ સોંડાગર તથા ટ્રસ્ટીઓ, કારોબારી સભ્યો મહોત્સવને ભવ્ય બનાવવા જહેમત ઉઠાવી રહ્યા છે.

# શુક્રવારથી રાજકોટમાં રાજયકક્ષાની જુનિયર હોકી સ્પર્ધાનો પ્રારંભ

## ૧૨ જિલ્લાની ટીમો ભાગ લેશે : સ્પર્ધાના અંતે રાજયની હોકી ટીમની પસંદગી કરાશે

રાજકોટ,

આગામી તા. ૨૩ થી ૨૬ દરમિયાન રાજકોટ ખાતે ગુજરાત રાજયહ જુનિયર હોકી સ્પર્ધા-૨૦૨૬નું ભવ્ય આયોજન થવા જઈ રહ્યું છે.હોકી પ્રત્યો યુવાનોમાં ઉત્સાહ વધારવા તથા પ્રતિભાશાળી ખેલાડીઓને રાજય અને રાષ્ટ્રીયસ્તરે આગળ લાવવાના હેતુથી યોજાયેલ આ સ્પર્ધામાં ગુજરાત રાજ્યીના વિવિધ લગભગ ૧૨ જિલ્લાઓમાંથી જુનિયર હોકી ટીમો ભાગ લેશે.

ચાર દિવસ ચાલનારી આ સ્પર્ધામાં યુવાન ખેલાડીઓ પોતાની કુશળતા, રમતગમતની શિસ્ત અને ટીમ સ્પિરિટનું શ્રેષ્ઠ પ્રદર્શન કરશે. સ્પર્ધામાં ભાગ લેનારા તમામ ખેલાડીઓ માટે રહેવાની વ્યવસ્થા સ્પાટ્ર્સ ઓથોરિટી ઓફ ગુજરાત તરફથી અને જમવાની સંપૂર્ણ વ્યવસ્થા હોકી ગુજરાત દ્વારા કરવામાં આવી છે. જયારે સ્પર્ધા માટેની અન્ય તમામ વ્યવસ્થા જયોતિ સીએનસી ઓટોમેશન લીમીટેડ તરફથી કરવામાં આવશે. તેમજ રાજકોટ મહાનગરપાલિકાનો વેન્યુ પાર્ટનર તરીકે સહયોગ પ્રાપ્ત થયો છે.

આ સમગ્ર આયોજનને સફળ બનાવવા આ તમામ સંસ્થાઓનો મહત્વપૂર્ણ સહયોગ પ્રાપ્ત થયો છે. આ સ્પર્ધાનું એક વિશેષ મહત્વં એ છે કે, આમાંથી ગુજરાત રાજ્ય જુનિયર હોકી ટીમની પસંદગી કરવામાં આવશે. પસંદ થયેલા ખેલાડીઓ આગામી સમયમાં રાજયનું પ્રતિનિધિત્વ કરશે.

આ સ્પર્ધાના સફળ આયોજન માટે હોકી ગુજરાતના વાઈસ પ્રેસિડેન્ટ મહેશ દિવેચાના માર્ગદર્શન હેઠળ હોકી ગુજરાતના પ્રમુખ આર. વી. શેલાર, સેક્રેટરી વિજય કાર્પે, હોકી રાજકોટના વિક્રમસિંહ રાણા, વિનેશ પટેલ, યોગીન ચણીયારા, જયદેવસિંહ જાડેજા, મનીષ ત્રિવેદી, કૌશિક સોલંકી તેમજ સ્પોર્ટ્સન ઓથોરિટી ગુજરાતના કુ. રમાબેન મદ્રા, સ્પોર્ટસ ઓથોરિટી ગુજરાતના વીરેન્દ્રસિંહ જાડેજા, અહેસાસ ટ્રસ્ટના નિલ સંઘવી, કુ. કિન્નરી પટેલ, મહેન્દ્ર પંચાસરા, મૌતિક ત્રિવેદી, હિમાંશુ શાપરિયા તેમજ રાજકોટ મહાનગર પાલિકાના રાજદિપસિંહ જાડેજા દ્વારા જહેમત ઉઠાવવામાં આવી રહી છે.

# જુનાગઢમાં માંગનાથ રોડ પરની ગીર્દીમાં માતાથી વિખુટા પડી ગયેલા બાળકને પોલીસે શોધી કાઢયો



જુનાગઢ,

જુનાગઢની પોલીસ લુખ્ખા-મવાલીયો ગુન્હેગારો ઉપર શક્ષ વલણ રાખી કાયદાનું ભાન કરાવે છે. સાથે ફરજ પર માનવતા દાખવાના બનાવો સામે આવતા હોય છે. જુનાગઢ રેન્જના પોલીસ મહાનિરીક્ષક નિલેષ જાજડીયા અને પોલીસ અધિક્ષક સુબોધ ઓડેદરાની કડક હાથે કામ લેવા સાથે પોલીસ આમ પ્રજાની મીત્ર છે .

તેવી કામગીરી કરવાની શીખ આપતા નાયબ પોલીસ અધિકારી હીતેષ ધાંધલ્યાના માર્ગદર્શન નીચે ગઈકાલે એ ડીવીઝન પીઆઈ વી.જે.સાવજ તેમજ સ્ટાફે સરાહનાભરી કામગીરી કરી હતી.

જુનાગઢ મજેવડી દરવાજા, ચુનારાવાસમાં રહેતી મહિલા એ ડીવીઝન પોલીસ સ્ટેશનમાં આવેલ તે ગભરાયેલ ચિંતામાં હોય તેને ઓફીસમાં બેસાડી રડતા હૈયે તેની વાત સાંભળી માંગનાથ રોડની ભારે ગીરદીમાં તેમનો પુત્ર ચંદુ (ઉ.૫) વાળો આંગળી મુકાઈ જવા પામેલ.

# ગ્રીનલેન્ડ લાખો ટન ખનિજ પર ટ્રમ્પ-પુતિન-જિનપિંગની નજર

## આર્કટિકનો બરફ પીગળવાથી હુમલાનો ખતરો વધ્યો

નુઉક

અમેરિકા અને રશિયાની વચ્ચે આવેલું ગ્રીનલેન્ડ હવે ધીમે ધીમે ખૂબ જ મહત્વપૂર્ણ વિસ્તાર બનતું જઈ રહ્યું છે. તેનું સૌથી મોટું કારણ છે દુનિયાનું ગરમ થવું અને આર્કટિકમાં બરફનું પીગળવું. જ્યારે બરફ ઓછો થઈ રહ્યો છે, ત્યારે ત્યાં નવા દરિયાઈ માર્ગો ખુલી રહ્યા છે અને જમીનની નીચે છુપાયેલા સંસાધનો પણ સામે આવી રહ્યા છે.

આ જ કારણથી ગ્રીનલેન્ડ હવે સેના, વેપાર અને કુદરતી સંસાધનોની દ્રષ્ટિએ પહેલા કરતા ક્યાંય વધુ જરૂરી બની ગયું છે. ધ ગાર્ડિયનના રિપોર્ટ અનુસાર, ગ્રીનલેન્ડ દુર્લભ ખનિજોના મામલે દુનિયામાં આઠમા સ્થાને છે અને અહીં લગભગ ૧૫ લાખ ટન ખનિજ ભંડાર હોવાનો અંદાજ છે.

ટ્રમ્પે પોતાના પહેલા કાર્યકાળમાં પણ ગ્રીનલેન્ડને ખરીદવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. ત્યારે તેને ગંભીરતાથી લેવામાં આવ્યું ન હતું. તેને માત્ર રાજકીય નિવેદનબાજી કે દેખાડો માનીને અવગણવામાં આવ્યું હતું. પરંતુ હવે પરિસ્થિતિ ઘણી બદલાઈ ગઈ છે. ટ્રમ્પ હવે તેના પર કબજો કરવાની ધમકી આપી રહ્યા છે. હવે તેને ગંભીર ચેતવણી તરીકે જોવામાં આવી રહ્યું છે. આર્કટિકમાં બની રહ્યા છે વિશ્વના નવા વ્યાપારિક માર્ગો આર્કટિક એવો વિસ્તાર છે, જ્યાં વિશ્વની ઘણી મોટી શક્તિઓ એકબીજાની ખૂબ નજીક આવી જાય છે. અહીં રશિયા, કેનેડા, અમેરિકા અને ગ્રીનલેન્ડ લગભગ સામસામે છે. આ જ કારણોસર આ વિસ્તારને લઈને દેશો વચ્ચે સ્પર્ધા વધી રહી છે.

આ સ્પર્ધાના ત્રણ મોટા કારણો છે- તેલ, ગેસ અને દુર્લભ ખનિજો જેવા કુદરતી સંસાધનોની વધતી જરૂરિયાત વિશ્વભરમાં વધતો ભૂ-રાજકીય તણાવ, જ્યાં દરેક દેશ પોતાની તાકાત બતાવવા માંગે છે

સૌથી મહત્વનું કારણ છે આબોહવા પરિવર્તન દુનિયાના ગરમ થવાથી આર્કટિકનો બરફ ઝડપથી પીગળી રહ્યો છે. જે વિસ્તાર પહેલા બરફને કારણે છુપાયેલો રહેતો હતો, તે હવે ધીમે ધીમે ખુલી રહ્યો છે. એવું લાગી રહ્યું છે.

# ઈરાન પર સાયબર એટેક, ખામેની સરકારે ગુમાવ્યો કંટ્રોલ

## તમામ્ ફ ચેનલો એકસાથે હેક, સ્ક્રીન પર દેખાયા વિરોધીઓના મેસેજ

તેહરાન

ઈરાનમાં થયેલા મોટા સાયબર હુમલા પછી, દેશના તમામ ટીવી સ્ક્રીનો પર અચાનક બદલાયેલી તસવીરો દેખાઈ, જેનાથી સમગ્ર દેશમાં ખળભળાટ મચી ગયો. સામાન્ય રીતે સરકારી કાર્યક્રમો અને સમાચાર ટીવી સ્ક્રીનો પર પ્રસારણ થઈ રહ્યા હતા. જ્યાં હવે વિરોધ પ્રદર્શનો, સરકાર વિરોધી સૂત્રોચ્ચાર અને દેશનિકાલ કરાયેલા નેતા રેઝા પહલવીની અપીલોના ફૂટેજ હવે પ્રસારણ થઈ રહ્યા છે. આ સાયબર હુમલાએ માત્ર ઈરાનની સાયબર સુરક્ષા અંગે સવાલ ઉભા કર્યા ન હતા, પરંતુ લોકોમાં ભય પણ ફેલાવ્યો હતો.

સૂત્રોના જણાવ્યા અનુસાર, ઈરાનની મોટાભાગની મુખ્ય ટીવી ચેનલો હેક કરવામાં આવી



હતી. સરકાર વિરોધી સૂત્રોચ્ચાર, પ્રદર્શનકારીઓના વીડિયો અને રેઝા પહલવીના મેસેજ થોડા સમય માટે સ્ક્રીન પર પ્રસારણ કરવામાં આવ્યા હતા. સોશિયલ મીડિયા પર ફોટા અને વીડિયો શેર કરવામાં આવ્યા હતા, જેના કારણે આ સમાચાર ઝડપથી ફેલાઈ ગયા.

ઘણા લોકો માને છે કે આ કોઈ સામાન્ય ટેકનિકલ ખામી નહોતી, પરંતુ એક સુનિયોજિત સાયબર હુમલાનું પરિણામ હતું. ટીવી સ્ક્રીન પર "તાનાશાહી મુર્દાબાદ" જેવા નારા દેખાયા, જે સૂચવે છે કે આ હુમલો ફક્ત ટેકનિકલ નુકસાન માટે જ નહીં પરંતુ રાજકીય મેસેજ મોકલવા માટે પણ હતો. ઈરાનના છેલ્લા શાહના પુત્ર અને વર્ષોથી દેશનિકાલમાં રહેતા રેઝા પહલવીએ પણ કેટલીક ચેનલો પર અપીલ કરી હતી, જેનાથી સરકાર અને વહીવટીતંત્ર માટે ગંભીર સવાલ ઉભા થયા હતા.

આ હુમલા બાદ, સૌથી મોટો સવાલ એ છે કે ઈરાનની રાષ્ટ્રીય પ્રસારણ વ્યવસ્થાને આટલી સરળતાથી કેવી રીતે હેક કરવામાં આવી. નિષ્ણાતો માને છે કે આ હુમલો એક સંગઠિત અને ટેકનોલોજીની રીતે અદ્યતન જૂથ દ્વારા કરવામાં આવ્યો હોઈ શકે છે. ઈરાન વારંવાર સાયબર હુમલા માટે વિદેશી દેશો, ખાસ કરીને અમેરિકા અને ઈઝરાયલને દોષી ઠેરવે છે. એવું અનુમાન છે કે આ વખતે પણ હુમલા પાછળ બાહ્ય પરિબળોનો હાથ હોઈ શકે છે. આ ઘટનાએ જનતામાં ડર અને ચિંતામાં વધારો કર્યો છે. ઘણા લોકો ચિંતિત છે કે જો દેશની સૌથી મોટી પ્રસારણ ચેનલ હેક થઈ શકે છે, તો વ્યક્તિગત ડેટા અને અન્ય મહત્વપૂર્ણ સેવાઓ પણ જોખમમાં મુકાઈ શકે છે. સોશિયલ મીડિયા પર લોકો આ હુમલાને સરકાર માટે ચેતવણી તરીકે જોઈ રહ્યા છે. કેટલાક માને છે કે આ ઈરાનની સરકાર વિરુદ્ધ જનતાને ઉશ્કેરવાનો પ્રયાસ હોઈ શકે છે, જેને તાજેતરના વર્ષોમાં વિરોધનો સામનો કરવો પડ્યો છે. આ સાયબર હુમલાએ ઈરાનની સુરક્ષાના અનેક મહત્વપૂર્ણ પાસાઓનો પર્દાફાશ કર્યો છે અને એ પણ સૂચવે છે કે ભવિષ્યમાં આવા હુમલાઓ વધી શકે છે, ખાસ કરીને જો સરકાર તેની સાયબર સુરક્ષાને મજબૂત નહીં બનાવે.

# શેરબજારમાંથી વિદેશી રોકાણકારોએ ૨૨,૫૩૦ કરોડ પાછા ખેંચ્યા

મુંબઈ

ભારતીય શેરબજારમાં વિદેશી રોકાણકારો દ્વારા વેચવાલીનો દોર નવા વર્ષમાં પણ ચાલુ છે. વર્ષ ૨૦૨૬ની શરૂઆત સાથે જ જાન્યુઆરીના પહેલા ૧૫ દિવસમાં વિદેશી રોકાણકારોએ સ્થાનિક બજારમાંથી ૨૨,૫૩૦ કરોડના શેર વેચી દીધા છે. ગયા અઠવાડિયે માત્ર ચાર કારોબારી સત્રોમાં જ વિદેશી રોકાણકારોએ ?૧૪,૨૬૬ કરોડની વેચવાલી કરી.



રજાના કારણે ગયું અઠવાડિયું ટૂંકું હતું, તેમ છતાં વેચવાલીની ગતિ ખૂબ જ ઝડપી રહી. માર્કેટ નિષ્ણાતોના મતે વૈશ્વિક સ્તરે વધતા તણાવ અને ભારતમાં શેરના ઊંચા વેલ્યુએશનને કારણે વિદેશી રોકાણકારો પોતાનો પૈસો પાછો ખેંચી રહ્યા છે.

મોટી આઈટી કંપનીઓના ત્રીજા ક્વાર્ટરના પરિણામો અપેક્ષા કરતાં સારા રહ્યા છે. તેમ છતાં બજારમાં તેજી પાછી ફરી રહી નથી. રેલિગેર બ્રોકિંગના અજીત મિશ્રાના મતે, ટેરિફ સંબંધિત અનિશ્ચિતતાઓ અને વિશ્વભરમાં ચાલી રહેલા ભૌગોલિક-રાજકીય તણાવ આઈટી કંપનીઓના સારા પરિણામો પર ભારે પડી રહ્યા છે.

રોકાણકારોમાં એ વાતનો ડર છે કે આવનારા સમયમાં ગ્લોબલ ટ્રેડ પોલિસી કેવી રહેશે, તેથી તેઓ નફાખોરી કરી રહ્યા છે.

ડિસેમ્બર ૨૦૨૫માં વિદેશી રોકાણકારોએ ૨૨,૬૧૧ કરોડના શેર વેચ્યા હતા. જો આખા વર્ષ ૨૦૨૫ની વાત કરીએ, તો વિદેશી રોકાણકારોએ ભારતીય બજારમાંથી કુલ ૧,૬૬,૨૮૬ કરોડની ઉપાડ કરી છે. આ બજાર માટે એક મોટું દબાણ બની રહ્યું છે, જેના કારણે છેલ્લા કેટલાક મહિનાઓથી સેન્સેક્સ અને નિફ્ટીમાં ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે.

માર્કેટ એક્સપર્ટ વી કે વિજયકુમારે વિદેશી રોકાણકારોના આ વર્તન પાછળ ત્રણ મુખ્ય કારણો જણાવ્યા છે:

ઉચ્ચ વેલ્યુએશનઃ ભારતીય શેરબજાર અન્ય ઉભરતા બજારોની સરખામણીમાં ખૂબ મોંઘું થઈ ગયું છે. વિદેશી રોકાણકારોને લાગે છે કે હવે અહીંથી વધુ નફો કમાવવો મુશ્કેલ છે.

AI ટ્રેન્ડની અસરઃ દુનિયાભરમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) સંબંધિત કંપનીઓમાં રોકાણ વધી રહ્યું છે. રોકાણકારો ભારત જેવા પરંપરાગત બજારોમાંથી પૈસા કાઢીને એવા સેક્ટરમાં રોકાણ કરી રહ્યા છે જ્યાં ભવિષ્યમાં વધુ વૃદ્ધિ દેખાઈ રહી છે. રૂપિયામાં નબળાઈઃ સતત વેચવાલીના કારણે અમેરિકી ડોલર સામે ભારતીય રૂપિયો ઘણો નબળો પડ્યો છે. આનાથી વિદેશી રોકાણકારોના નફા પર અસર પડે છે, તેથી તેઓ સુરક્ષિત રીતે બહાર નીકળવાનો પ્રયાસ કરી રહ્યા છે.

સાવચેતીપૂર્વક રોકાણ કરો રેલિગેર બ્રોકિંગના અજીત મિશ્રાએ રોકાણકારોને સલાહ આપી છે કે હાલમાં બજારનું વાતાવરણ મિશ્ર છે. વૈશ્વિક અને સ્થાનિક બંને મોરચે અનિશ્ચિતતા પ્રવર્તી રહી છે. આવી સ્થિતિમાં, રોકાણકારોએ વધુ પડતી ઉધાર લેવાથી અથવા મોટા દાવ લગાવવાથી બચવું જોઈએ. તેમણે સૂચવ્યું કે આ સમયે ફક્ત સારી ગુણવત્તાવાળા 'લાર્જ-કેપ' અને મોટા 'મિડકેપ' શેરો પર જ ધ્યાન આપવું જોઈએ. ખાસ કરીને તે ક્ષેત્રોમાં રોકાણ કરવું સુરક્ષિત હોઈ શકે છે જ્યાં સંસ્થાકીય રોકાણકારોની રુચિ જળવાઈ રહી છે.

# બદ્રીનાથ ધામના દરવાજા ખોલવાની તારીખ વસંત પંચમીના શુભ દિવસે નક્કી કરવામાં આવશે

બદ્રીનાથ,

પરંપરા મુજબ, બદ્રીનાથ ધામના દરવાજા ખોલવાની તારીખ શુક્રવાર, ૨૩ જાન્યુઆરી, વસંત પંચમીના રોજ નરેન્દ્ર નગર સ્થિત ટિહરી રાજ દરબારમાં નક્કી કરવામાં આવશે. બદ્રીનાથ-કેદારનાથ મંદિર સમિતિના પ્રમુખ હેમંત દ્વિવેદીએ જણાવ્યું હતું કે બીકેટીસીએ આગામી ચારધામ યાત્રાને ધ્યાનમાં રાખીને અને કપાટ ખોલવાની તારીખ નક્કી કરવા માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે. એકવાર ખુલવાની તારીખો નક્કી થઈ જાય, પછી યાત્રાની કાર્ય યોજનાઓને અંતિમ સ્વરૂપ આપવામાં આવશે.



બીકેટીસી મીડિયા ઈન્ચાર્જ ડૉ. હરીશ ગૌરે માહિતી આપી હતી કે બદ્રીનાથ ધામના કપાટ ખોલવાની તારીખ નક્કી કરવા માટે એક ધાર્મિક સમારોહ ૨૩ જાન્યુઆરીએ સવારે ૧૦:૩૦ વાગ્યે નરેન્દ્ર નગરના ટિહરી પેલેસ ખાતે શરૂ થશે.

આ વર્ષે બદ્રીનાથ ધામના કપાટ ખોલવાની તારીખ જાહેર કરવામાં આવશે. ગડુ ઘડા તેલ કળશ યાત્રાની તારીખ પણ નક્કી કરવામાં આવશે. સમારોહમાં, રાજપુરોહિત આચાર્ય કૃષ્ણ પ્રસાદ ઉનિયાલ મહારાજા મનુજયેન્દ્ર શાહની જન્મકુંડળીની તપાસ કરીને અને પંચાંગની ગણતરી કર્યા પછી શ્રી બદ્રીનાથ ધામના દરવાજા ખોલવાની તારીખ નક્કી કરશે.

# યુપીમાં ધુમ્મસથી ૭૦ વાહનો અથડાયા, ૧૨ લોકોનાં મોત



ઉત્તર પ્રદેશ

રવિવારે ઉત્તર પ્રદેશના ૫૦ જિલ્લાઓમાં ગાઢ ધુમ્મસ છવાઈ ગયું હતું. ઝીરો વિઝિબિલિટીના કારણે, વિવિધ શહેરોમાં ૭૦ વાહનો અથડાયા હતા. કુલ ૨૨ અકસ્માતોમાં ૧૨ લોકોના મોત અને ૭૫ ઘાયલ થયા હતા. એકલા અમરોહામાં ૧૫ વાહનો અથડાયા હતા. શનિવારે પણ ૧૬ જિલ્લાઓમાં માર્ગ અકસ્માતમાં સાત લોકોના મોત થયા હતા.

હિમાચલ પ્રદેશના તાબોમાં રાજ્યમાં સૌથી ઓછું તાપમાન -૨.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. શનિવારે ઉત્તરાખંડના ચમોલી અને પિથોરાગઢના ઊંચા વિસ્તારોમાં હિમવર્ષા થઈ હતી. બિહારના ૧૮ જિલ્લાઓ માટે ધુમ્મસનું એલર્ટ જારી કરવામાં આવ્યું છે.

૧૫ જિલ્લાઓમાં લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રી સેલ્સિયસથી નીચે હતું. ભાગલપુરના સબૌરમાં સૌથી ઓછું તાપમાન ૫.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. રવિવારે સવારે દિલ્હી ગાઢ ધુમ્મસથી ઘેરાયેલું હતું, લઘુત્તમ તાપમાન ૫.૩ ડિગ્રી સેલ્સિયસ હતું, જે મોસમી સરેરાશ કરતા ૨.૩ ડિગ્રી સેલ્સિયસ ઓછું હતું.

# ગ્વાટેમાલામાં હિંસા બાદ પરિસ્થિતિ વિકટ બની રાષ્ટ્રપતિએ કટોકટીની સ્થિતિ જાહેર કરી

## રાજધાની ગ્વાટેમાલા સિટી અને તેની આસપાસ ગેંગ વોરમાં સાત પોલીસ અધિકારીઓ માર્યા ગયા બાદ નિર્ણય

ગ્વાટેમાલા,

ગ્વાટેમાલાના રાષ્ટ્રપતિ બર્નાર્ડો અરેવાલોએ દેશભરમાં ૩૦ દિવસની કટોકટીની સ્થિતિ જાહેર કરી છે. રાજધાની ગ્વાટેમાલા સિટી અને તેની આસપાસ ગેંગ વોરમાં સાત પોલીસ અધિકારીઓ માર્યા ગયા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. દક્ષિણપશ્ચિમ પ્રદેશમાં ત્રણ મહત્તમ સુરક્ષાવાળી જેલોમાંથી એક પર સુરક્ષા દળોએ ફરીથી નિયંત્રણ મેળવ્યા પછી આ હુમલાઓ થયા હતા, જ્યાં કેદીઓએ એક દિવસ પહેલા રમખાણો કર્યા હતા અને ડઝનબંધ રક્ષકોને બંધક બનાવ્યા હતા. બેરિયો ૧૮ અને મારા સાલ્વાત્રુચા જેવી ગેંગ ગ્વાટેમાલામાં પ્રભાવશાળી છે.

શનિવારે રાત્રે, ગુનાહિત ગેંગના સભ્યોએ ત્રણ જેલો પર કબજો કર્યો હતો અને કુલ ૪૬ રક્ષકો અને સ્ટાફને બંધક બનાવ્યા હતા. આ વિરોધ જેલ વહીવટીતંત્ર દ્વારા કેટલાક કેદ કરાયેલા ગેંગ નેતાઓને તેમના વિશેષાધિકારોથી વંચિત કરવાના નિર્ણય સામે હતો. રવિવારે, સેંકડો રમખાણો વિરોધી પોલીસે એસ્કુઈન્ટલા (રાજધાનીથી લગભગ ૭૬ કિમી દક્ષિણપશ્ચિમ) માં રેનોવાસિઅન જેલ પર દરોડો પાડ્યો અને ત્યાં બંધક બનાવેલા નવ રક્ષકોને મુક્ત કર્યા. જોકે, બે અન્ય જેલોમાં હજુ પણ કેટલાક બંધકો રાખવામાં આવ્યા હતા. સુરક્ષા દળોએ બાદમાં તે જેલો પર પણ ફરીથી નિયંત્રણ મેળવ્યું, બધા ૪૬ બંધકોને મુક્ત કર્યા. જેલો ફરીથી કબજે કર્યા પછી તરત જ ગ્વાટેમાલા સિટીમાં પોલીસ પર હુમલો કરવામાં આવ્યો હતો. ગૃહ પ્રધાન માર્કો એન્ટોનિયો વિલેડાએ જણાવ્યું હતું કે હુમલાઓમાં સાત પોલીસકર્મીઓ માર્યા ગયા હતા અને ૧૦ ઘાયલ થયા હતા. પોલીસે સાત શંકાસ્પદોની ધરપકડ કરી અને બે રાઈફલ અને બે વાહનો જપ્ત કર્યા.

રાષ્ટ્રપતિ અરેવાલોએ રાષ્ટ્રને સંબોધન કરતાં કહ્યું કે કેદીઓએ જેલમાં રમખાણો કર્યા હતા. તેમણે તેને સુરક્ષા દળો અને જનતાને ડરાવવાનું કાવતરું ગણાવ્યું જેથી સરકાર ગેંગ સામેની કાર્યવાહીથી પાછળ હટી જાય. અરેવાલોએ કહ્યું કે ગેંગ દ્વારા આ પડકાર તેમના વહીવટની સુરક્ષા નીતિઓની સફળતાનો સંકેત છે. તેમણે ત્રણ દિવસનો રાષ્ટ્રીય શોક પણ જાહેર કર્યો. ગૃહ પ્રધાન માર્કો એન્ટોનિયો વિલેડાએ ભાર મૂક્યો કે દેશ ગુનેગારો સામે ઝૂકશે નહીં કે તેમની સાથે કોઈ સોદો કરશે નહીં. તેમણે આ માટે સરકારની કડક નીતિને જવાબદાર ગણાવી. તણાવને ધ્યાનમાં રાખીને, શિક્ષણ મંત્રાલયે કહ્યું કે તે વિદ્યાર્થીઓ અને શિક્ષકોની સલામતીને પ્રાથમિકતા આપવા માટે ૧૯મી, સોમવારે દેશભરમાં વર્ગો સ્થગિત કરી રહ્યું છે.

# જમ્મુ-કાશ્મીરમાં આતંકી અથડામણમાં ૮ જવાન ઘાયલ

કિશ્તવાડ

જમ્મુ-કાશ્મીરના કિશ્તવાડમાં રવિવારે બપોરે આતંકવાદીઓ સાથેની અથડામણમાં સેનાના ૮ જવાનો ઘાયલ થયા. અધિકારીઓના જણાવ્યા અનુસાર, ૩ જવાનોને એરલિફ્ટ કરીને સારવાર માટે હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા. આ ઘટના કિશ્તવાડના ઉપરના જંગલ વિસ્તાર સોનારની છે. અહીં સેનાની વ્હાઈટ નાઈટ કોરનું આતંકવાદીઓ વિરુદ્ધ 'ઓપરેશન ત્રાશી-૧' ચાલુ છે. આ દરમિયાન આતંકવાદીઓ સાથે જવાનોની અથડામણ થઈ. બંને તરફથી ફાયરિંગ કરવામાં આવ્યું. ૨-૩ આતંકવાદીઓને જવાનોએ ઘેરી લીધા હતા. ત્યારે આતંકવાદીઓએ ગ્રેનેડથી હુમલો



કર્યો. અધિકારીઓએ જણાવ્યું છે કે આ આતંકવાદીઓ જૈશ-એ-મોહમ્મદ સાથે સંકળાયેલા હોઈ શકે છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, આતંકવાદીઓની શોધખોળ હજુ પણ ચાલુ છે. વિસ્તાર પર ડ્રોનથી નજર રાખવામાં આવી રહી છે. સ્નિફર ડોગ્સની પણ મદદ લેવામાં આવી છે. જમ્મુ-કાશ્મીર પોલીસ, સેના, CRPF સર્ચ ઓપરેશનમાં લાગેલા છે.

# મોટા પાયે નિર્માણ, નિશ્ચિતતા સાથે કાર્ય પૂર્ણતા

## કેવી રીતે સંકલિત શાસન ભારતની ઈન્ફ્રાસ્ટ્રક્ચર ગતિરેખાને પુનઃવ્યાખ્યાયિત કરી રહ્યું છે

છેલ્લા દાયકામાં, ભારતનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર લેન્ડસ્કેપ માળખાગત પરિવર્તનમાંથી પસાર થયું છે, જે માત્ર સંપત્તિના સર્જનથી આગળ વધીને શાસન અને અમલીકરણના આર્કિટેક્ચર સુધી વિસ્તરે છે. આ તબક્કાને અગાઉના ચક્રોથી જે અલગ પાડે છે તે માત્ર રોકાણનું પ્રમાણ કે અમલીકરણની ગતિ નથી, પરંતુ એક સુસંગત, પરિણામ-લક્ષી પ્રણાલીનો ઉદ્ભવ છે જે નીતિગત ઈરાદા, સંઘીય સહયોગ અને જમીની સ્તરના અમલીકરણને એકસાથે લાવે છે. આજે, ભારત નિર્ણાયક રીતે પ્લેટફોર્મ-આધારિત ગવર્નન્સ મોડલ તરફ સંક્રમણ કરી રહ્યું છે, જે ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સ્વતંત્ર પ્રોજેક્ટ્સના સંગ્રહ તરીકે નહીં પણ એક સંકલિત રાષ્ટ્રીય પ્રણાલી તરીકે ગણે છે.

અલગ અલગ પિરયોજનાઓના બદલે, સિસ્ટમ દ્વારા સક્ષમ સ્કેલ રાષ્ટ્રીય ધોરીમાર્ગ નેટવર્કનું વિસ્તરણ, જે ૨૦૧૪માં અંદાજે ૯૧,૦૦૦ કિમી હતું તે ૨૦૨૪ માં ૧.૪૬ લાખ કિમીથી વધુ થયું તે આ પરિવર્તનનું પ્રત્યક્ષ પરિણામ છે. તેટલું જ મહત્વનું નિર્માણની ગતિમાં થયેલો વધારો છે, જે દરરોજ લગભગ ૧૨ કિમીથી વધીને ૩૪ કિમીથી વધુ થઈ છે.

આ ગતિશીલતાને ઘણીવાર ટેકનિકલ સિદ્ધિ તરીકે જોવામાં આવે છે. વાસ્તવમાં, તે પ્રોજેક્ટ્સના પાસાઓને એકીકૃત રીતે સુમેળ સાધવા વિશે છે. તે એવી સિસ્ટમનું પ્રતિબિંબ પાડે છે જ્યાં અવરોધોની અપેક્ષા રાખવામાં આવે છે અને સમયસર ઉકેલ માટે સત્તા આપવામાં આવે છે. જાહેર નીતિના દ્દષ્ટિકોણથી, ઝડપી ડિલિવરી સીધી રીતે વહેલા સામાજિક-આર્થિક વળતરમાં પરિવર્તિત થાય છે. અંતરિયાળ વિસ્તારોને બજારો સાથે જોડવા, આરોગ્ય સંભાળ અને શિક્ષણ સુધીની પહોંચને સક્ષમ બનાવવી અને આપત્તિ પ્રતિભાવ અને રાષ્ટ્રીય સ્થિતિસ્થાપકતાને મજબૂત કરવી. તે લોજિસ્ટિક્સ ખર્ચ ઘટાડીને ઔદ્યોગિક વિકાસમાં પણ મહત્વની ભૂમિકા ભજવે છે. જવાબદારીનું સંસ્થાકીયકરણ: સમીક્ષાથી સમાધાન સુધી આ દાયકાની એક વ્યાખ્યાયિત વિશેષતા સમયબદ્ધ જવાબદારીનું સંસ્થાકીયકરણ છે. PRAGATI ના પરિચયે જટિલ, આંતર-મંત્રાલય પ્રોજેક્ટ્સ કેવી રીતે સંચાલિત થાય છે તેમાં એક મહત્વપૂર્ણ વળાંક ચિહ્નિત કર્યો છે.

અહીં સૌથી મહત્વપૂર્ણ નીતિગત સંકેત સાંસ્કૃતિક છે: વિલંબ હવે સામાન્ય ગણવામાં આવતો નથી, અને માલિકી સ્પષ્ટપણે સોંપવામાં આવે છે. પરિણામે, મોટા અને ટેકનિકલ રીતે પડકારરૂપ પ્રોજેક્ટ્સ, જે એક સમયે લાંબા સમય સુધી જડતાનો ભોગ બનતા હતા. તે હવે આગાહી અને શિસ્ત સાથે આગળ વધી રહ્યા છે. બીજો મહત્વનો ફેરફાર ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડિલિવરીમાં સહકારી સંઘવાદનું મજબૂતીકરણ છે. કેન્દ્ર અને રાજ્યો વચ્ચેના નિયમિત, માળખાગત જોડાણે અમલીકરણના વાતાવરણને બદલી નાખ્યું છે, ખાસ કરીને એવા પ્રોજેક્ટ્સ માટે જે વિવિધ અધિકારક્ષેત્રોમાં ફેલાયેલા છે. આ મોડલ રાષ્ટ્રીય પ્રાથમિકતાઓ પર સંરેખણ સુનિશ્ચિત કરતી વખતે બંધારણીય ભૂમિકાઓનો આદર કરે છે. રાજ્યો હવે કેન્દ્ર પુરસ્કૃત પ્રોજેક્ટ્સના માત્ર નિષ્ક્રિય પ્રાપ્તકર્તા નથી, પરંતુ આયોજન, અમલીકરણ અને પરિણામ વ્યવસ્થાપનમાં સક્રિય ભાગીદાર છે. તેનું પરિણામ ઝડપી સર્વસંમતિ નિર્માણ, વિવાદોમાં ઘટાડો અને જમીની સ્તરે સરળ અમલીકરણ છે.

ઉદ્યોગના દ્દષ્ટિકોણથી, આ અનુમાનિતતા અમલીકરણના જોખમને નોંધપાત્ર રીતે ઘટાડે છે. નીતિના દ્દષ્ટિકોણથી, તે ભારતની સંઘીય ડિલિવરી ક્ષમતામાં વિશ્વાસને મજબૂત બનાવે છે. મલ્ટી-મોડલ પ્લાનિંગઃ એસેટ્સ (સંપત્તિ) થી નેટવર્ક સુધી ભારતની ઈન્ફ્રાસ્ટ્રક્ચર વ્યૂહરચના પણ કનેક્ટિવિટીથી સ્પર્ધાત્મકતા તરફ વિકસી રહી છે. રસ્તાઓનું આયોજન હવે અંતિમ બિંદુઓ તરીકે નહીં, પરંતુ વ્યાપક લોજિસ્ટિક્સ અને ગતિશીલતા ઈકોસિસ્ટમમાં સહાયક તરીકે કરવામાં આવે છે. રેલવે, બંદરો, એરપોર્ટ અને શહેરી પરિવહન સાથે ધોરીમાર્ગોનું એકીકરણ, જે ગતિશક્તિ (ખ્રૈજીરક્રૌ) જેવા રાષ્ટ્રીય આયોજન માળખા દ્વારા સમર્થિત છે. જેણે ભારતના લાંબા સમયથી ચાલી રહેલા માળખાગત પડકારોમાંના એકઃ ઊંચા લોજિસ્ટિક્સ ખર્ચને ઉકેલવાનું શરૂ કરી રહ્યું છે.

નીતિ નિર્માતાઓ માટે, આ ફેરફાર એક મહત્વપૂર્ણ પાઠ પર ભાર મૂકે છેઃ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની કાર્યક્ષમતા માત્ર સંપત્તિની ગુણવત્તા દ્વારા જ નક્કી કરવામાં આવતી નથી, પરંતુ આંતર-સંપત્તિ સંકલન દ્વારા નક્કી કરવામાં આવે છે. સંકલિત આયોજન ડુપ્લિકેશન ઘટાડે છે, જાહેર મૂડીને શ્રેષ્ઠ બનાવે છે અને રાષ્ટ્રીય સંપત્તિનો ઉપયોગ સુધારે છે.

રોકાણ અને ઉદ્યોગ માટે આત્મવિશ્વાસનું વળતર સ્પષ્ટ નીતિગત હેતુ, ઝડપી નિર્ણય ચક્રો અને દૃશ્યમાન અમલીકરણ ગતિએ રોકાણકારોની ધારણાઓને નવો આકાર આપ્યો છે. ભારતમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરને હવે સંસ્થાકીય સાતત્ય અને વહીવટી સંકલ્પ દ્વારા સમર્થિત સ્થિર, લાંબા ગાળાના રોકાણની તક તરીકે જોવામાં આવે છે.

EPC ઉદ્યોગ માટે, આ વાતાવરણ ટેક્નોલોજી, યાંત્રીકરણ, સુરક્ષા પ્રણાલીઓ અને કૌશલ્ય વિકાસમાં ઊંડા રોકાણને સક્ષમ બનાવે છે. તે કંપનીઓને અનિશ્ચિતતા સામે રક્ષણ મેળવવાને બદલે આત્મવિશ્વાસ સાથે સ્કેલ માટે યોજના બનાવવાની મંજૂરી આપે છે.

આગામી તબક્કા માટે નીતિગત પ્રાથમિકતાઓ ભારત જેમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિસ્તરણના આગામી તબક્કામાં પ્રવેશી રહ્યું છે તેમ નીતિગત ધ્યાન વોલ્યુમથી મૂલ્ય તરફ સ્થાનાંતરિત થવું જોઈએ. મુખ્ય પ્રાથમિકતાઓમાં નીચેનાનો સમાવેશ થાય છે:

- ફ્રન્ટ એન્ડ પ્લાનિંગ અને ગુણવત્તાયુક્ત DPRs (વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ્સ) પર વિશેષ ધ્યાન.
- જીવનચક્ર આધારિત પ્રોજેક્ટ પ્લાનિંગ, જે શરૂઆતની ડિઝાઈનથી લઈને સંચાલન સુધી ટકાઉપણું અને સ્થિતિસ્થાપકતાનો સમાવેશ કરે છે.
- નિર્ણય લેવાની સમયરેખાને વધુ સંકુચિત કરવા માટે ડિજિટલ ગવર્નન્સ અને ડેટા ઈન્ટિગ્રેશન.
- ટેકનોલોજીનો ઉપયોગ કરીને અમલીકરણની ગુણવત્તા જાળવી રાખવા માટે રાજ્ય અને સ્થાનિક સ્તરે ક્ષમતા નિર્માણ.
- જોખમ-વહેંચણીના માળખા જે નાણાંકીય સમજદારી સાથે ઝડપનું સંતુલન જાળવી રાખે છે.
- સમગ્ર જીવનકૌશલમાં કૌશલ્ય વિકાસ. ભારતની ઈન્ફ્રાસ્ટ્રક્ચર યાત્રા હવે ઈરાદા કે ક્ષમતા દ્વારા મર્યાદિત નથી. આગળનું કાર્ય આ પ્રણાલીઓને વધુ સક્ષમ બનાવવાનું, સંસ્થાકીય સાતત્યનું રક્ષણ કરવાનું અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સર્વસમાવેશક, સ્પર્ધાત્મક અને સ્થિતિસ્થાપક વૃદ્ધિ માટે પાયા તરીકે સેવા આપવાનું ચાલુ રાખે તે સુનિશ્ચિત કરવાનું છે.

- વિનાયક પાઈ

# RMCનો સેનેટરી સબ ઈન્સ્પેક્ટર રૂ.૧ હજારની લાંચ લેતાં રંગેહાથ ઝડપાયો



## સાથી કર્મીની રજાઓ સરભર કરવા જેવી નજીવી બાબતમાં ૨ હજારની લાંચ માંગી

રાજકોટ:રાજકોટ મહાનગરપાલિકામાં ભ્રષ્ટાચાર બંધ થવાનું નામ જ નથી લેતું. અગાઉ ભ્રષ્ટાચારના કારણે અનેક લોકોના જીવ પણ ગયેલ છે. ત્યારે વધું એક એસીબીએ છટકું ગોઠવી સેનેટરી સબ ઈન્સ્પેક્ટરને લાંચ લેતાં રંગેહાથ પકડી પાડ્યા છે.વોર્ડ નંબર ૧૭ (બી) ની વોર્ડઓફિસમાં ફરજ બજાવતા સેનેટરી સબ ઈન્સ્પેક્ટર જીતેન્દ્ર ગડીયલે રજાઓ સરભર કરવા જેવી નજીવી બાબતમાં પણ સાથી કર્મી પાસે રૂ.૧ હજારની લાંચ લેતાં ઝડપાતા મ્યુનિસિપલ કોર્પોરેશન સહિત વિવિધ સરકારી કચેરીઓમાં ખળભળાટ મચી ગયો છે.પ્રાપ્ત વિગત મુજબ, ફરિયાદીની રજાઓ રજિસ્ટરમાં સરભર કરી આપવાના બદલામાં સેનેટરી સબ ઈન્સ્પેક્ટર જીતેન્દ્ર ગડીયલે ૨ હજાર રૂપિયાની લાંચ માંગી હતી. જોકે, રકઝક બાદ એક હજાર રૂપિયા અત્યારે અને બાકીના એક હજાર રૂપિયા ત્રણ દિવસ પછી આપવાનું નક્કી થયું હતું. ફરિયાદી આ લાંચ આપવા માંગતા ન હોવાથી તેમણે આ સમગ્ર વાતચીતનું રેર્કોડિંગ કરી લીધું હતું અને પુરાવા સાથે એસીબીમાં ફરિયાદ નોંધાવી હતી.ફરિયાદના આધારે એસીબી એસપી બળદેવસિંહ વાઘેલાના માર્ગદર્શનમાં ડીવાયએસપી જે. ડી. મેવાડાના સુપરવિઝન હેઠળ પીઆઈ આર. આર. સોલંકી અને તેમની ટીમે છટકું ગોઠવ્યું હતું. અટીકા ફાટક પાસે આવેલી વોર્ડ ઓફિસ નજીક જયારે જીતેન્દ્ર ગડીયલ ફરિયાદી પાસેથી લાંચના એક હજાર રૂપિયા સ્વીકારી રહ્યો હતો, ત્યારે જ એસીબીની ટીમે ત્રાટકીને તેને રંગેહાથ દબોચી લીધો હતો.એસીબીની ટીમને મળેલી આ મોટી સફળતાને પગલે ભ્રષ્ટ કર્મચારીઓમાં ભારે ફફડાટ જોવા મળી રહ્યો છે. એસીબીએ જીતેન્દ્ર ગડીયલની અટકાયત કરી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે. મહાનગરપાલિકાના પાયાના ગણાતા સફાઈ અને આરોગ્ય વિભાગમાં જ અધિકારીઓની આવી શંકાસ્પદ કામગીરી બહાર આવતા તંત્રની ફરીવાર છબી ખરડાઈ છે.

હાલ એસીબીની ટીમે આરોપીના રિમાન્ડ મેળવી તેને ભ્રષ્ટાચારથી વસાવેલ સંપત્તિ અને અન્ય કેટલા લોકો પાસેથી લાંચ લીધી સહિતના મુદાઓની તપાસ આદરી હતી.

# દીકરાની હત્યા કરનાર પિતાને આજીવન કેદની સજા અને ૨૫૦૦૦નો દંડ

## રાજકોટ સેશન્સ કોર્ટે માતાની જુબાનીના આધારે પુત્રની હત્યા નિપજાવનાર પિતાને દોષિત ઠેરવ્યા

રાજકોટ:રાજકોટ સેશન્સ કોર્ટ દ્વારા હત્યા કેસમાં આરોપી પિતાને આજીવન કેદની સજા ફટકારવામાં આવી છે. ગત ૯ માર્ચ, ૨૦૨૩ના રોજ મોડી રાત્રે આરોપી બટુકભાઈ ચનાભાઈ કુકડીયા (ઉ.વ.૫૫) એ તેમના જ પુત્ર મહેશ બટુકભાઈ કુકડીયા (ઉ.વ.૩૧)ની હત્યા નિપજાવી હતી. જે કેસમાં માતાની જુબાની ધ્યાન પર લઈ રાજકોટના અધિક સેશન્સ જજ આઈ.બી. પઠાણ દ્વારા હત્યાના કેસમાં આરોપી પિતાને તકસીરવાન ઠરાવી આજીવન કેદની સજા અને રૂ.૨૫,૦૦૦નો દંડ ફરમાવ્યો છે.ગત ૧૦ માર્ચ, ૨૦૨૩ના રોજ ફરીયાદી રેખાબેન બટુકભાઈ કુકડીયાએ ભાડલા પોલીસ સ્ટેશનમા નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, ૯ માર્ચ, ૨૦૨૩ના રોજ પુત્ર મહેશ કુકડીયા કનેસરા ગામે પોતાની વાડીએ પાણી વાળવા ગયો હતો અને ત્યા વાવેતરની બાજુમા સુઈ જતો હતો.

તે સવારના પાછો ન આવતા માતા પોતાના દિકરાની તપાસ કરવા વાડીએ ગયા હતાં, ત્યાં બ્લેન્કેટ ઉંચું કરીને જોયું તો તેના મોઢામાથી લોહી નીકળતું હતું અને કપાળના ભાગે ચીરો પડી ગયેલો હતો. આ હત્યા રેખાબેનના પતિ આરોપી બટુકભાઈ ચનાભાઈ કુકડીયાએ કરી હોવાનું જણાવ્યું હતું જેના આધારે પોલીસે આરોપી બટુક કુકડીયાની ધરપકડ કરી હતી.પોલીસ તપાસ કરતા જાણવા મળ્યું હતું કે, આરોપી બટુકે લાકડી વડે માથા ઉપર ઘા મારી પુત્ર મહેશની હત્યા નિપજાવી છે જેથી પોલીસે લાકડી કબ્જે કરી હતી અને તેના ઉપર લોહીના ડાઘ જોવા મળ્યા હતા. તપાસ બાદ પોલીસે ચાર્જશીટ રજૂ કરતા કેસ ચલાવવામાં આવ્યો હતો.



કેસ ચાલતા આરોપી પક્ષે બચાવ લેવામાં આવ્યો હતો કે, આ ગુન્હાના કોઈ નજરે જોનાર સાક્ષી નથી તેમજ આરોપીના કપડા ઉપર કોઈ લોહીના ડાઘ નથી, તેથી પુત્રની હત્યા આરોપીએ કરેલ હોવાનુ માની શકાય નહી. જેની સામે સરકાર તરફે જિલ્લા સરકારી વકિલ એસ. કે. વોરાએ રજુઆત કરતા જણાવ્યું હતું કે, મૃતક મહેશ કુકડીયાનું લોહી 'એ' ગૃપનુ છે તેમજ આરોપી બટુકભાઈ કુકડીયાનુ લોહી પણ 'એ' ગૃપનુ છે. તપાસ દરમ્યાન જે લાકડી મળી આવી હતી તે લાકડી ઉપર પણ 'એ' ગૃપનુ લોહી છે. તપાસ દરમ્યાન આરોપી બટુક કુકડીયાએ શોધી આપેલ લાકડી ઉપર 'એ' ગૃપનુ લોહી હોવાનું સામે આવ્યું છે, જે લોહીનુ ગૃપ મૃતક મહેશ કુકડીયાનુ છે.આરોપી બટુક કુકડીયાએ જયારે "એ" ગૃપવાળા લોહી વાળી લાકડી કાઢી આપી ત્યારે તેટલા માત્રથી સાબિત થાય છે કે, આરોપી બટુક કુકડીયાએ જ આ લાકડી વડે પુત્રની હત્યા કરી છે. ગુન્હામા આ લાકડીનો ઉપયોગ કરેલ ન હોય તો આરોપી બટુક કુકડીયાને લોહીના 'એ' ગૃપવાળી આ લાકડી અંગે કોઈ જ જાણ ન હોય. હાલના કેસમા જયારે ફરીયાદી માતા રેખાબેને પોતાના પુત્રની હત્યા પોતાના પતિએ જ કરી હોવાનુ જણાવ્યું છે. ત્યારે આરોપીએ કાઢી આપેલ લાકડી સચોટ પુરાવા તરીકે માન્ય છે.

આરોપી બટુક કુકડીયા પોતે રખડતો ભટકતો રહી હમેશા દિકરાઓ પાસે પૈસાની માગણી કરી કુટુંબને હેરાન પરેશાન કરતો અને તેથી આરોપી પોતાના દિકરાઓ સાથે હમેશા ઝઘડાઓ કરતો. આવા જ કારણસર આરોપીએ પોતાના સગા પુત્રની હત્યા કરી છે. આ પ્રકારનો ખુદ પત્નીનો જ આક્ષેપ હોય ત્યારે આક્ષેપ ખોટો માનવાને કોઈ કારણ નથી.

# કૌભાંડી બેલડીનો ભોગ બનનાર ૮૦ લોકો પોલીસ પાસે પહોંચ્યા : હજુ આંકડો આભને આંબશે

## મુખ્ય સૂત્રધાર વિજય પકડાયા બાદ મોટા રાજ ખુલશે

રાજકોટ:રાજકોટનું નામી વડાલીયા ફુડસ કંપનીના માલિક અને પરિવાર સાથે રૂા. ૧૦.૯૯ કરોડની છેતરપીંડી થયાના બનાવ બાદ ભોગ બનનારનો રાફડો ફાટ્યો છે અને ૮૦ જેટલા કરોડો રૂપિયા ગુમાવેલ લોકો ક્રાઈમ બ્રાન્ચે પહોંચતા તેના નિવેદન નોંધી આગળની કાર્યવાહી હાથ ધરાઈ રહી છે. જયારે વિજય માંકડીયા હજું પણ પોલીસ પકડથી દૂર રહેતા તેની શોધખોળ હાથ ધરાઈ છે. જે મામલે ક્રાઈમ બ્રાન્ચ પોલીસ મથકમાં વડાલીયા પરિવારના દર્શનભાઇ રસિકભાઇ વડાલીયાએ નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૯ માં વિજય માકડીયા અને અમિત ભાણવડીયાએ ક્રશર પેઢીમાં રોકાણ કરવાનું જણાવી વાત કરેલ કે અમે બંને દર્શન મીનરલ પેઢી જયેશ સ્ટોન ક્રશર પેઢી, દર્શિત સ્ટોન ક્રશર પેઢી નામે ભાગીદારીમાં કપચીનો વેપાર ધંધો કરીએ છીએ તેમાં તમે પૈસાનું રોકાણ કરો તો તમને વાર્ષિક ૧૨ ટકાના વળતર સાથે તમે રોકાણ કરેલ મુડી સમયમર્યાદામાં પરત કરશું.તેમ જે પૈસાનું રોકાણ કરશો તે અમે અમારી ત્રણેય ક્રશર પેઢીમાં રોકાણ કરશું તેમ જણાવેલ હતું. જે બાદ તેઓએ અને તેમના પરિવારે ત્રણ ભાગીદારી ક્રશર પેઢીમાં કુલ રૂપિયા ૬,૯૦,૬૭,૦૦૦ જમા કરાવેલ હતા. જે રોકાણ કરેલ રૂપિયા વળતર સહિત આ બંને લોકો પાસે માંગતા તેઓ દ્વારા થોડા રૂપિયા આપેલ હતા. તેના વળતર સહિતની રકમ અમે આગળના રોકાણમાં ગણી તે તમામ રકમ વળતર સહિત તમને ચુકવી આપશું. જે વિશ્ર્વાસમાં લઈ રોકાણ પેટેની વળતર રૂા.૧.૮ કરોડ પરત આપેલ, આ સમયગાળા દરમ્યાન રોકાણકારો દ્વારા રોકાણ કરેલ રૂપિયાની માંગણી કરાતા બંને શખ્સોએ શરૂઆતમાં અલગ અલગ બહાના બતાવતા હતા જે બાદ બંનેએ પૈસા પરત આપવાની ચોખ્ખી ના પાડીને કહેલ કે તમારાથી થાય તે કરી લેજો પૈસા આપવાના થતા નથી. ત્યારબાદ બંનેએ ફોન ઉપાડવાનું બંધ કરી દીધેલ અને ઘર જતા ત્યાં પણ મળી આવેલ ન હતા. છેલ્લા એક વર્ષથી બંને મળેલ નથી. જેથી બંને શખ્સોએ તેમની ત્રણે પેઢીમાં રોકાણ કરવાના બહાને રૂા. ૬.૯૦ કરોડ પડાવી લઈ બાદમાં વળતર સહિતના રૂા. ૧૦.૯૯ કરોડ પરત ન કરી છેતરપીંડી આચરતા ફરીયાદ નોંધાવી હતી. ગુનાની ગંભીરતા જોઈ શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, એડી. સીપી મહેન્દ્ર બગરીયા, ડિસીપી (ક્રાઇમ) જગદીશ બાંગરવા, એસીપી (ક્રાઇમ) ભરત બસીયા દ્વારા આરોપીઓને પકડવાની આપેલ સૂચનાથી ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ સી.એચ.જાદવના માર્ગદર્શન હેઠળ આરોપી અમીત રમેશ ભાણવડીયાને દબોચી લઈ પાંચ દિવસના રિમાન્ડ મેળવ્યા હતા.વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, આરોપી અમિતે કબુલાત આપી હતી કે, તેને શહેરમાંથી તેમજ અન્ય વિસ્તારમાંથી લગભગ ૫૦૦ કરોડથી વધુની રકમ મેળવી છેતરપિંડી આચરેલ છે. તેમજ તે તમામ રૂપિયા એમસીએક્સ અને તીનપતીના જુગારમાં હારી ગયેલ ઉપરાંત રિયલ એસ્ટેટના ધંધામાં પણ બ્લોક થતા તેમના પૈસા ગુમાવેલ છે. જો કે, ભોગ બનનારનો આંકડો ૩૦૦ થી વધું લોકો અને રકમ ૧૦૦૦ કરોડથી વધુની હોવાનું સામે આવી રહ્યું છે. જે અંગે આજસુધીમાં ૮૦ જેટલા ભોગ બનનાર લોકો ક્રાઈમ બ્રાન્ચ પોલીસ મથકે પોતાનું નિવેદન નોંધાવી ચુક્યા છે.

# પોલીસનું સઘન ચેકીંગ:છરી સાથે રાખી ફરતાં ૧૧ લુખ્ખા ઝડપાયા,૨૦ નશાખોરને પણ દબોચ્યા

રાજકોટ:

શહેરમાં લુખ્ખાઓની હિંમત દિન પ્રતિદિન વધી રહી છે. તાજેતરમાં પોલીસ સ્ટેશન સામે લુખ્ખા તત્વોએ સોડા-બોટલના ઘા થતાં પોલીસ એકશન મોડમાં આવી ગઈ છે. જેના ભાગરૂપે ગઈકાલે પોલીસ દ્વારા કોમ્બિંગ નાઈટ યોજવામાં આવી હતી. જેમાં પોલીસે છરી સાથે ૧૧ શખસોને અને પીધેલી હાલતમાં ૨૦ શખસોને ઝડપી લીધા હતાં. શહેર પોલીસ દ્વારા ગઈકાલે કોમ્બિંગ નાઈટ દરમિયાન ૧૧ શખસોને છરી સાથે અને ૨૦ શખસોને પીધેલી હાલતમાં દબોચી લીધા હતા. જેમાં થોરાળા પોલીસે છરી સાથે ભાવનગર રોડ મયુર નગર મફતિયાપરા મેન રોડ પરથી ધર્મેશ જગદીશ જંજવાડીયા(રહે જુના મોરબી રોડ), એ ડિવિઝન પોલીસે જુબેલી ચોકમાં મયુર તુલસીદાસ સંચાણિયા (રહે મોટી ટાંકી ચોક રાજશ્રી એપાર્ટમેન્ટ), રામનાથ પરા મંદિર પાસે જાહેરમાંથી નિલેશ ભરત પરમાર (રહે ચુનારવાડ કુબલીયાપરા), રામનાથ મહાદેવ મંદિર સામે પાર્કિંગમાં રોડ પરથી વસીમ દિલાવર કુરેશી(રહે રિદ્ધિ સિદ્ધિ સોસાયટી દૂધસાગર રોડ), માલવિયાનગર પોલીસે લક્ષ્મીનગર નાલા પાસેથી ભાવેશ ગણપત મકવાણા (રહે ચામુંડા નગર નાનામાંવા રોડ) અને મવડી પ્લોટ નવલનગર શેરી નંબર ૧૮, વાછરા દાદાના મંદિર પાસેથી મીત સુધીર રાજયગુરુ (રહે નવલ નગર), રાજકોટ તાલુકા પોલીસે પુનિત મટુકી હોલવાળો ૮૦ ફુટ રોડ, સર્વોદય સ્કૂલ પાસે જાહેરમાંથી મનોજ પ્રેમભાઈ સોની (રહે ગુરુજીનગર સયાજી હોટલ નજીક) અને મવડી કણકોટ રોડ, વિઠ્ઠલભાઈ રાદડિયા ચોક પાસેથી દયાસાગર બલભદ્ર તાંડી(રહે ઠાકરધણી હોટલ પાછળ, મોટામાવા ગામ), ગાંધીગ્રામ પોલીસે બ્રહ્મ સમાજ ચોક પાસેથી રોહન મનસુખભાઈ પોકિયા (રહે બ્રહ્મ સમાજ ચોક,નૂરાનીપરા), પ્રદ્યુમનનગર પોલીસે જામનગર રોડ હોસ્પિટલના ગેટ સામે સાવન અશોકભાઈ સોવસીયા(રહે રબારી વિસ્તાર), બી ડિવિઝન પોલીસે ભાવનગર રોડ પાંજરાપોળના પુલ પાસેથી કિરણ બટુકભાઈ પરમાર (રહે કુબલીયાપરા) ને ઝડપી લીધા હતાં.પોલીસની કોમ્બિંગ નાઈટ દરમિયાન અલગ અલગ વિસ્તારમાં ચેકીંગમાં હતી ત્યારે નશો કરી નીકળેલા ૨૦ શખસોને દબોચી લઈ કાયદાનું ભાન કરાવી તેનો નશો ઉતર્યો હતો.

# રાણીંગપર ગામમાં ઘોડા દોડાવવા મુદ્દે થયેલી બબાલમાં લુખ્ખા તત્ત્વોની જાહેરમાં સરભરા?



જસદણ:જસદણ તાલુકાના રાણીંગપર ગામે મકરસંક્રાંતિના દિવસે એક જ પરિવારના ત્રણ સભ્ય પર જીવલેણ હુમલો કરનાર ટોળકીને ભાડલા પોલીસે ઝડપી પાડી કાયદાના પાઠ ભણાવ્યા છે.રાજકોટ જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જરની સૂચનાથી, પકડાયેલા ૧૧ આરોપીઓને રાણીગપર ગામમાં લાવી ઘટનાનું રીકન્સ્ટ્રક્શન કરવામાં આવ્યું હતું અને જાહેરમાં આરોપીઓની શાન ઠેકાણે લવાઇ હતી.ગામની શેરીઓમાં ઘોડા દોડાવી લોકોમાં ભય પેદા કરતા તત્વોને રમેશભાઈ મકવાણાએ ટોકતા આ હુમલો થયો હતો. તા. ૧૪/૦૧/૨૦૨૪ના રોજ રમેશભાઈ અને તેમના ભાઈઓ વાડીએ હતા ત્યારે ભોજપરી, ગુંદા, રાણીગપર અને વેરાવળના અંદાજે ૧૮ જેટલા શખ્સોએ હથિયારો સાથે ધસી આવી હુમલો કર્યો હતો.ગંભીર રીતે ઘવાયેલા રમેશભાઈ, વિપુલભાઈ અને વિજયભાઈ મકવાણા હાલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

ભાડલા પોલીસે આ મામલે હત્યાના પ્રયાસ કલમ ૩૦૭ અને રાયોટિંગનો ગુનો નોંધી નીચે મુજબના ૧૧ શખ્સોની ધરપકડ કરી હતી.

જેમાં ભોજપરી (ચોટીલા) ના આરોપીઓ વિશુભાઈ રોજાસરા, શૈલેષ રોજાસરા, પ્રદીપ રોજાસરા, વલ્લભભાઈ રોજાસરા, રાણાભાઈ રોજાસરા, રાજુભાઈ રોજાસરા તેમજ રાણીગપર ગામના આરોપીઓ વિક્રમ મેરામ રોજાસરા, રવિ વિક્રમ રોજાસરા, જગદીશ વિક્રમ રોજાસરા, રાજેશ વિક્રમભાઈ રોજાસરા અને વેરાવળનો આરોપી કુશાલ લાલજીભાઈ સાબલિયાની ધરપકડ કરી હતી.

# મેટોડાના કુંવામાંથી યુપીના શ્રમિકની લાશ મળી

રાજકોટ:મેટોડાના કુંવામાંથી ઉત્તરપ્રદેશના શ્રમિકની લાશ મળી હતી. લાશ કોહવાયેલી હતી પણ તેની ઓળખ થઈ હતી. મૃતક ઈમરાનભાઈ મહંમદ મોઈન અલી મેટોડાના કારખાનામાં રહેતો. મજૂરી કરતો. ૬ ભાઈ ૧ બહેન પાંચમા નંબરનો અને કુંવારો હતો. તા.૧૨ના રોજ તે ઘરેથી કોઈને કહ્યા વગર નીકળી ગયો હતો.૭ દિવસથી પરિવારજનો તેને શોધી રહ્યા હતા. ગઈકાલે તેની કુંવામાંથી લાશ મળી હતી. મેટોડા પોલીસે મૃતદેહ પીએમ માટે ખસેડ્યો હતો. આપઘાત કર્યો? કે અન્ય કોઈ કારણ? તે અંગે વધુ તપાસ હાથ ધરાઈ છે.

# ચોટીલા પંથકમાં ૧૯ બુટલેગર-અસામાજિક તત્વોના ઘરમાંથી વીજ ચોરી ઝડપાઈ : રૂા.૧.૩૦ કરોડનો દંડ

સુરેન્દ્રનગર: સુરેન્દ્રનગર જિલ્લામાંથી પસાર થતા રાજકોટ-અમદાવાદ નેશનલ હાઈવે આસપાસ દારૂના કટીંગ અને વેચાણ જેવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ વધી જતા લોકલ ક્રાઈમ બ્રાન્ચ તથા સ્થાનિક પોલીસની ટીમોએ પીજીવીસીએલની ૪૩ ટીમોએ સંયુક્ત ઓપરેશન હાથ ધરી ચોટીલા શહેર, નાની મોલડી, જાની વડલા અને કાંધાસરના ૧૯ લિસ્ટેડ બુટલેગર અને સમાજીક પ્રવૃત્તિ સાથે સંકળાયેલા લોકોને ત્યાં દરોડા પાડયા હતા. દરોડા દરમિયાન વીજ ચોરી ઝડપાતા રૂ.૧.૩૦ કરોડનો દંડ ફટકાર્યો હતો. તેમજ ૬ વાહન ડિટેઈન કરી રૂ.૯,૩૦૦નો દંડ પણ વસુલવામાં આવ્યો હતો.

સુરેન્દ્રનગર પોલીસ ટીમ તેમજ પીજીવીસીએલની અલગ અલગ ૪૩ ટીમો દ્વારા નાની મોલડી, જાની વડલા, કાંધાસર અને ચોટીલા શહેરી વિસ્તારમાં પ્રોહીબીશન તેમજ અસામાજીક પ્રવૃતિઓ સાથે સંકળાયેલા શખ્સોના રહેણાંક મકાનો તેમજ તેમના બેસવાના સ્થળો પર કોમ્બિંગ સાથે સાથે વીજ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

દરોડા દરમિયાન અનેક બુટલેગરો ઘરને તાળા મારી ફરાર થઈ ગયા હતા, પરંતુ પોલીસે તાળા તોડી અંદર તપાસ હાથ ધરી હતી. તપાસમાં ચોંકાવનારી વિગતો સામે આવી કે બુટલેગરો સરેરાશ ૨-૨ એસી જેવી આલીસાન સગવડો ગેરકાયદેસર વીજ જોડાણ દ્વારા ભોગવતા હતા. પીજીવીસીએલ દ્વારા આ તમામ જોડાણો કાપી નાખી કુલ ૧ કરોડ ૩૦ લાખ ૯૦ હજારનો તોતિંગ દંડ ફટકાર્યો છે. આ ઉપરાંત ૦૬ વાહનોને ડીટેઈન કરવામાં આવ્યા હતા તેમજ નિયમોના ઉલ્લંઘન બદલ સ્થળ પર રૂ.૯,૩૦૦ નો દંડ પણ વસુલવામાં આવ્યો હતો. આ તમામ શખ્સો સામે અલગ અલગ પોલીસ મથકોમાં પ્રોહીબિશન, મારામારી સહિતના અનેક ગુન્હાઓ પણ નોંધાયા છે.જિલ્લા પોલીસવડાએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે માત્ર દંડથી કામ નહીં ચાલે.



હવે તમામ ૧૯ બુટલેગરોની મિલકતોની વિગતો મંગાવવામાં આવી છે. જો તેમના મકાનો કે બંગલા ગેરકાયદેસર જમીન પર બનેલા જણાશે તો તેના પર ટૂંક સમયમાં બુલડોઝર ફેરવી દેવામાં આવશે. આ કડક સૂચના બાદ મોટાભાગના બુટલેગરો ભૂગર્ભમાં ઉતરી ગયા છે.આ સમગ્ર કામગીરીમાં સુરેન્દ્રનગર પોલીસ વડા પ્રેમસુખ ડેલુ, લીંબડી ડીવાયએસપી, એલસીબી, ચોટીલા અને લીંબડી ડિવિઝનના પીઆઈ, પીએસઆઈ સહિતના પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ, સુરેન્દ્રનગર વર્તુળ કચેરીના અધિક્ષક ઈજનેર એન.એન.અમીન જોડાયા હતા.

કોના ઘરમાં વીજ ગેરરીતિ ઝડપાઇ:(૧) પ્રતાપભાઈ રામભાઈ બસિયા કાઠી (રહે. નાની મોલડી) (૨) ભરતભાઈ રામભાઈ બસિયા કાઠી (રહે. નાની મોલડી) (૩) જયરાજભાઈ બાવકુભાઈ ધાધલ કાઠી (રહે. નાની મોલડી) (૪) દિલીપભાઈ બાવકુભાઈ ધાધલ કાઠી (રહે. નાની મોલડી) (૫) માણસીભાઈ મેરામભાઈ ખાચર કાઠી (રહે. નાની મોલડી) (૬) હરેશભાઈ દાદભાઈ ખાચર કાઠી (રહે. નાની મોલડી) (૭) ભૂપતભાઈ દાદભાઈ ખાચર કાઠી (રહે. નાની મોલડી) (૮) સંજયભાઈ અનકભાઈ ખાચર કાઠી (રહે. નાની મોલડી) (૯) ભીખુભાઈ દાદભાઈ જળુ કાઠી (રહે. નાની મોલડી) (૧૦) વિજયભાઈ જીલુભાઈ ભગત (રહે. નાની મોલડી) (૧૧) જયરાજભાઈ જીલુભાઈ જળુ કાઠી (રહે. નાની મોલડી) (૧૨) ઉમેદભાઈ જેઠુરભાઈ ખાચર કાઠી (રહે. જાનીવડલા) (૧૩) રણુભાઈ અનકભાઈ ખાચર કાઠી (રહે. જાનીવડલા) (૧૪) આલકુભાઈ અનકભાઈ ખાચર કાઠી (રહે. જાનીવડલા) (૧૫) ભીખુભાઈ પીઠુભાઈ ધાધલ કાઠી (રહે. જાનીવડલા) (૧૬) રવુભાઈ જેઠુરભાઈ ધાધલ (રહે. જાનીવડલા) (૧૭) કુલરાજભાઈ શાંતુભાઈ માલા (રહે.ચોટીલા શહેર) (૧૮) ઉદયભાઈ ઉમેદભાઈ ખાચર (રહે. કાંધાસર) (૧૯) સંજયભાઈ ભૂપતભાઈ ખાચર (રહે. કાંધાસર)

# ગોંડલના ભંગારના ધંધાર્થી સાથે રૂ.૨૮.૬૯ લાખની છેતરપિંડી, બે સામે ફરિયાદ

ગોંડલ:ગોંડલના ભંગારના ધંધાર્થી સાથે રૂ.૨૮.૬૯ લાખની છેતરપિંડીનો બનાવ સામે આવ્યો છે. વંથલીના કોયલીના વતની અને જેતપુરમાં ભંગારનો ધંધો કરતાં બારીયા બંધુએ વેપારીને વિશ્વાસમાં લઈ ખાલી ગાડીના વજનની ચિઠ્ઠીમાં ઓછો વજન દેખાડી રૂપીયા પડાવતાં હતાં.બનાવ અંગે ધર્મેશકુમાર ચંદુલાલ ચાંગેલા (ઉ.વ.૪૩) એ નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે હિતેષ ગોવિંદ બારીયા (રહે.કોયલી, વંથલી) અને અમીત બારીયા (રહે. ઉપલેટા) નું નામ આપતાં ગોંડલ તાલુકા પોલીસે છેતરપિંડી સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.વધુમાં ધર્મેશએ જણાવ્યું હતું કે, તેઓ જામવાડી ગામે આવેલ ખાડીયા વિસ્તારમાં જય પેટ ઈન્ટરનેશલ નામનુ પ્લાસ્ટીકના સ્ક્રેપનો ધંધો પંદરેક વર્ષથી કરે છે.દોઢેક વર્ષ પહેલા મીત્ર હીરેનભાઈનો ફોન આવેલ કે, મારા મિત્ર હીતેશભાઈ તથા અમીતભાઈને જેતપુર ખાતે ભંગારનો ડેલો આવેલ છે અને તમારે પ્લાસ્ટીક બોટલ સ્ક્રેપની જરૂર હોય તો આ બંને પ્લાસ્ટીક બોટલનો ભંગાર વેચાણ કરતા હોય છે અને તેઓ તમારા કારખાને આવવા માંગે છે, તમે બન્ને એકબીજા મળી લો, જો એકબીજાને અનુકુળ લાગે તો ધંધો કરજો.આથી તેમની સાથે મુલાકાત કરી હતી અને અમે ધંધો આગળ વધાર્યો હતો.દરમિયાન ધર્મેશે વ્રજ કોલ્ડ એન્ડ વે બ્રીજ માં વજન કરાવતા તેના માલીક હીનુલભાઈ ગજેરાએ આ વજન કાંટો કરણભાઈ તથા દીનેશભાઈ નામના વ્યક્તિને વેચી દીધો હોય તેનું વજન કાંટાનું નામ રાધેશ્યામ કોલ્ડ એન્ડ વે બ્રીજ રાખ્યું હોવાનું જણાવતાં ભંગાર ભરેલા વાહનનું વજન કરાવવા માટે રાધેશ્યામ વે બ્રીજ ખાતે જતા હતા.જો કે બાદમાં ધર્મેશને વજન બાબતે શંકા પડી હતી અને ભંગાર તેમજ ખાલી ગાડીનું વજન કરાવતાં તેમાં ગોલમાલ થયાનું સામે આવ્યું હતું. જેથી વાહનના કારખાને તપાસ કરતા ખાલી ગાડીના વજનમાં ફેરફાર કરી વજન ઓછું બતાવ્યાનું ખુલ્યું હતું અને આ રીતે વેપાર દરમ્યાન આશરે રૂ.૨૮,૬૪,૫૮૫ ની રકમ ઓળવી જઈ છેતરપિંડી આચરી હોવાનું સામે આવતાં પોલીસે ગુનો નોંધી તપાસ આદરી છે.

# ઘાસની ગાંસડી માથે પડતા ભરતભાઈ સરવૈયાનું મોત

રાજકોટ:શહેરના ગોંડલ રોડ પર લોધેશ્વર સોસાયટીમાં રહેતા ૫૮ વર્ષીય ભરતભાઈ ગાંડાલાલ ભાઈ સરવૈયા ગત તા.૭મી જાન્યુઆરીના રોજ મજૂરી અર્થે કોટડા સાંગાણીના ખોખરી ગામે સિમની વિડીમાં સરકારી ઘાસની ગાડી ભરવા માટે ગયા હતા.ટ્રકમાં ઘાસની ગાંસડીઓ ચડાવતાં હોય તે દરમિયાન અચાનક એક ગાંસડી ભરતભાઈના માથે પડી હતી અને તેઓ જમીન પર પટકાયા હતા. જેમાં તેને ગંભીર ઈજાગ્રસ્ત હાલતમાં કોટડા સાંગાણીની સરકારી હોસ્પિટલ બાદ રાજકોટ સિવિલ હોસ્પિટલ દાખલ કરાયા હતા.અહીં લાંબી સારવારમાં રવિવારે સવારે તેમનું મોત નીપજ્યું હતું. ભરતભાઈને સંતાનમાં ૧ પુત્ર અને ૨ પુત્રી છે. તેમજ ૫ બહેન ૪ ભાઈમાં નાના હતા. બનાવના પગલે પરિવારમાં શોક છવાયો હતો.

